

૩

# ટૉલ્સ્ટૉયની ત્રેવીસ વાર્તાઓ

જિતેન્દ્ર દેસાઈ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪.



રશિયાના મહાન સ[illegible] ટૉલ્સ્ટૉય [illegible]ના વાર્તાલેખકોમાં પ[illegible]નુપમ વાર્તાકથનશૈલીને લીધે આગલી હરોળમાં [illegible] છે. એમના યુગના કળાકારોમાં એ [illegible] હતા. પરંતુ એમની કલા એ કલા ખાતર [illegible], જીવન ખાતર હતી. કલાકૃતિનો ધર્મ માનવજીવન ઉન્નત કરવાનો હોવો જોઈએ એવું એ માનતા. એમના વિપુલ સાહિત્યસર્જનમાંની અનેક કૃતિઓ જગતભરના સાહિત્ય-દરબારમાં માનભર્યા સ્થાનની અધિકારી છે.

ટૉલ્સ્ટૉયે આ ત્રેવીસ વાર્તાઓને પોતાનાં સર્વોત્તમ સર્જનોમાં ગણાવી છે. એ વાર્તાઓમાં માનવહૃદયના ગભીરતમ ભાવોનું એમણે અદ્‌ભુત કૌશલથી યથાતથ ચિત્રણ કર્યું છે. માનવમાં વસતી શુભાશુભ લાગણીઓનું, માનવમનમાં મચી રહેતા દેવાસુરસંગ્રામનું બયાન ટૉલ્સ્ટૉયે પોતાની અનુપમ વાણીમાં આપ્યું છે. રુમાનિયાની રાણી કવયિત્રી કાર્મેન સિલ્વાએ ટૉલ્સ્ટૉયની 'ત્રેવીસ વાર્તાઓ' વિષે કહ્યું છે: "આ મહાપુરુષનાં સ[illegible] સર્જનોમાં એની ટૂંકી વાર્તાઓથી હું અત્યંત પ્રભાવિત થઈ છું. એ વાર્તાઓ જેવી સર્વાંગસંપૂર્ણ વાર્તાઓ આજ દિન સુધી લખાઈ નથી, એમ હું માનું છું. એમાં એની શૈલી કરતાંયે એ વાર્તાઓની પવિત્રતા આપણા હૃદયને વધારે સ્પર્શી જાય છે. એમાં ઊંચામાં ઊંચી કલા રહેલી છે અને દાન્તે, શેક્સપિયર કે બાઇબલની જેમ આ વાર્તાઓ પણ સદાકાળ જીવંત રહેવાને સર્જાયેલી છે, કેમ કે એમાં સનાતન સત્યનું નિરૂપણ થયેલું છે. ટૉલ્સ્ટૉયે બીજું કશું ન લખ્યું હોત, અને આટલી વાર્તાઓ લખીને જ સંતોષ માન્યો હોત તોપણ તે જગતભરના મહાન સર્જકોમાં સ્થાન પામ્યા હોત. આ વાર્તાઓના સર્જનકાળે એમને એક પણ હલકો વિચાર સ્પર્શ્યો નહીં હોય, બલ્કે પીડાતી માનવજાતના મિત્ર બનવાની, તેની સાથે તદાકાર થઈ જવાની શુભ ભાવનાએ એમના હૃદયમાં વ્યાપી વળી તેનો કબજો લીધો હશે."

ઉત્તમ કલાકાર હોવા ઉપરાંત, ટૉલ્સ્ટૉય શ્રમ, સદ્‌ભાવ, નીતિ, ભાઈચારો, સત્ય, અહિંસા, અવેર જેવાં માનવજાતના સુખ અને શાંતિને સ્પર્શતાં મૂલ્યોનું જતન કરનાર હોવાથી, એનું સાહિત્ય એ સહજ રીતે જ જીવનોપયોગી સાહિત્ય પણ બની રહે છે, એ એની વિશેષતા છે.

# ટૉલ્સ્ટૉયની ત્રેવીસ વાર્તાઓ

## ભાગ ત્રીજો

અનુવાદક

જિતેન્દ્ર દેસાઈ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

મુદ્રક અને પ્રકાશક
શાંતિલાલ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

This Gujarati edition of Twenty-three Tales by Leo Tolstoy, translated by Louise and Aylmer Maude, is published by arrangement with Oxford University Press.

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૦૦૦
પુનર્મુદ્રણ, પ્રત ૨,૦૦૦

રૂ. ૨.૫૦ ઑગસ્ટ, ૧૯૭૨

# નિવેદન

આજથી બરાબર પાંચ વરસ પર 'લોકજીવન' પાક્ષિક માટે અનુવાદ કરવા જેવી સારી વાર્તાઓ શોધતાં શોધતાં ટૉલ્સ્ટૉયની ત્રેવીસ વાર્તાઓ — Twenty-three Tales—હાથમાં આવી. મૂળ રશિયન ભાષામાં ટૉલ્સ્ટૉયે લખેલી આ વાર્તાઓ મૉડે (Aylmer Maude) અંગ્રેજીમાં ઉતારી છે. એ અંગ્રેજી એટલું સરળ, પ્રવાહી અને વેગવાન છે કે અંગ્રેજીમાં એ વાર્તાઓ વાંચવા લીધા પછી તેને પૂરી કરીને જ ચોપડી પાછી મૂકવાનું મન થાય.

આ ત્રેવીસ વાર્તાઓમાંની ઘણીનું વિષયવસ્તુ એકાદ સનાતન ગણાય તેવા સત્ય પર રચાયેલું છે. એ કારણે લગભગ સો વરસ પર લખાયેલી આ વાર્તાઓ આજે પણ જૂની થયેલી લાગતી નથી. આવી વાર્તાઓને કાળ કે સ્થળની મર્યાદા હોતી નથી. વળી સામાન્ય જીવનમાં વણાયેલું આવું એકાદું સનાતન સત્ય તે એવી તો સહજ રીતે રજૂ કરી દે છે કે વાર્તા પૂરી થતાં, જાણવા છતાં આપણે નથી સમજતા એવી જીવન-ઉપયોગી વાત કે સંસ્કાર આપણા મગજમાં પાકો થઈ જાય છે.

મહાન રશિયન નવલકથાકાર, લેખક અને ધર્મચિંતક મહાત્મા ટૉલ્સ્ટૉયની આ વાર્તાઓની આવી ઉપયોગિતા જોઈને ખુદ ગાંધીજીએ પણ તેમાંની ત્રણેક વાર્તાઓનું સરળ ગુજરાતી રૂપાંતર તેઓ દક્ષિણ આફ્રિકામાં હતા તે સમયે 'ઇન્ડિયન ઓપીનિયન'માં આપ્યું હતું. ત્યાર બાદ એ વાર્તાઓ છૂટી છૂટી પુસ્તકાકારે પણ તેમણે પ્રસિદ્ધ કરેલી.

આવી સારી, સરળ અને સંસ્કાર ઘડવામાં તથા જીવનનાં મૂળભૂત મૂલ્યોને સ્થિર કરવામાં સહેજે સહાયભૂત થાય તેવી વાર્તાઓ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની વાત મેં નવજીવન ટ્રસ્ટના સંચાલકને કરી અને તેમણે તે સ્વીકારી, એટલે મારું કામ આગળ ચાલ્યું. છૂટક સમય કાઢી કાઢીને

લગભગ પૂરાં પાંચ વરસે આ વાર્તાઓનો અનુવાદ મેં પૂરો કર્યો છે અને હવે તે પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે.

મૂળ Twenty-three Tales એક જ પુસ્તકમાં છે. શાળાના વિદ્યાર્થીઓને વાંચવામાં સરળ થાય તેવા કંઈક મોટા ટાઈપમાં એ વાર્તાઓ છાપી, થોડાં ચિત્રો મૂકવાનું વિચાર્યું તેથી એક જ પુસ્તકમાં બધી વાર્તાઓ આપીએ તો પુસ્તકનું કદ ઘણું મોટું થઈ જાય. એ ખ્યાલથી ત્રેવીસ વાર્તાઓને અનુકૂળતા અને વૈવિધ્ય જળવાય તે રીતે ચાર ભાગમાં વહેંચવાની છૂટ લીધી છે. વાર્તાનાં મૂળ મથાળાં પણ વાર્તાના વિષય પ્રમાણે કેટલીક વાર્તાઓ માટે બદલ્યાં છે. તે કારણે, અનુક્રમણિકામાં વાર્તાનાં મૂળ અંગ્રેજી નામો પણ ગુજરાતી નામ સાથે આપ્યાં છે.

આ વાર્તાઓને ગુજરાતીમાં રજૂ કરવાના મારા પ્રયાસને આવકારવા માટે શ્રી કાકાસાહેબ કાલેલકરનો હું હૃદયથી આભાર માનું છું. તેને ગુજરાતીમાં ઉતારવાની રજા આપવા બદલ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસનો પણ નવજીવન ટ્રસ્ટ વતી આભાર માનું છું.

મહાત્મા ટૉલ્સ્ટોયે મૂળ રશિયન ભાષામાં લખેલી આ ચિરંજીવ વાર્તાઓના અંગ્રેજી પરથી તેને ગુજરાતીમાં રજૂ કરવાનો મારો આ પ્રયાસ ઉપયોગી સાબિત થશે એવી મને શ્રદ્ધા છે.

૨૦–૨–'૬૯ જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ

# આવકાર

ટૉલ્સ્ટૉય વિષે અને એના સાહિત્ય વિષે મેં અનેક વાર લખ્યું છે. એટલું જ નહીં પણ ટૉલ્સ્ટૉયના કેળવણી વિષેના આદર્શ માટે પણ મેં એક લાંબો નિબંધ લખ્યો હતો. આજે એ જ ટૉલ્સ્ટૉયે લખેલી ત્રેવીસ વાર્તાઓનું ગુજરાતી રૂપાંતર જોઈ એ મહાન નવલકથાલેખક, સાહિત્યકાર અને ધર્મચિંતક મહાત્મા વિષે ફરી વાર લખવાનો આનંદ અનુભવું છું. યુરોપના સૌથી મોટા સામ્રાજ્ય તળે અને કાંઈક અંશે ધર્મસામ્રાજ્ય તળે પણ ચગદાયેલી રશિયન પ્રજાને આત્મપરિચય અને આત્મજાગૃતિની દીક્ષા આપનાર સમર્થ પુરુષોમાં પણ ટૉલ્સ્ટૉયનું સ્થાન બહુ ઊંચું હતું. ઝાર-શાહીની અંતિમ ક્ષણો અને સામ્યવાદનો અરુણોદય આ બે મહાન ઐતિહાસિક ઘટનાના સંધિકાળમાં ટૉલ્સ્ટૉયનો જીવનક્રમ ફેલાયેલો હતો (૧૮૨૮–૧૯૧૦). રાજનીતિમાં અને ધર્મનીતિમાં મહાન ક્રાંતિ સૂચવનાર લોકોત્તર મનીષી ટૉલ્સ્ટૉય, કળા અને સાહિત્યના આદર્શોમાં પણ ક્રાંતિ કરનારો નીવડયો એમાં આશ્ચર્ય શું ? ટૉલ્સ્ટૉયની સાહિત્યકળાનો મર્મ એની જીવન-કળામાં આપણને જડે છે. ઉમરાવ ખાનદાનમાં જન્મેલો આ મહાત્મા લોકોત્તર જીવનરસિયો હતો. બધાં જાતના વિલાસના અનુભવ કર્યા છતાં એની આદર્શનિષ્ઠા દબાઈ ન ગઈ, ચગદાઈ ન ગઈ. 'જીવનનો અનુભવ લેતો જાય અને જીવનનું રહસ્ય શોધતો જાય' આ જાતની જીવનસાધનાને અંતે એને જીવનનું જે રહસ્ય જડયું તે એણે પોતાના જીવનપ્રયોગોમાં અને વિશાળ સાહિત્યમાં નોંધી રાખ્યું છે.

ઉમરાવ ઘરાણાના રિવાજ પ્રમાણે ટૉલ્સ્ટૉયે જુવાનીમાં ફોજી કાર-કિર્દી પસંદ કરી અને ક્ષાત્રજીવનનો અનુભવ કર્યો. એ જ અરસામાં એણે નાનપણના જીવનના અનુભવો નવલકથાના રૂપમાં લખવાનો પ્રારંભ કર્યો. એટલાથી જ સાહિત્યકાર તરીકેની એની કીર્તિ એટલી ફેલાઈ કે રશિયાના સમ્રાટ ઝારે પોતાની સેનાના શ્રેષ્ઠ લોકોને સૂચના મોકલી કે આવા

વિખ્યાત સાહિત્યકારનું જીવન જોખમમાં આવી પડે એવે ઠેકાણે આને તમે નહીં મોકલતા.

ટૉલ્સ્ટૉયનો સ્વભાવ ધર્મનિષ્ઠ ખરો, પણ ધર્મને નામે ચાલતાં ધતિંગોની એને ચીડ જ હતી. પણ એ ઉપરાંત જે અસંખ્ય રૂઢિઓ અને ધાર્મિક માન્યતાઓ ધર્મમાન્ય ગણાતી એ પણ ધર્મપોષક નથી, ઊલટી સાચી ધર્મભાવનાને બાધક છે એમ જાહેર કરતાં ટૉલ્સ્ટૉયને કોઈ પણ સંકોચ આડે ન આવ્યો.

રશિયાના ખેડૂતોને અર્ધગુલામ સ્થિતિમાં રહેવું પડતું હતું. એ અન્યાય સામે કરુણાશીલ ટૉલ્સ્ટૉયનું હૈયું ઊકળી ઊઠ્યું. એણે પોતાની જમીનદારીમાં જમીન ખેડતા ખેડૂતોને મુક્ત કરવાનું હિંમતભર્યું પગલું ભર્યું, અને પોતાનાં સ્ત્રીપુત્રાદિ કુટુંબીજનોને નારાજ કર્યાં.

ગૃહસ્થજીવનના સારાનરસા, ઊંડા અને છીછરા બધી જાતના અનુભવ લીધા પછી (અને અનુભવ દરમ્યાન પણ) ટૉલ્સ્ટૉયે અનેકાનેક નવલકથાઓ લખી, જેની અંદર રશિયન પ્રજાના બધા સ્તરોનું જીવન પ્રતિબિંબિત થયેલું છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના લૈંગિક (કામોપભોગમૂલક) આકર્ષણના અનેક પ્રકારોનું પૃથક્કરણ ટૉલ્સ્ટૉયે એટલું આબાદ કર્યું છે કે આ કારણે પણ યુરોપના સાહિત્યકારોમાં એને સદાને માટે ઊંચું સ્થાન મળ્યું છે.

વિલાસી જીવનનો અનુભવ, ધર્મપ્રચારની કૃત્રિમતા, સામાન્ય પ્રજાની દયનીય સ્થિતિ અને મનુષ્યજીવનનો સર્વોચ્ચ આદર્શ આ બધાનાં ચિંતનમાંથી ટૉલ્સ્ટૉયના ધર્મવિચારો ઘડાયા. સામાજિક અને આર્થિક ક્રાંતિના ઉપાયો એમને જડ્યા. સ્ત્રી-પુરુષ-સંબંધ કેવો હોય તો જીવન કૃતાર્થ થાય એની કલ્પના એમના મનમાં પરિપક્વ થઈ. માણસજાતનું અંતિમ ધ્યેય શું છે એનું ચિંતન પરિપક્વ થયું અને એમાંથી જ એમનો કળાવિષયક આદર્શ ધર્માભિમુખ થયો. અને તેથી જ યુરોપના સાહિત્યાચાર્યો જે એક વખતે ટૉલ્સ્ટૉયની પૂજા કરતા હતા તે એમનાથી કાંઈક વિરસ થયા.

રશિયામાં ટૉલ્સ્ટૉયના જે ક્રાંતિકારક વિચારો ફેલાયા તેમાંથી પૂરો લાભ ઉઠાવનાર સામ્યવાદીઓ ટૉલ્સ્ટૉય પ્રત્યે આદર પણ બતાવે છે,

અને એનું નેતૃત્વ સ્વીકારવાનો ઈન્કાર પણ કરે છે. રોમે રોલાં જેવા ટૉલ્સ્ટૉયભક્તને કળાની બાબતમાં પણ ટૉલ્સ્ટૉયથી પોતાના આદર્શો કઈ રીતે નોખા પડે છે એ જાહેર કરવું પડ્યું.

આવા એ અદ્વિતીય અનન્યસાધારણ સાહિત્યાચાર્યને બધી કળા વાપર્યા પછી ધર્મપરાયણ લોકોના લોકસાહિત્યના આદર્શ પ્રત્યે અભિરુચિ જાગી અને તેમને સામાન્ય જનતાની બોધપરાયણ લોકશૈલીમાં લખવાનું મન થયું.

ટૉલ્સ્ટૉયે ચોત્રીસ વર્ષની વયે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. પતિ-પત્નીનો પ્રેમ-સંબંધ અતિશય ઉત્કટ. પતિની સાહિત્યપ્રવૃત્તિમાં પણ પત્ની ઉત્સાહ-પૂર્વક ભાગ લે, તે એટલે સુધી કે હજારો પાનાંની ટૉલ્સ્ટૉયની એક નવલકથા એણે ફરી ફરી સુધારવા માટે અનેક વાર લખી આપી હતી. પણ આગળ જતાં પતિના બધા જ આદર્શો અનેક રીતે બદલવાથી (એની દૃષ્ટિએ બગડવાથી) પત્નીનો સાવ વિરસ થયો. એની પતિનિષ્ઠા કાયમ ટકી ન શકી. પતિના જે જે સ્નેહીઓનો સંબંધ કે સહવાસ પતિને અનિષ્ટ રસ્તે લઈ જાય છે, એમ લાગે તે તે સ્નેહીઓ ટૉલ્સ્ટૉયને મળી ન શકે એવી પેરવીઓ કરવા સુધી પતિને એણે હેરાન કર્યા.

ટૉલ્સ્ટૉય કંઈ લખી રાખે ત્યારે રાત્રે એનું હસ્તલિખિત એ તપાસી જોતી હતી. જો મજાનું સાહિત્યિક લખાણ હોય તો તે તેમાંથી સારી ઊપજ કરવા માટે એ પોતાના કબજામાં લેતી. અને જો એ લખાણ કેવળ ધર્મોપદેશક અથવા ભોળી પ્રજા માટે જ ભોગ્ય એવું જણાતું ત્યારે એ ઘણી નારાજ થઈ જતી હતી.

ટૉલ્સ્ટૉયનું આવું લોકભોગ્ય અને સદાચારબોધક સાહિત્ય અમુક અભિરુચિવાળા લોકોને ઊતરતું લાગે એમાં આશ્ચર્ય નથી. ટૉલ્સ્ટૉયની પત્નીની પેઠે એવા લોકો પણ એ સાહિત્યથી નારાજ થાય છે. પણ લોક-સાહિત્યની સ્વાભાવિક ખૂબી અને કુદરતી કળાની સુંદરતા જેઓ જાણે છે તેઓ તો કલાસ્વામીના આવા સાહિત્યની કદર કર્યા વગર રહેતા નથી.

પ્રસ્તુત ગ્રંથમાં ટૉલ્સ્ટૉયની જે ત્રેવીસ વાર્તાઓ આવેલી છે એમાંની કેટલીક તો બાળકો માટે લખેલી છે. એકબે વાર્તાઓ ફ્રેંચ વાર્તાઓમાંથી ઉપજાવી કાઢેલી છે. બધી જ જીવનના ઉત્તરાર્ધમાં લખેલી લોકભોગ્ય અને સદાચારનો બોધ આપનારી છે. એમાં સામાન્ય માણસને પ્રિય એવા ભોળા પ્રસંગો પણ છે અને સામાજિક જીવનમાં આમૂલાગ્ર ક્રાંતિ સૂચવનાર નવ-વિચારો પણ છે. આજકાલના સાહિત્યકારોની કળાની દૃષ્ટિએ બોધ-ગર્ભ વાર્તા સાવ ઊતરતી ગણાય છે. વાર્તામાં રસ હોય, માનવમનનું નિરીક્ષણ અને પૃથક્કરણ હોય પણ બોધ આપવાનું 'પંતુજી-પણું' ન જ હોય એ આજનો આદર્શ છે.

પંચતંત્ર, હિતોપદેશ અથવા ઈસપની નીતિકથાઓ જ્યારે લખાઈ ત્યારે, અને પૌરાણિક કાળમાં પણ, દરેક વાર્તાને અંતે બોધવચનો તારવેલાં કે નિચોવી કાઢેલાં હોય જ. સાહિત્યના બાલ્યકાળમાં આ જાતનો બોધ ઠસાવવાનો પ્રયત્ન સ્વાભાવિક ગણવો જોઈએ. આપણે ત્યાં આજે પણ ગામડાંમાં કથાકારો અને અભિનયકારો લોકોને કેળવવા માટે સૂચવે જ છે કે 'અહીં તાળીઓ આપવી જોઈએ.' 'જુઓ, કેટલો કરુણ પ્રસંગ છે!' ઈત્યાદિ. આજે આવો પ્રયાસ પ્રસંગ-પરત્વે ક્ષમ્ય ગણાવો જોઈએ.

ટૉલ્સ્ટૉયની વાર્તાઓ જેમને ગમે છે તેઓ કહેશે કે, "ઉત્તમ સાહિત્ય ગર્ભિણી જેવું હોવું જોઈએ. સાહિત્યકારની વાર્તા બોધ-ગર્ભ તો હોવી જ જોઈએ. પણ લેખકે સુયાણી થવા સુધી આગળ વધવું ન જોઈએ." આ આદર્શ સ્વીકારીએ તો આ વાર્તાઓમાં ટોલ્સ્ટૉય ઉત્તમ કળાકાર નીવડ્યો છે એમ કહી શકાય.

પણ આજના નવા જમાનાના સાહિત્યકારોને ધર્મ-બોધ તો શું, પવિત્રતાની અને સદાચારના આગ્રહની ગંધ પણ સહન થતી નથી. સાહિત્યકારનું કામ રસસર્જનનું છે. જે ચોખલિયા થવા માગે છે તેણે સાહિત્યકારની જમાતમાંથી ન્યાતબહાર થવાનું જોખમ સ્વીકાર્યે જ છૂટકો. નવા લોકો એમનું આવું સ્પષ્ટ વર્ણન પસંદ ન કરે એ સમજાય એવી વાત છે. પણ વલણ તો આ જ છે.

સદ્‌ભાગ્યે નવીનોના આ રસિક આદર્શનો અતિરેક થવા લાગ્યો છે. અને કેટલાક સદભિરુચિવાળા સજ્જનો, રસિક દૃષ્ટિના નવા નવા અવતારોથી અકળાવા લાગ્યા છે. સદાચારનો વિરોધ કરવા જતાં જે લોકો સદભિરુચિને પણ ફગાવી દેવા તૈયાર થયા છે અને અશ્લીલતાને કિનારે પહોંચવાનું જ જેમને શૂર ચડે છે તેમનો વર્ગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તેમની પ્રતિષ્ઠા ઓછી થતી જાય છે. કાયદાની અને લોક-લજ્જાની બીક માથે લટકતી હતી ત્યાં સુધી સ્વતંત્ર વિચાર અને શૈલીવાળા લેખકોની હિંમતની કદર થતી હતી. હવે તો સામાન્ય વાચકવર્ગ 'ઉદાર' થવા લાગ્યો છે. અને કાયદાઓ અને કાયદાનો અમલ કરનાર અધિકારીઓ પશ્ચિમના આદર્શથી અંજાઈ ગયા છે. તેથી વાર્તાલેખનમાં હિંમત કેળવવાની જરૂર રહી નથી.

બીજી બાજુ 'ધર્મ'ના આગ્રહી લોકો પૌરાણિક અભિરુચિને માન્ય રાખતા હોવાથી એમની પાસે કોઈ નિશ્ચિત આદર્શ છે જ નહીં. છેલ્લા સૈકાની નીતિના આદર્શોમાં માનનારા લોકો પોતાના આદર્શનો હવે બચાવ કરી શકતા નથી. એ આદર્શમાં રહેલો દંભ સાવ ઉઘાડો પડયો છે. ઢાંકપિછોડાના દિવસો હવે રહ્યા નથી. અને તેથી સાહિત્યને પ્રમાણમાં શુદ્ધ, સ્વચ્છ વાતાવરણ મળવા લાગ્યું છે. સદાચારને નામે શિષ્ટાચારની કે રૂઢાચારની જે જોહુકમી ચાલતી હતી તે તો હવે ઊતરી ગઈ છે. અને શુદ્ધ સદાચાર પોતાનું સ્થાન મેળવી શકયો છે. અને તેથી સદભિરુચિનો જ સ્વીકાર સર્વત્ર થવા લાગ્યો છે.

આવી સ્થિતિમાં અમુક લોકો જ્યારે જાણીજોઈને શ્લીલ અને અશ્લીલ વચ્ચેનો પડદો તોડવા માંગે છે, ત્યારે એમની હિંમતની હવે કોઈ કદર કરતું નથી અને એમના આદર્શને કોઈ વધાવી પણ લેતું નથી.

આવા દિવસોમાં ટૉલ્સ્ટૉયની આ વાર્તાઓને બોધાગ્રહી કરીને કોઈ બહિષ્કૃત કરશે નહીં એટલી ખાતરી છે. આવા સારા દિવસોમાં આ વાર્તાઓ ગુજરાતીમાં પ્રગટ થાય છે એ એનું સદ્‌ભાગ્ય છે.

ગ્રંથકાર ટૉલ્સ્ટૉયે પોતાની સોળે કળાવાળી સાહિત્યકૃતિની છટા આ વાર્તાઓમાં જાણીજોઈને વાપરી નથી. લોકસાહિત્યનું અસરકારક

સીધાપણું જ રાખ્યું છે. છતાં કળાકાર તે કળાકાર. એના કૌશલ્યની ખુમારી તો અહીં દેખાવાની જ. અને તેથી જ આ વાર્તાઓ આટલી લોકપ્રિય થઈ છે.

મૂળ વાર્તાઓ સાહિત્ય જગતમાં કાયમનું સ્થાન પામી ચૂકી છે એટલે એને વિષે અહીં ખાસ લખવાપણું ન હોય. ભાષાંતર કેવું થયું છે એ જ અહીં જોવાનું. મને કહેતાં સંતોષ છે કે ભાષાંતર આ વાર્તાઓને શોભે અને ગુજરાતીમાં સારી ભાત પાડે એવું જ થયું છે.

શાસ્ત્રીય વિવેચન કરતા સાહિત્યના અનુવાદમાં મૂળ વિવેચનનો ભાવ સ્પષ્ટ રીતે પ્રગટ થયો છે કે નહીં એ જોવાનું હોય છે. ત્યાં અનુવાદની પ્રામાણિકતા અને વિશદતા જ ખાસ તપાસવાની હોય છે. આવી વાર્તાઓમાં મૂળમાં જેમ હોય તેમ જ રાખવાની તકેદારી હોવા છતાં ગુજરાતી ભાષા અને લોકોની રહેણીકરણીની સ્વાભાવિકતાને અનુરૂપ ફેરફાર કરવાની છૂટ લેવી જ જોઈએ. આવી વાર્તાઓ વાંચતી વખતે એનો રસ કાયમ રહે, વાતાવરણ ઉઠાવદાર થાય, મૂળ મુદ્દાઓની ક્ષતિ ન થાય અને મૂળ લેખકની દૃષ્ટિ પ્રત્યેની વફાદારીની બાબતમાં ઊણપ ન આવે એટલું જ ખાસ જોવાનું હોય છે.

આ દૃષ્ટિએ જોતાં અનુવાદ બધી રીતે સફળ થયો છે. કોઈ પણ ઠેકાણે એ તરજુમિયો લાગતો જ નથી. એમાં જ એની સફળતા છે. સાહિત્યક્ષેત્રમાં નવું પદાર્પણ કરનાર યુવાન અનુવાદકનું હાર્દિક અભિનંદન કરું છું. આશા ઉત્પન્ન થાય છે કે ભાઈ જિતેન્દ્ર પાસેથી આપણને હવે સારું સારું સાહિત્ય મળતું જ રહેશે. અને ગાંધીજીના નવજીવન પ્રકાશનના લેખકોની હારમાળામાં શોભે એવા એક નવા આવકારલાયક નામનો ઉમેરો સાબિત થશે.

સન્નિધિ, રાજઘાટ
નવી દિલ્હી
ગણતંત્ર દિવસ
૨૬–૧–'૬૯

**કાકા કાલેલકર**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| નિવેદન | | ૩ |
| આવકાર | કાકાસાહેબ કાલેલકર | ૫ |
| જીવાદોરી<br>[ What Men Live By ] | | ૩ |
| રીંછનો શિકાર<br>[ The Bear Hunt ] | | ૫૪ |
| એલિયાસ<br>[ Elias ] | | ૭૫ |
| ધર્મપુત્ર<br>[ The Godson ] | | ૮૭ |
| પાપી અને પશ્ચાત્તાપ<br>[ The Repentant Sinner ] | | ૧૨૮ |
| એસીરિયાનો રાજા : એસરેદ્દોન<br>[ Esarhaddon, King of Assyria ] | | ૧૩૩ |

# ટૉલ્સ્ટૉયની ત્રેવીસ વાર્તાઓ

# જીવાદોરી

## ૧

સાયમન નામે એક મોચી હતો. તેને ન તો ગામમાં પોતાનું ઘર હતું કે ન તો સીમમાં ખેતર. એક ખેડૂતની ભાડાની ઝૂંપડીમાં તે રહેતો અને જોડા સીવવાનું તથા સમારવાનું કામ કરી તેનું તથા તેના કુટુંબનું પૂરું કરતો. આ કામ એવું હતું કે તેમાંથી ઝાઝું મળતર થતું નહીં. જ્યારે બીજી બાજુ અનાજ અને રોટલો મોંઘા હતા. આમ જે કંઈ કમાણી થતી તે તો પેટ ભરવામાં જ પૂરી થઈ જતી. આ ગરીબ દંપતી પાસે ઠંડીના દિવસોમાં પહેરવા માટે એક ગરમ કોટ સિવાય બીજું કાંઈ નહોતું. હવે તો આ કોટ પણ ચીંથરેહાલ થઈ ગયો હતો. કારણ, છેલ્લાં બે વરસથી તેઓ નવો કોટ લાવવાનું વિચારતાં હતાં પણ બે છેડા જ જેમતેમ સંધાતા હોવાને લીધે નવો કોટ ખરીદવાનો મેળ પડતો નહોતો. આ વખતે શિયાળા પહેલાં સાયમને થોડી બચત કરીને કોટ ખરીદવાનું નક્કી કર્યું હતું. તેની પાસે થોડી બચત હતી, તેની ઘરવાળીની પેટીમાં ત્રણેક રૂબલ હતા તથા ઘરાકો જોડા સમરાવી ગયા હતા તેના પાંચેક રૂબલ ઉઘરાવવાના હતા.

એક રજાના દિવસે તેણે નજીકના ગામમાં જઈ કોટ ખરીદી લાવવાનું નક્કી કર્યું. ઠંડી કાતિલ હતી. તેનાથી

બચવા માટે તેણે તેના ફાટેલા ખમીસ પર ઘરવાળીનું જાકીટ ચડાવી લીધું. વધારામાં તેમનો એકનો એક ફાટેલો કોટ પણ તેણે પહેરી લીધો. સવારમાં નાસ્તો પતાવી, ગજવામાં ત્રણ રૂબલની નોટ લઈ, એક જૂની લાકડી લઈ તે ચાલી નીકળ્યો.

'ગામમાં પાંચ રૂબલ ઉઘરાવવાના બાકી છે તે ઉઘરાવી લઉં. તેમાં આ ત્રણ રૂબલ ઉમેરીશ એટલે આઠ થશે, બીજા બે મારી પાસે છે. આમ કુલ દસ રૂબલ થયા. તેટલામાં તો કોટ આવી જશે.' એમ વિચારતો વિચારતો તે ઉઘરાણી માટે એક મોટા જમીનદારને બારણે પહોંચ્યો. જમીનદાર સાહેબ ઘરમાં નહોતા. તેમની પત્ની પાસે સાયમને પૈસા માગ્યા ત્યારે તેણે કહ્યું, 'ભાઈ, પૈસા આપવાની કોઈ ના નથી પાડતું, પણ તેઓ જાતે તને રકમ ચૂકવી આપવાનું કહેતા હતા. તેથી તેઓ આવે ત્યારે આવજે, અથવા આવતે અઠવાડિયે લઈ જજે.' આમ કહી તેણે બારણું ઢાંકી દીધું.

સાયમન ત્યાંથી એક ખેડૂતને ત્યાં ગયો. અહીં પણ ઉઘરાણી બાકી પડતી હતી. આ બિરાદર ઘરમાં તો હતા, પણ તેણે કહ્યું કે મારી પાસે આજે સમ ખાવાનોય પૈસો નથી. પરંતુ સાયમન તેને સારી પેઠે ઓળખતો હતો. તેથી તેણે જરા દમ આપ્યો. આખરે પેલાએ વીસ કોપેક આપ્યા. પણ એટલાથી શું વળે ?

આખરે સાયમને શાખ પર કોટ મેળવવાનું નક્કી કર્યું અને તે બજારમાં પહોંચ્યો. ત્યાં જઈ તેણે દુકાનદારને શાખ પર કોટ આપવા વિનંતી કરી. તે મહિનામાં પૈસા ચૂકવી

દેશે તેની તેણે ખાતરી આપી. પણ દુકાનદારે તેની વિનંતી ન માની. વધુમાં કહ્યું, 'ભાઈ, લોકો પાસેથી પૈસા કઢાવતાં નાકે દમ આવી જાય છે તેની તને ક્યાંથી ખબર હોય? એટલે શાખની વાત ને વિનંતી રહેવા દે અને રોકડા પૈસા લઈ આવ. આ આખા બજારમાં તને કોઈ શાખ પર કોટ આપે એમ મને નથી લાગતું.'

આમ કોટ ન મળ્યો અને એક જગ્યાએથી બીજી જગ્યાએ ધક્કા ખાવામાં જ આખો દિવસ પૂરો થઈ ગયો. પેલા ખેડૂત પાસે ઉઘરાણીના વીસ કોપેક મળ્યા તથા એક બીજા ખેડૂતે તેના જોડા સાંધવા માટે આપ્યા. તે લઈ તેણે ઘર તરફ ચાલવા માંડયું.

પરંતુ કોટ ન ખરીદી શકાયો તેથી તેનું મન ભાંગી પડયું હતું. રસ્તામાં પીઠું આવ્યું એટલે તે મન હળવું કરવા માટે પીઠામાં ગયો. તેને ઉઘરાણીમાં મળેલા વીસ કોપેકનો તેણે વોડકા પી લીધો. વોડકા ચડાવીને તેણે ઘરનો રસ્તો લીધો. સવારમાં તે ટાઢે ધ્રૂજતો હતો પણ વોડકા ચડાવ્યા પછી તેના શરીરમાં સ્ફૂર્તિ આવી ગઈ. તેણે કોટ કાઢીને ખભે નાખ્યો. એક હાથમાં લાકડી તથા બીજા હાથમાં દુરસ્ત કરવા માટે મળેલા જોડા લઈ, દારૂના નશામાં લથડિયાં ખાતાં ખાતાં તેણે ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તેણે લવારો પણ કરવા માંડયો:

'આહ . . . અત્યારે શરીરમાં કેવી સ્ફૂર્તિ લાગે છે . . . અને અત્યારે મેં કોટ પણ ક્યાં પહેર્યો છે . . .એક

પ્યાલી ચડાવી એટલે તો જાણે નસેનસમાં નવું જોમ આવી ગયું . . . હવે . . . ! હવે મારે કોટની શી જરૂર? . . . હવે મારે કશાની ચિંતા નથી . . . હા, મેં પ્યાલી ચડાવી છે તેથી મારી ઘરવાળી જરા ચિડાશે ખરી . . . એ વિષે તો શંકા નથી . . . દારૂ પીવો એ કાંઈ સારી વસ્તુ તો નથી. માણસ આખો દા'ડો રળે તે બધું એમાં ખરચાઈ જાય . . . ઊભો રહે . . . જો મારા નીકળતા પૈસા તું મને નહીં આપે તો તારી ચામડી ઉતારી લઈશ . . . ન ઉતારું તો તારું નસીબ! . . . એ તે કંઈ વાત છે? કામ તો બધાને જલદી કરાવવું હોય છે . . . અને પૈસા . . . ત્યારે વાયદા કરે છે . . . એણે મને વીસ કોપેક આપ્યા. પણ એ વીસ કોપેકનું હું શું કરું? પ્યાલી ચડાવી લઉં — બીજું થાય પણ શું? . . . એ કહે છે એની પાસે અત્યારે પૈસા નથી. . . .કદાચ તેની વાત સાચી પણ હોય. પરંતુ તેણે મારી પાસે કામ કરાવ્યું છે તેના પૈસા તો તેણે મને આપવા જ જોઈએ ને?. . . એની પાસે પોતાનું ઘર છે, ઢોરઢાંખર છે, અને બીજું ઘણું છે. . . . મારી પાસે તો એક ખોરડું જ છે. મારે દાણેદાણો ખરીદીને લાવવો પડે છે. હું કામ કરું કે ન કરું, મારે ત્રણ કોપેક તો દરરોજ માત્ર રોટલા માટે જોઈવાના ને જોઈવાના જ. ઘરે આવું ને છોકરાં રોટલા સફાચટ કરી ગયાં હોય એવુંય બને. . . . એટલે પાછા બીજા બેએક કોપેક ખરચવાના . . . . એટલે બિરાદર! બીજી ગરબડ સરબડ અને બહાનાં રહેવા દો . . . મારા લેણા નીકળતા પૈસા આપી દો . . . મારે બીજી કોઈ વાત સાંભળવી નથી.'

આમ લવારા કરતો કરતો તે રસ્તાના વળાંક પાસેથી પસાર થતો હતો ત્યાં તેની નજર વળાંક પરની દરગાહની ઓથે કંઈ સફેદ પ્રાણી બેઠું હતું ત્યાં પડી. દિવસનું અજવાળું ઓછું થઈ ગયું હતું. મોચીએ એ પ્રાણી તરફ ટીકી ટીકીને જોયું, પણ તે શું છે, તેનો તેને ખ્યાલ આવ્યો નહીં. 'પહેલાં અહીં આવો સફેદ રંગનો મોટો પથરો તો નહોતો. તો કોઈનો બળદ બેસી રહ્યો હોય એવું પણ બને. પણ ના, એ બળદ તો નથી. અરે! એનું માથું તો માણસ જેવું લાગે છે! તેની ચામડી સફેદ રંગની છે— એકદમ સફેદ. પણ અહીં અત્યારે કોઈ માણસ આમ આવીને બેસી ન રહે.'

આમ વિચારી એ શું છે તે જોવા માટે સાયમન દરગાહની નજીક ગયો. તેણે જોયું તો તેની માન્યતા સાચી ઠરી. એક માણસ દરગાહની ઓથે ટૂંટિયું વાળીને બેઠેલો હતો. તેના શરીર પર એકેય કપડું નહોતું. વળી, તે નિશ્ચેતન લાગતો હતો—તે જીવે છે કે મરી ગયેલો છે તેની ખબર પડતી નહોતી. સાયમનના શરીરમાંથી ભયની ધ્રુજારી પસાર થઈ ગઈ. તેને થયું, 'આ માણસને કોઈકે મારી નાખ્યો છે અને તેનાં કપડાં ઉતારી લીધાં છે. તેને આમ અહીં નાખી દઈ બદમાશો નાસી ગયા લાગે છે. જો હું વધારે ઊંડો ઊતરીશ તો કદાચ નકામી આફત વહોરી લઈશ.'

આમ વિચારી તેણે ચાલવા માંડ્યું. તે દરગાહ વટાવી આગળ નીકળી ગયો. તેણે કુતૂહલ ખાતર પાછળ નજર

નાખી. આ વખતે પેલો માણસ ત્યાં નહોતો. એ માણસ ત્યાંથી ઊઠીને દયામણે ચહેરે સાયમનની પાછળ ખસતો ખસતો આવતો હતો. એને જોતાંની સાથે જ સાયમનનું હૃદય ફફડી ઊઠ્યું. આવા માણસને કંઈક મદદરૂપ થવા માટે ઊભા રહેવું કે ત્યાંથી નાસી છૂટવું તેની તેને સમજ ન પડી. તેને થયું, 'એ કોણ છે તેની મને ખબર નથી. અને તેની સ્થિતિ જોતાં તે અહીં કોઈ સારા કામ માટે આવ્યો હોય એવું પણ લાગતું નથી. જો હું તેને મદદ કરવા માટે તેની પાસે જાઉં તો તે મને વળગી પડે અને કદાચ મને મારી નાખે એવું પણ બને. અને માનો કે તે મને મારી ન નાખે, તોયે બોજારૂપ તો થાય જ. એક તદ્દન અજાણ્યા નગ્ન માણસ પર ભરોસો કેમ મુકાય? તેને માટે શું થઈ શકે? હા, એને મારું અંગરખું ઉતારી અપાય ખરું . . . હે પ્રભુ, હવે તો તું કરે તે ખરું.'

સાયમને ઝડપથી પગલાં ભરવા માંડ્યાં. પણ આમ કરતાં તેનો અંતરાત્મા તેને ડંખ્યો. તે અટકી ગયો અને ઊભો રહ્યો. તેના અંતરાત્માએ કહ્યું, 'સાયમન, તું આ શું કરે છે? આ માણસ મરવા પડ્યો હોય એમ લાગે છે, મુશ્કેલીમાં છે, અને તું આમ નાસી જાય છે? શું તારી પાસે એટલા બધા પૈસા છે કે જેથી એ તને લૂંટી લેશે એવી તને બીક લાગે છે? સાયમન, તને ભાગી જતાં શરમ આવવી જોઈએ.'

આવો વિચાર આવતાં સાયમન પાછો ફર્યો અને પેલા માણસ પાસે પહોંચી ગયો.

## ૨

સાયમને પેલા અજાણ્યા માણસ પાસે જઈને જોયું તો એ માણસ ટાઢમાં ઠરીને શિંગડું થઈ ગયો હતો. તેના મોં પર ગભરાટ અને ભયની લાગણી જડાઈ ગયેલી હતી. તેનામાં તેની સામે આવીને ઊભેલા સાયમન તરફ જોવા માટે આંખ ઉઠાવવા જેટલી શક્તિ પણ નહોતી. સાયમને વાંકો વળી તેને ઢંઢોળ્યો. તેના શરીર પર એક પણ કપડું નહોતું. સાયમને તેને ઢંઢોળ્યો તેની સાથે જ તેણે સાયમન તરફ જોયું. તેની અને સાયમનની આંખો મળી. તેની નજરમાં મીઠાશ હતી. તેની આવી દશામાં પણ તેની આંખમાંની મીઠાશ જોતાં સાયમનને એ માણસ ગમી ગયો. તેણે પોતાના હાથમાંના જોડા જમીન પર મૂકી દીધા. પોતાનો કોટ કાઢીને એ માણસને આપતાં કહ્યું, 'ભાઈ, આ વાત કરવાનો સમય નથી. આ કોટ પહેરી લે અને મારી સાથે ચાલ.' આમ કહી સાયમને તેને ઊભા થવામાં મદદ કરી. એ માણસ ઊભો થતાં જ સાયમન જોઈ શક્યો કે તે સશક્ત છે એટલું જ નહીં પણ તેનું શરીર તદ્દન સાફ છે. શરીર પર રોગનું કોઈ ચિહ્ન નથી. તેના હાથપગ સુડોળ છે તથા મોં પરથી તે સજ્જન લાગે છે. સાયમને તેના ખભા પર કોટ નાખ્યો. પણ એ માણસમાં જાતે કોટ પહેરવા જેટલી શક્તિ નહોતી. સાયમને તેને કોટ પહેરવામાં મદદ કરી. બાંયમાં હાથ નાખી આપ્યા અને કોટ પહેરાવી દઈ બટન નાખી પટ્ટો પણ બાંધી આપ્યો.

સાયમને પોતાના માથા પરની ટોપી પણ કાઢી નાખી અને એ માણસને પહેરાવી દીધી. પરંતુ તેમ કરતાં એને પોતાને ઠંડી લાગવા માંડી. આ ઠંડીને લીધે સાયમનને નવો વિચાર આવ્યો: 'જો મને માથામાં આટલી બધી ટાઢ વાગે છે તો આ બાપડાના પગ તો ઠરી ગયા હશે.' આવો વિચાર આવતાં જ સાયમન નીચે બેસી ગયો અને તેની પાસે જોડાની વધારાની જોડ હતી તે તેણે એ માણસના પગમાં પહેરાવી દીધી. આમ એક અજાણ્યા માણસને કોટ, ટોપી તથા જોડા આપી દીધા પછી તેણે કહ્યું, 'દોસ્ત, હવે તું આમ તેમ થોડું ચાલ એટલે શરીરમાં ગરમી આવી જશે. બીજી બધી વાતોનું તો થઈ પડશે. તારાથી ચલાય છે તો ખરું ને?'

એ માણસે સાયમન સામે એક દયાભરી દૃષ્ટિ નાખી. પોતાની જગ્યાએથી એ એક ડગલુંયે ખસી શક્યો નહીં.

'ભાઈ, તું કંઈ બોલતો કેમ નથી? અહીં આમ ઊભા રહેવાનો કંઈ અર્થ નથી. અહીં તો આપણે બંને ઠરી જઈશું. ચાલ, મારે ઘરે ચાલ. અને જો તને નબળાઈ જેવું લાગતું હોય તો લે આ મારી લાકડી. તેના ટેકાથી તો ચલાશે ને?' આમ કહી સાયમને તેની લાકડી પણ આ માણસને આપી દીધી.

એ માણસે લાકડીને ટેકે ટેકે ડગ ભરવા માંડ્યાં. તેનામાં હવે સ્ફૂર્તિ આવી ગઈ.

તેઓ થોડું ચાલ્યા એટલે સાયમને પૂછ્યું, 'ભાઈ, તારું વતન ક્યાં?'

'હું અહીંનો વતની નથી.'

'એ તો લાગે જ છે. પણ તું અહીં આ દરગાહ પાસે ક્યાંથી આવી પડ્યો?'

'એ મારાથી કહી શકાય એમ નથી.'

'કેમ? કોઈએ તારી સાથે અણઘટતો વર્તાવ તો નથી કર્યો ને?'

'ના. કોઈએ મારી સાથે એવો વર્તાવ નથી કર્યો. ભગવાને મને સજા કરી છે.'

'ભાઈ, આખરે તો આપણા બધાનો કરતાકારવતા એ જ છે. . . . આમ છતાં તારે રહેવા માટે ઘર તથા કંઈ કામધંધો તો હશે ને? તારે જવું છે ક્યાં?'

'એ બધાનો મારી પાસે કંઈ જવાબ નથી.'

આ સાંભળી સાયમનને વધારે આશ્ચર્ય થયું: 'આ માણસ સજ્જન લાગે છે. તેની વાતચીત સજ્જનને છાજે તેવી છે. અને આમ છતાં તે તેના પાછલા જીવન વિષે કંઈ માહિતી કેમ નથી આપતો? . . . હશે. કોને શી વીતી હોય તેની આપણને શી ખબર?' આમ વિચારી તેણે પેલા અજાણ્યાને કહ્યું, 'કંઈ નહીં, મારી સાથે મારે ઘરે ચાલ. ત્યાં જરા સ્વસ્થ થા અને પછી તારે જવું હોય ત્યાં જજે.'

પેલો માણસ સંમત થયો અને તેણે સાયમનની સાથે તેના ઘર તરફ ચાલવા માંડ્યું. પવન જોરથી ફૂંકાતો હતો અને સાયમનને ટાઢ વાતી હતી. તેના શરીરમાંથી દારૂનો નશો ઊતરતો જતો હતો અને તેમ તેમ ટાઢ વધારે લાગતી હતી. તે ટાઢે થરથરતો હતો. તેની પત્નીના ફાટેલા તૂટેલા

જાકીટને તેણે બરાબર વીંટી લીધું. તેને થયું, 'વાહ! જુઓ તો ખરા! હું ટાઢથી બચવા માટે નવો કોટ લેવા ગયો હતો. કોટ લાવવાનું તો બાજુએ રહ્યું . . . જે કોટ સાથે લઈ ગયો હતો તેય અત્યારે તો મારી પાસે નથી! વધુમાં એક માણસ, જેની પાસે પહેરવાનું એક કપડું સુધ્ધાં નહોતું . . . તેવા અજાણ્યા માણસને હું મારે ઘરે લઈ જઈ રહ્યો છું. મારી પત્ની આ જોઈને જરૂર નારાજ થશે.'

તેની પત્નીનો વિચાર આવતાં તેને પોતાને પણ દુઃખ થયું. તેણે તેની સાથે ચાલતા અજાણ્યા મહેમાન તરફ એક નજર નાખી. એ દરગાહની પાસે અસહાય સ્થિતિમાં પડ્યા હતો ત્યારે એણે જે મીઠી દયાભરી નજર નાખેલી તે સાયમનને યાદ આવી. તે યાદ આવતાં જ તેનું દુઃખ ભુલાઈ ગયું અને એક સત્કર્મ કર્યાનો આનંદથી તેનું હૃદય ભરાઈ ઊઠ્યું.

## ૩

સાયમનની પત્નીએ તે દિવસે ઘરકામ વહેલું પતાવી લીધું હતું. તેણે લાકડાં ફાડી લીધાં હતાં, પાણી ભરી લીધું હતું, પોતે પણ જમી લીધું હતું અને હવે તે સાયમન આવે તેની રાહ જોતી બેઠી હતી. તેણે આજે થોડા વધુ રોટલા પણ બનાવી રાખ્યા હતા. તેની પાછળ તેની એવી ગણતરી હતી કે જો સાયમન મોડો આવશે તો બજારમાં જમીને જ આવશે, અને જો તેમ થાય તો આ વધારાના રોટલાથી આવતી કાલનો દિવસ પણ ખેંચી કઢાશે.

તેણે ફરી એક વાર કેટલા રોટલા બાકી છે તે જોઈ લીધું. કાલનો દિવસ તો આટલા રોટલા ચાલશે જ તેની

એને ખાતરી થઈ ગઈ. ડબ્બામાં કેટલો લોટ છે તે પણ તેણે જોઈ લીધું. જે લોટ બાકી હતો તેનાથી શુક્રવાર સુધી ખેંચી કાઢીશું એવી ગણતરી તેણે મૂકી.

પછી તે સાયમનની રાહ જોતી જોતી ખમીસ સાંધવા બેઠી. તે વખતે તેના હાથ ખમીસ સાંધતા હતા પણ તેનું મન સાયમન જે નવો કોટ ખરીદી લવવાનો છે તેના વિચારોમાં પરોવાયેલું હતું :

'દુકાનદાર એમને છેતરે નહીં તો સારું. એ તદ્દન સીધાસાદા માણસ છે, કદી કોઈને છેતરે નહીં. પરંતુ એમને નાનું છોકરુંય છેતરવા ધારે તો છેતરી જાય. આઠ રૂબલ એ કંઈ નાની રકમ ન કહેવાય. એટલામાં તો સુંદર કોટ મળશે. બહુ ઉમદા કોટ ભલે ન મળે, પણ જે મળશે તેનાથી ટાઢ સામે રક્ષણ તો મળશે . . . ગયે વરસે સારા કોટ વગર કેટલી બધી મુશ્કેલી પડી હતી ! મારાથી ન તો નદીએ જવાતું કે ન ગામમાં કોઈને મળવા જવાતું. એમને ક્યાંય બહાર જવાનું થતું તો એઓ પણ ઘરમાં છે તેટલાં બધાં કપડાં પહેરી લેતા ત્યારે બહાર જઈ શકતા. એવે વખતે મારે ઘરમાં ઠૂંઠવાતા બેસી રહેવું પડતું. . . . આજે તેઓ અહીંથી બહુ વહેલા તો નહોતા નીકળ્યા, તોય હવે આવી પહોંચવા જોઈએ. . . . ભગવાન ! આજે તેઓ દારૂના પીઠામાં ન જાય તો સારું.'

તે આમ વિચારતી બેઠી હતી. તે જ સમયે પરસાળમાં કોઈનાં પગલાં સંભળાયાં. સાયમનની પત્ની ખમીસ સાંધવાનું પડતું મૂકી બહાર પરસાળમાં ગઈ. ત્યાં તેણે બે માણસો

જોયા: સાયમન અને તેની સાથે આવેલા અજાણ્યા મહેમાન.

સાયમન આજે દારૂનો ચસકો કરીને આવ્યો છે એ પણ તે તરત પામી ગઈ. 'આખરે તેઓ પીઠામાં જ ગયા હતા,' તે મનોમન બબડી. તેણે સાયમનના શરીર પર ન તો નવો કોટ જોયો કે ન તો તેના હાથમાં નવા કોટનું પડીકું જોયું. વધારામાં સાયમને માત્ર જાકીટ પહેરેલું હતું અને તેમનો જૂનો કોટ સાયમન સાથે આવેલા અજાણ્યા માણસે પહેરેલો હતો તે વાતેય તેનાથી અજાણી ન રહી. સાયમન આવી સ્થિતિમાં શરમિંદો બની તેની પત્ની સામે ઊભો હતો. તેની સાથે આવેલો માણસ પણ ચૂપચાપ, કોઈ પણ જાતનું હલનચલન કર્યા વગર, નીચું જોઈને ઊભો હતો. તેને જોઈને સાયમનની પત્ની મારિયાને થયું, 'આ માણસ સજ્જન નથી લાગતો. તે કશાકથી બીતો હોય એવું લાગે છે. નહીં તો આમ નીચું જોઈને શા માટે ઊભો રહે?' આમ છતાં તેણે તેના મનના ભાવ એ લોકોને જણાવા દીધા નહીં અને આ લોકો હવે શું કરે છે તે જોવા માટે તે તાપણી પાસે જઈ ઊભી રહી.

સાયમન જાણે કશું જ ન બન્યું હોય તેમ બાંકડા પર બેઠો અને જરા વાર રહી મારિયાને કહ્યું, 'મારિયા, જો . . . ભાણું તૈયાર હોય તો અમે જમી લઈએ.'

મારિયા ત્યાં તાપણી પાસે ઊભી ઊભી મનમાં ને મનમાં કંઈક બબડી. પોતાની ઘરવાળીને જે થયું છે તે ગમ્યું નથી અને તે ગુસ્સામાં છે એ વાત સાયમન પામી ગયો. છતાં તે કંઈ બોલ્યો નહીં અને તેણે આંખ આડા

કાન કર્યાં. મારિયાના ગુસ્સાની જાણે તેની પર કંઈ અસર જ નહીં થઈ હોય તેમ તે ઊઠ્યો, પોતાના અજાણ્યા અતિથિને પણ હાથનો ટેકો દઈ ઊભો કર્યો. તેણે પરસાળના ખૂણામાં હાથપગ ધોયા અને પેલા મહેમાનના હાથ ધોવડાવ્યા. પછી ચૂલા પાસે જઈ તેણે મહેમાનને કહ્યું, 'ભાઈ, અહીં બેસ. આપણે થોડું ખાઈ લઈએ.'

આ બંને જણ જમવા માટે ચૂલા પાસે આવ્યા છતાં મારિયા તેમને જમાડવા માટે ત્યાં ન આવી. ને હજુ ધૂંધવાતી ધૂંધવાતી તાપણી પાસે જ ઊભી હતી.

'મારિયા, અમારું ભાણું લાવ. તેં અમારે માટે કંઈ રાંધ્યું નથી કે શું?' સાયમને પૂછ્યું.

મારિયાએ અત્યાર સુધી ગુસ્સો દાબી રાખ્યો હતો. સાયમનની વાત સાંભળી તે ભભૂકી ઊઠી: 'રાંધ્યું તો છે, પણ તમારે માટે નહીં. સમજ્યા! તમે અહીંથી નવો કોટ લેવા બજાર ગયેલા. તે કોટ તો તમે ન જ લાવ્યા પણ સાથે જેની પાસે અંગ ઢાંકવાનાં પૂરાં કપડાંય નથી એવા રખડેલને પકડતા આવ્યા. . . . વધુમાં દારૂ પણ ઢીંચેલો . . . ખરું ને! જાઓ, તમારા જેવા પીધેલા અને રખડેલ લોકો માટે મારી પાસે કંઈ ખાવાનું નથી.'

'મારિયા, હવે બહુ થયું. તારી જીભને આમ નાહક છૂટી મૂકી દેવાનો કંઈ અર્થ નથી. એ માણસ વિષે કંઈ પણ કહેતાં પહેલાં એ માણસ કોણ છે તે અંગે તારે મને પૂછવું જોઈએ, સમજી?'

'એ બધું પછી પૂછીશ. પહેલાં મારી પાસે જે પૈસા લઈ ગયા તેનું શું કર્યું તે કહેશો ?'

સાયમને ગજવાં ફંફોસી તેમાંથી ત્રણ રૂબલની નોટ કાઢી મારિયા સામે ધરી કહ્યું, 'લે, આ રહ્યા તારા ત્રણ રૂબલ. બીજા પૈસા નથી. જેની પાસે લેણા પડતા હતા તેમણે પૈસા આપવાની ના પાડી. બને તેટલા જલદી આપી દઈશું એવો વાયદો કર્યો.'

મારિયાએ સાયમનના હાથમાંથી ત્રણ રૂબલની નોટ લઈ લઈ તેને ઠેકાણે મૂકતાં કહ્યું, 'મારે ત્યાં રખડેલ તથા પીધેલાઓ માટે ખાવાનું નથી. વળી આ દુનિયામાં તમારા સિવાય જે રખડેલ તથા પીધેલા છે તે બધાને ખવડાવવાનો કંઈ આપણે ઇજારો નથી રાખ્યો.'

સાયમન પણ જરા અકળાયો. તેણે કહ્યું, 'મારિયા, તારી જીભ પર જરા કાબૂ રાખ. પહેલાં મારી વાત સાંભળ.'

'તમારી પાસે આજ સુધી મેં આવી ઘણી વાતો સાંભળી છે. તમારા જેવા દારૂડિયાને હું પરણી એ જ ભૂલ થઈ. મારી માએ મને જે કંઈ આપેલું તેમાંથી મારી પાસે આજે કંઈ રહ્યું નથી. લગભગ બધું જ તમે પીવામાં વેડફી માર્યું છે. આજે તમે મારે માટે કોટ લેવા ગયેલા, અને આજેય પાછા પીઠાની સહેલ કરી આવ્યા !'

પોતે બધી રકમ પીઠામાં ખરચી નાખી નથી પણ માત્ર વીસ કોપેક જ પીઠામાં ખર્ચ્યાં છે એ વાત મારિયાને સમજાવવા માટે સાયમને ઘણી કોશિશ કરી. તેની સાથે આવેલો માણસ કોણ છે તથા તેનો કેવી રીતે ભેટો થઈ

ગયો તે પણ તેણે મારિયાને સમજાવ્યું. પરંતુ મારિયાએ તેની એકેય વાત માની નહીં. સાયમનના આવા વર્તનથી મારિયા હવે કંટાળી ગઈ હતી. આજે લાગ મળતાં છેલ્લાં દસ વરસમાં બની ગયેલી બધી વાતો યાદ કરી કરીને તેણે સાયમનનો ઊધડો લઈ નાખ્યો :

'મારું જાકીટ મને આપી દો. મારી પાસે હવે એ જાકીટ સિવાય મારું કંઈ રહ્યું નથી. તમે જાકીટ પહેર્યું છે તે મને કાઢી આપો. તમારે જોઈએ તો મારી પાસે માગી લેજો, સમજ્યા?'

આમ કહેતીકને મારિયા સાયમન પાસે પહોંચી અને સાયમને પહેરેલું જાકીટ ખેંચવા લાગી. સાયમને જાકીટ કાઢવા માંડ્યું. પરંતુ તે જાકીટમાંથી બાંય કાઢે કાઢે એટલામાં તો મારિયાએ જાકીટ ખેંચી કાઢ્યું. ખેંચતાણમાં જાકીટ ફાટ્યું પણ ખરું. મારિયા જાકીટ ખભે નાખી ગુસ્સામાં ને ગુસ્સામાં ઘરના બારણા તરફ ચાલી ગઈ. જાણે ઘર છોડીને ચાલી જવાની હોય તેવો દેખાવ તેણે કર્યો.

તેના આ બધા ધમપછાડા માત્ર મનની વરાળ કાઢવા પૂરતા હતા. તે બારણા સુધી ગઈ ખરી પણ ત્યાંથી પાછી ફરી. તેની ઇચ્છા સાયમન સાથે આવેલો માણસ કોણ છે અને કેવો છે તે જાણવાની હતી.

## ૪

તે પાછી સાયમન અને પેલો માણસ બેઠા હતા ત્યાં આવી : 'તમે કહો છો કે એ માણસ સજ્જન છે. પણ જો એ સજ્જન હોય તો એને આમ કપડાં વગર શા માટે

રખડવું પડે? તેની પાસે પહેરવાનું ખમીસ સુધ્ધાં નથી! જો તે ખરેખર સારો માણસ હોય તો તેની અને તમારી મુલાકાત ક્યાં થઈ તે મને કહેશો?'

'એ વાત જ તો હું તને કહેવા જાઉં છું પણ તું સાંભળે છે ક્યાં? હું શહેર તરફથી પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં આવતી દરગાહ પાસે આ માણસ તદ્દન ઉઘાડો પડ્યો હતો. ટાઢમાં તેનું શરીર ઠરીને ઠીંગરું થઈ ગયું હતું. બહાર ઠંડી કેવી પડે છે! ઉઘાડો માણસ ઠરી ન જાય તો બીજું શું થાય? પ્રભુનો પાડ માનો કે તેણે મને આ માણસ પાસે મોકલ્યો, નહીં તો સવાર થતાં સુધીમાં તો આ બાપડો ખલાસ થઈ જાત. મને શું કરવું તે સમજાયું નહીં. એના પર શી વીતી હશે તેની આપણને શી રીતે ખબર પડે? મેં એને બેઠો કર્યો. મેં જે કપડાં પહેર્યાં હતાં તેમાંથી તારું જાકીટ પહેરી રાખી બાકીનાં કપડાં મેં એને પહેરાવ્યાં. પછી તેને ત્યાંથી મારી સાથે લઈ હું અહીં આવ્યો.

'મારિયા, તું નાહક મારી ઉપર ગુસ્સો કરે છે. ગુસ્સો કરવો અને ગુસ્સામાં ગમે તેને ગમે તેમ કહેવું એ પાપ છે. તેં ગુસ્સામાં આ બધા ધમપછાડા કર્યા તેનો શો અર્થ? આપણી પાસે જે કંઈ છે તે આપણે મરી જઈએ ત્યારે સાથે લઈ જવાના નથી. અને એક દિવસ બધાએ જવાનું છે, એટલે બીજાના ભલા માટે જે કંઈ થાય તે કરી છૂટવાની આપણી ફરજ છે. સમજી?'

સાયમનનું આ પ્રવચન સાંભળીનેય મારિયાને ગુસ્સો તો ચડ્યો પરંતુ તે ગમ ખાઈ ગઈ. તેણે પેલા અજાણ્યા

મહેમાન તરફ નજર નાખી. એ માણસ બાંકડાના છેડા પર સ્થિર પૂતળાની જેમ બેઠો હતો. તેણે બંને હાથ ખોળામાં મૂકી માથું નીચું ઢાળી દીધું હતું. તેની આંખો બંધ હતી. તેના કપાળ પર કરચલીઓ પડી ગઈ હતી, અને તેને જોતાં જ જાણે તે કોઈ ઊંડા દુઃખમાં પડી ગયો હોય એમ લાગતું હતું. મારિયા તેને જોઈ રહી. આ જોઈ સાયમને કહ્યું, 'મારિયા, તું પ્રભુના પ્રેમ જેવી કોઈ વસ્તુને પિછાને છે ખરી?'

સાયમનના આ શબ્દોએ મારિયાના હૃદય પર જાદુઈ અસર કરી. તેણે પેલા માણસ તરફ ફરી એક નજર નાખી અને તેના હૃદયમાં દયા ભરાઈ આવી. તે સીધી રસોડામાં ગઈ અને ત્યાંથી રોટલો અને ઘેંશ લઈ આવી. બાંકડા સામે મૂકેલા ટેબલ પર ભાણું મૂકી તેણે કહ્યું, 'લો આ ભાણું તૈયાર છે, જમી લો.'

સાયમને તેની સાથે આવેલા અજાણ્યા મહેમાનને કહ્યું, 'ભાઈ, આ તરફ આવ. આપણે જમી લઈએ.'

બંને જણ જમવા બેઠા. મારિયા તેમની સામે બેસી પેલા અજાણ્યા મહેમાનને ખાતો જોઈ રહી.

આ અજાણ્યા માણસ વિષે ગુસ્સામાં ગમે તેમ બોલ્યા બદલ હવે તેને પસ્તાવો થવા લાગ્યો. બરાબર તે જ વખતે તેણે એ માણસના માથાની આસપાસ પ્રકાશનું કૂંડાળું જોયું. તેના મોં પરથી વિષાદની છાયા અદૃશ્ય થઈ ગઈ. અત્યાર સુધી નીચી ઢાળી રાખેલી આંખો ઊંચી કરી તેણે મારિયા

સામે જોયું અને જાણે તેનો આભાર માનતો હોય તેમ તેણે સ્મિત કર્યું.

તેઓ જમી રહ્યા એટલે મારિયા વાસણો વગેરે અંદર મૂકી આવી અને ટેબલ સાફ કરી એમના અજાણ્યા મહેમાન સાથે વાત કરવા બેઠી:

'ભાઈ, તમે ક્યાંના વતની છો?' તેણે પૂછ્યું.

'હું આ તરફનો નથી.'

'પણ તમે અહીં રસ્તામાં દરગાહની પાસે ક્યાંથી આવી પડ્યા?'

'એ મારે કહેવું જ જોઈએ એમ મને નથી લાગતું.'

'કોઈએ તમને લૂંટી તો નથી લીધાને?'

'ના, એવું નથી. ઈશ્વરે મને સજા કરી છે.'

'પણ તમે ત્યાં દરગાહ પાસે ક્યાંથી આવ્યા, તમારાં કપડાં વગેરે કોણ લઈ ગયું?'

'બહેન, હું ત્યાં કપડાં વગર જ પડ્યો હતો — ટાઢમાં ઠરી જતો. સાયમને મને જોયો અને તેને મારી દયા આવી. તમે મને ખાવા આપ્યું, ઘેંશ પાઈ અને એ રીતે મારી પર દયા બતાવી. ઈશ્વર જરૂર તમને એનો બદલો આપશે.'

મારિયા ઊઠી. સાયમનનું ખમીસ તેણે સાંધીને ખીંટી પર મૂક્યું હતું તે લાવીને આ મહેમાનને પહેરવા આપ્યું. તેને માટે એક જૂનો સાંધેલો લેંઘો પણ તે લઈ આવી. આ કપડાં તેણે મહેમાનને આપતાં કહ્યું, 'ભાઈ, આ કપડાં તમને ટાઢ સામે રક્ષણ આપશે. ટાઢ વધારે છે એટલે અહીં

તાપણા પાસે સૂઈ જજો. જો અહીં ન ફાવે તો બહાર પર-સાળમાં સૂવાનું રાખજો. ત્યાંય સીધી ટાઢ નથી આવતી.'

પેલા માણસે કપડાં લઈ લીધાં. કોટ કાઢી પહેરણ પહેરી લીધું. તાપણા પાસે ન સૂતાં તે બહાર પરસાળમાં સૂઈ ગયો. મારિયાએ મીણબત્તી ઓલવી નાખી. કોટ લઈને તે સૂવા માટે મેડા પર ચાલી ગઈ.

મારિયા પથારીમાં પડી તો ખરી પણ તેને ઊંઘ ન આવી. આ અજાણ્યો માણસ કોણ હશે, ક્યાંથી આવ્યો હશે વગેરે સવાલોએ તેની ઊંઘ હરામ કરી મૂકી.

એના આવવાથી કાલે સવારે ખાવા માટે રાખી મૂકેલા રોટલા એને આપી દેવાના થયા. એની પાસે કપડાં નહોતાં તેથી તેને પહેરણ અને લેંઘો પણ આપવાં પડ્યાં. મારિયાના ગરીબ ઘરની જે પરિસ્થિતિ હતી તેમાં આ બધું જતું રહેવાથી તેને જરા દુઃખ જેવું લાગ્યું. પરંતુ આ બધાની મદદથી પેલા માણસને કેટલી બધી રાહત મળી તેનો વિચાર કરતાં તેનું દુઃખ હળવું થયું. વળી, આભારની લાગણી બતાવવા માટે એ માણસે મારિયા સામે જોઈ જે સ્મિત કરેલું તે યાદ આવતાં તો મારિયા તેનું દુઃખ સાવ ભૂલી ગઈ તથા તેણે કૃતજ્ઞતા અનુભવી.

મારિયા લાંબા સમય સુધી ખાટલામાં પડી રહી. તેને ઊંઘ આવતી નહોતી. તેણે સાયમનની પથારી ભણી નજર નાખી. સાયમન પણ પડખાં ઘસતો હતો. તેનેય ઊંઘ નહોતી આવી. મારિયા ઊઠી અને એનો કોટ તેણે સાયમનને ઓઢવા આપી દીધો.

મારિયા પાછી તેના ખાટલામાં આવીને સૂતી. તેની આંખ આજે મીંચાતી નહોતી. થોડી વાર રહી તેણે સાયમનને કહ્યું :

'સાયમન !'

'બોલ, શું છે ?'

'ઘરમાં જે કંઈ ખાવાનું હતું તે મેં તમને બંનેને આપી દીધું. કાલને માટે હવે કંઈ બચ્યું નથી. કાલે શું ખાઈશું તેની ચિંતામાં ઊંઘ નથી આવતી. કદાચ પડોશી પાસે આટો માગી લાવીને રોટલા ઘડવા પડશે.'

'જો મારિયા, એવી ચિંતાનો અર્થ નથી. ભગવાનનું નામ લઈ ઊંઘી જા. જો આપણે જીવતા હોઈશું તો દાંત આપનારો ચાવણું પણ આપશે.'

સાયમનના આ જવાબ સામે મારિયાને કશું કહેવાનું નહોતું. એકાદ મિનિટ પછી તેણે ફરી વાત શરૂ કરી.

'સાયમન, એ માણસ આમ તો ભલો લાગે છે. પણ એ એનાં નામઠામ કેમ નથી જણાવતો ?'

'કદાચ એવું કરવા માટે તેની પાસે કંઈ કારણ હશે.'

'સમજ્યા. મને બીજો સવાલ થાય છે.'

'શું ?'

'મને એમ થાય છે કે આપણે બધાને આપતાં ફરીએ છીએ પણ આપણે મુસીબતમાં હોઈએ ત્યારે આપણને કોઈ કંઈ આપતું નથી. એવું કેમ હશે ?'

મારિયાના આ સવાલને શો જવાબ આપવો તે સાયમનને સમજાયું નહીં. તેથી તેણે કહ્યું, 'હવે વાતચીત લંબાવવાનો કંઈ અર્થ નથી. મને ઊંઘ આવે છે. તું પણ ઊંઘી જા.'

આમ કહી સાયમને ફાટેલી પિછોડી માથા સુધી ઓઢી લીધી અને તે ઊંઘી ગયો.

## ૫

સવારમાં સાયમન ઊઠ્યો ત્યારે તેનાં છોકરાં હજુ ઊંઘતાં હતાં. ઘરમાં લોટ નહોતો તેથી ઘરવાળી પડોશીને ત્યાં લોટ માગવા ગઈ હતી. એમનો અજાણ્યો મહેમાન તેને પહેરવા આપેલાં જૂનાં કપડાં પહેરી ઓસરીમાં પડેલા બાંકડા પર બેઠો હતો. ગઈ કાલના કરતાં આજે તે કંઈક વધારે સ્વસ્થ જણાતો હતો.

સાયમન તેની પાસે ગયો અને પૂછ્યું, 'કેમ ભાઈ, રાત કેવી ગઈ?'

'સારી.' પેલાએ ટૂંકો જવાબ આપ્યો.

'ભાઈ, હવે બીજો સવાલ. ભગવાને આપણને આ શરીર આપ્યું છે તેને ઢાંકવા માટે આપણે કપડાં જોઈએ તથા પેટનો ખાડો પૂરવા માટે ખાવું પડે. એને માટે દરેક માણસે કંઈ ને કંઈ કામ કરવું જોઈએ. તને એવું કોઈ કામ આવડે છે?'

'મને એવું એકેય કામ આવડતું નથી.'

સાયમનને આ વાત સાંભળી નવાઈ તો લાગી પણ તેણે કહ્યું, 'ભલે, પરંતુ જો માણસ આવું કંઈ કામ શીખવા માગે તો તે જરૂર શીખી લઈ શકે.'

સાયમનની આ વાત સાંભળી પેલા માણસે જરા વિચાર કરી કહ્યું, 'ખરી વાત છે. જીવવા માટે કંઈક ઉદ્યમ તો દરેકે કરવો જ જોઈએ. હું પણ એવો કોઈક ઉદ્યમ શીખી લઈશ.'

'તારું નામ શું? આપણે આટલી બધી વાતો કરી પણ તારું નામ પૂછવાનું તો રહી જ ગયું.'

'માઈકલ.'

'તો જો માઈકલ. તારા અંગત જીવન વિષે તારે મને કંઈ ન કહેવું હોય તો તે માટે મારું કોઈ દબાણ નથી. તું મારે ત્યાં રહેવા માગતો હોય તો હું તેમ કરવા રાજી છું. તને ખાવાનું તથા પહેરવા-ઓઢવાનું મળી રહેશે. રહેવાનું પણ અહીં જ રાખજે. પણ તારે હું શીખવું તે કામ શીખી લેવું પડશે.'

'ભગવાન તમારું ભલું કરો. તમે જે કામ બતાવો તે હું શીખી લઈશ. બોલો, મારે કયું કામ કરવાનું છે?'

સાયમને કામ કરવાની જગ્યાએ બેઠક લીધી અને માઈકલને સામે બેસાડી સૂતરની આંટી ઉકેલતાં ઉકેલતાં કહ્યું, 'આમાં કાંઈ અઘરું નથી. જો, સૂતર ઉકેલી તેની એક લટ લઈ તેને આમ વળ આપવાનો.' આમ કહી સાયમને દોરી વણવા માંડી.

સાયમન કેવી રીતે દોરી વણતો હતો તે માઈકલે ધ્યાનથી જોયા કર્યું. સાયમને વળ આપી દીધા બાદ દોરી પર મીણ ઘસ્યું. જોડા સીવવા માટેની દોરી તૈયાર થઈ ગઈ. માઈકલે દોરી હાથમાં લઈ તપાસી જોઈ. આ કામમાં માઈકલને રસ પડ્યો તે જોઈ સાયમન ખૂબ રાજી થયો.

પછી સોયા વડે જોડા કેવી રીતે સીવવા તે સાયમને માઈકલને શીખવ્યું. તે કામ પણ માઈકલને ગમ્યું તથા તેણે પણ જૂના ચામડાનો ટુકડો લઈ ટાંકા લેવાનું શરૂ કરી દીધું.

આવી તાલીમ ત્રણ દિવસ ચાલી. સાયમને જે કંઈ શીખવ્યું તે માઈકલે ઝડપથી શીખી લીધું. ત્રણ દિવસ બાદ ચોથે દિવસે તો તેણે એક ઘડાયેલા કારીગરની જેમ કુશળતા-થી જોડા સીવવા માંડ્યા. માઈકલ ખંતીલો હતો. તેના કામમાં તે આખો વખત લાગ્યો રહેતો. તેનો ખોરાક પણ થોડો હતો. તે સ્વભાવે પણ શાંત હતો. સાંજે કામકાજ પતાવી તે જમી લેતો અને જમ્યા પછી બાંકડા પર બેસી આકાશ સામે જોયા કરતો. તે ક્યારેય ગામમાં ફરવા જતો નહીં. કોઈની સાથે સામે ચાલીને વાત કરતો નહીં. કોઈ બોલાવે ત્યારે પણ તે ખપ પૂરતું જ બોલતો.

માઈકલના મોં પરનું સહજ ગાંભીર્ય ક્યારેય તૂટ્યું નહોતું. સાયમને, તેની પત્નીએ કે બીજા કોઈ પણ માણસે માઈકલને હસતો જોયો નહોતો. હા, પહેલી વખત તે આવ્યો અને માર્થિયાએ તેને ખાવાનું આપ્યું ત્યારે આભારની લાગણી બતાવવા માટે તેણે એક સ્મિત વેરેલું, પણ તે સિવાય તે કદી હસતો કે મજાક કરતો જોવા મળ્યો નહોતો.

૬

વખતને જતાં વાર લાગતી નથી. દિવસ પછી દિવસ અને મહિના પછી મહિના પસાર થતા ગયા. એક વરસ પૂરું થયું. સાયમનને ત્યાં માઇકિલ નામે એક કારીગર છે તે જેવા જોડા સીવે છે તેવા સુંદર અને ટકાઉ જોડા કોઈ સીવી શકતું નથી એવી વાત એ વિસ્તારમાં જાણીતી થઈ ગઈ. સાયમનને ત્યાં દૂર દૂરના ગામના લોકો પણ જોડા સિવડાવવા આવવા લાગ્યા. સાયમનનો જોડા સીવવાનો ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો.

શિયાળાના દિવસો હતા. સાયમન અને માઇકિલ બંને જણ જોડા સીવવાના કામમાં ગૂંથાયેલા હતા. તેવામાં તેમની શેરીમાં એક શણગારેલી ઘોડાગાડી દાખલ થઈ. ગાડીને ત્રણ ઘોડા જોડેલા હતા. ઘોડાના દાબડા અને ઘંટડીઓના રણકાર સાયમનને દરવાજે આવીને અટકી ગયા. સાયમને બારીમાંથી જોયું તો ગાડી ચલાવનાર કૂદકો મારીને નીચે ઊતરી ગાડીનું બારણું ખોલતો હતો. ગાડીમાંથી એક ગૃહસ્થ બહાર આવ્યા. તેણે રૂંવાંવાળો કોટ પહેરેલો હતો. ધીર ગંભીર પગલાં માંડતો એ સજ્જન સાયમનને ઊમરે આવી પહોંચ્યો. મારિયા સામી ગઈ અને તેણે બારણું પૂરેપૂરું ખોલી નાખી એ ગૃહસ્થને આવકાર્યા. આવનાર બારણા પાસે થોભી ગયો. તેની ઊંચાઈ બારસાખની ઊંચાઈ કરતાં વધારે હતી. તેને નીચા નમીને બારણામાંથી અંદર દાખલ થવું પડ્યું. સાયમનની નાની ઝૂંપડીના એક ખૂણામાં તે ઊભો રહ્યો ત્યારે આખો ખૂણો જાણે ભરાઈ ગયો.

સાયમન જોડા સીવવાનાં સાધનો હેઠાં મૂકી ઊભો થયો અને આગંતુકને આશ્ચર્યથી જોઈ રહ્યો. આવો ભરાવદાર, ઊંચો અને પ્રભાવશાળી માણસ તેણે અગાઉ ક્યારેય જોયો નહોતો. સાયમન પોતે સુકલકડી હતો. માઇકલનું શરીરેય કંઈ ખાસ ભરાવદાર નહોતું. મારિયા તો તદ્દન પાતળી હાડપિંજર જેવી હતી. આ ત્રણેની વચ્ચે આવી પડેલો આ માણસ તો જાણે કોઈ નવી જ દુનિયામાંથી આવ્યો હોય તેમ લાગતું હતું. તેનો ચહેરો ગુલાબી હતો. તેના શરીરનો બાંધો મજબૂત અને ભરાવદાર હતો, તેની છાતી ટટાર હતી, ગરદન ઊંચી હતી, તેનું શરીર રોમન સૈનિકની યાદ આપે તેવું હતું.

એ ગૃહસ્થે એનો રૂંવાંવાળો કોટ કાઢી નાખ્યો અને બાંકડા પર બેસતાં બેસતાં પૂછ્યું, 'તમારામાંથી માલિક કોણ?'

'હું સાહેબ.' સાયમને આગળ આવી કહ્યું.

પેલા માણસે બાંકડા પર બેઠાં બેઠાં પાસે ઊભેલા નોકરને કહ્યું, 'અરે જો, ગાડીમાંથી ચામડું કાઢી લાવ તો.'

નોકર દોડતો દોડતો ગાડીમાંથી એક પડીકું લઈ આવ્યો. પેલા ગૃહસ્થે પડીકું સાયમનને આપતાં કહ્યું, 'આને છોડી નાખ.' સાયમને પડીકું છોડી નાખ્યું.

પડીકામાંનું ચામડું દેખાતાં જ પેલા ગૃહસ્થે સાયમનને કહ્યું, 'જો, આ ચામડું કેવું લાગે છે?'

'સારું લાગે છે.'

'અરે સારું તો ખરું જ, પણ એ કેવું છે, તેની તને ખબર છે?'

સાયમને ચામડાને હાથમાં લઈ આમતેમ ફેરવી ફેરવીને તપાસી લીધું.

'ખરેખર ઉમદા પ્રકારનું ચામડું છે.'

'ઉમદા તો છે, પણ સાચું કહે, આ અગાઉ તેં આવું ચામડું કદીય જોયું છે? આ ચામડું જર્મનીમાંથી આણેલું છે. મેં તેને માટે વીસ રૂબલ ખર્ચ્યાં છે.'

સાયમને ગભરાતાં ગભરાતાં કહ્યું, 'બાપજી, આવું ચામડું તો મેં ક્યાંથી જોયું હોય?'

'તો જો, આમાંથી મારા જોડા બનાવી આપવાના છે. તું બનાવી આપીશ?'

'જરૂર બનાવી આપીશ.'

'તું બનાવી શકીશ એમ! તો જરા કાન ખોલીને સાંભળી લે. તું કોને માટે જોડા બનાવે છે અને કયા ચામડા-માંથી બનાવે છે તે તારે જાણી લેવું જોઈએ. આ ચામડામાંથી એક વરસ સુધી સહેજ પણ તૂટે નહીં તથા જેવા ને તેવા રહે એવા જોડા તારે સીવી આપવાના છે. જો તારાથી એવા જોડા બનાવાય તેમ હોય તો આ ચામડું લઈ લે અને જોડા સીવી કાઢ. અને જાણી લે કે, એક વરસ પહેલાં જો એ જોડામાંથી એક ટાંકોય તૂટી ગયો, અથવા તેના આકારમાં સહેજ પણ ફેરફાર થયો, તો તને જેલના સળિયા પાછળ ધકેલી દઈશ. અને જો વરસ સુધી એ જોડાને કંઈ ન થયું, તેવા ને તેવા રહ્યા, તો તને દસ રૂબલ આપીશ.'

પોતાના આ રાજવી ઘરાકની શરત સાંભળીને સાયમન ગભરાઈ ગયો. આ ઘરાકને શો જવાબ આપવો એ તેને

સમજાયું નહીં. તેણે માઈકલ સામે જોયું અને પૂછયું, 'માઈકલ, આ ચામડું રાખી લઈશું ?'

માઈકલે હકારમાં માથું ધુણાવ્યું.

સાયમને માઈકલની સલાહ પ્રમાણે ચામડું રાખી લીધું. પેલા રાજવીએ જણાવ્યા પ્રમાણેના જોડા સીવવાનું તેણે મંજૂર રાખ્યું.

પછી રાજવીએ બાંકડા સામે મૂકેલા લાકડાના ઢીમચા પર ડાબો પગ મૂકી તેના નોકરને જોડા કાઢી નાખવા કહ્યું. નોકરે જોડો કાઢી નાખ્યો.

'મારા જોડાનું માપ લઈ લે.' તેણે સાયમનને કહ્યું.

સાયમને એક સત્તર ઇંચ લાંબો કાગળ કાઢી તેના પર પડેલી ગડીઓ સરખી કરી. પેલાના પગનું માપ લેતાં તેના જોડા બગડે નહીં તેટલા માટે પોતાના હાથ લૂછી લૂછીને સાફ કર્યા. પછી એ રાજવીના પગના પંજાનું તથા એડીનું માપ લીધું. અગાઉ કદી તેણે આવા ભારી પગનું માપ નહોતું લીધું.

'જોજે, પગમાં જોડા ડંખવા ન જોઈએ.'

સાયમને કાળજીપૂર્વક માપ લઈ લીધું એટલે પેલા રાજવીએ મોજાં પહેરવા માંડયાં. મોજાં પહેરતાં પહેરતાં તેણે આખી ઝૂંપડીમાં એક નજર ફેરવી. તેણે માઈકલને જોયો અને સાયમનને પૂછયું, 'આ કોણ છે ?'

'સાહેબ, એનું નામ માઈકલ. એ મારો કારીગર છે. તમારા જોડા પણ એ જ સીવી આપશે.'



'જોડા સમયસર થઈ જાય તે જોજે.'

'તો ધ્યાન રાખજે માઈકલ, બરાબર એક વરસ સુધી એવા ને એવા રહે તેવા જોડા સીવવાના છે.'

સાયમને પણ માઈકલ સામે જોયું, પરંતુ માઈકલનું ધ્યાન ન તો પેલા રાજવી તરફ હતું કે ન તો સાયમન તરફ હતું. માઈકલનું ધ્યાન એ રાજવી જ્યાં ઊભો હતો તેની પાછળના ખૂણામાં હતું. ત્યાં જાણે કોઈ ઊભું હોય અને એ તેને જોતો હોય એમ લાગતું હતું. માઈકલે એ ખૂણામાં ટીકી ટીકીને જોયા કર્યું અને પછી એકાએક તેના મોં પર સ્મિત લહેરી ઊઠયું. તેના ચહેરા પર તેજ છવાઈ ગયું.

'અરે, મૂરખ, મારી વાત સાંભળે છે કે નહીં? જોડા સમયસર અને કહ્યા પ્રમાણે થઈ જશે ને?' માઈકલનું આવું વર્તન જોઈ પેલો રાજવી તડૂક્યો.

'જરૂર થઈ જશે. તમે માગો તે દિવસે.' માઈકલે કહ્યું. અને તે પાછો કામમાં ગૂંથાઈ ગયો.

'તો જોડા સમયસર થઈ જાય તે જોજે.' એવું સાયમન-ને કહી એ માણસ ઊઠ્યો. તેણે તેનો રૂંવાંવાળો કોટ પહેરી લીધો અને ત્યાંથી દમામભેર ચાલવા માંડયું. જતી વખતે તે બારણા આગળ નીચા નમવાનું ચૂકી ગયો અને તેનું માથું બારસાખ જોડે અથડાયું.

તેને ગુસ્સો તો ચડ્યો, પણ કોને કહે? તેથી મનમાં ને મનમાં કંઈક બબડી, જ્યાં વાગ્યું હતું ત્યાં હાથ ઘસતાં ઘસતાં, તે ગાડીમાં બેસી ગયો. ગાડી ચાલી નીકળી.

તે ગયો એટલે સાયમને કહ્યું, 'માઈકલ, કેવી નમૂનેદાર તબિયત હતી! એને એક ધોકો માર્યો હોય તો ધોકણું તૂટી

જાય પણ એને કંઈ ન થાય. તેનું માથું કેવું જોરથી બારસાખ સાથે અથડાયું? બારસાખ હાલી ગઈ, પણ એને તો જાણે કંઈ ન થયું!'

મારિયાએ કહ્યું, 'એના જેવું ખાવાપીવાનું તથા હરવા-ફરવાનું મળે તો માણુસ તગડો ન થાય તો બીજું શું થાય? કેવી તબિયત! એ પહાડ જેવા માણસથી તો મૃત્યુ છેટું ભાગતું હશે.'

૭

બીજે દિવસે સવારે કામ શરૂ કરતી વખતે સાયમને માઈકલને કહ્યું, 'માઈકલ, આપણે આ કામ લીધું તો ખરું, પણ કંઈ આફત ન વહોરી બેસીએ તેની કાળજી રાખવી પડશે. ચામડું કીમતી છે અને તેના માલિકનો મિજાજ સાતમા આસમાને છે. આપણી જરા સરખી ભૂલ થઈ તો એ આપણને જીવતા નહીં છોડે. લે, તારી પાસે જે ચાલુ કામ છે તે તું મને આપી દે. તારી આંખ મારા કરતાં સારી છે. તારો હાથ પણ મારા કરતાં વધુ કેળવાયેલો છે. તેથી તું જ આ ચામડામાંથી જોડા માટે માપસરનું ચામડું વેતરી કાઢ.'

માઈકલે ચામડું લઈ લીધું અને તેને વેતરવા માટેના ટેબલ પર પાથરી દીધું. તેને વચમાંથી વાળી તેના બે સરખા ભાગ કર્યા અને પછી ચામડું વેતરવા માંડ્યું.

માઈકલ ચામડું વેતરતો હતો તે વખતે મારિયા પણ ત્યાં જ બેઠી હતી. તે માઈકલને ચામડું વેતરતો જોઈ રહી. જોડા માટેનું ચામડું કેવી રીતે વેતરવામાં આવે છે તે

મારિયાએ ઘણી વખત જોયું હતું. આજે માઈકલ જોડા માટે જે રીતે ચામડું વેતરવું જોઈએ તેના કરતાં કંઈક જુદી જ રીતે ચામડું વેતરતો હતો એ તે જોઈ શકી. માઈકલ આવું શા માટે કરે છે એમ પૂછવાનું તેને મન થયું, પરંતુ માઈકલ કેવા જોડા સીવવાના છે તે જાણે છે તથા તેના કામમાં તે પાવરધો છે એટલે તેને કંઈ પૂછવું ઠીક નહીં ગણાય એમ માની મારિયાએ જીભે આવેલા શબ્દો પાછા વાળ્યા.

માઈકલે ચામડું વેતરી સીવવાની તૈયારી કરવા માંડી. તેણે ચામડાને એક છેડેથી સીવવા માંડ્યું. જોડા સીવવા માટે ચામડાને બંને છેડેથી સીવવું જોઈએ. જ્યારે માઈકલે તો સપાટિયાં સીવવા માટે જે રીતે સિલાઈ કરવી પડે તે રીતે ચામડું સીવવું શરૂ કર્યું હતું. મારિયા આ જોતી હતી. 'આ માઈકલ જોડા સીવે છે કે સપાટિયાં?' એવો સવાલ પણ તેને થયો છતાં માઈકલના કામમાં તેને વિશ્વાસ હોવાથી તે આ વખતે પણ કંઈ બોલી નહીં.

બપોર થતાં સુધીમાં તો માઈકલે સપાટિયાંની એક જોડ સીવી કાઢી. સાયમન બપોરે જમવા ઊઠ્યા ત્યારે તેની નજર કીમતી ચામડામાંથી માઈકલે સીવેલી સપાટિયાંની જોડ પર પડી. તેને થયું: 'અરે! માઈકલે આ શું કર્યું? આ ચામડામાંથી જોડા સીવવાના હતા અને એણે તો સપાટિયાં સીવી કાઢ્યાં! માઈકલ મારે ત્યાં કેટલાં વરસથી કામ કરે છે? એણે આવી ભૂલ કદી નથી કરી. પેલા રાજાએ તો ચારે તરફથી બાંધેલા, મજબૂત, ઊંચી એડીવાળા

દમામદાર જોડા સીવવાનું કહ્યું હતું. જ્યારે માઈકલે તો માત્ર આગળથી પગ નાખીને પહેરી લેવાય તેવાં સપાટિયાં જ સીવ્યાં છે. સપાટિયાં સીવતાં ચામડું વધ્યું છે ખરું, પણ તેટલામાંથી જોડા નહીં સીવી શકાય. એ માણસને હવે હું શો જવાબ આપીશ? જો તે આવું ચામડું પાછું માગશે તો હું ક્યાંથી લાવી આપીશ?'

તેણે માઈકલને કહ્યું, 'માઈકલ, તેં આ શું કર્યું? તારું શું થશે તેની ખબર નથી પણ મારું તો આવી બન્યું જાણ. પેલા માણસે જોડા બનાવવા માટે ચામડું આપેલું અને તેં તો હલકાંફૂલ સપાટિયાં સીવી કાઢ્યાં. હવે શું થશે તે મને સમજાતું નથી.'

તેઓ આવી વાત કરતા હતા તે જ વખતે એક ઘોડેસવાર મારતે ઘોડે શેરીમાં દાખલ થયો અને સાયમનના ઘરની સામે આવીને અટક્યો. સાયમને જોયું તો ઘોડાને બહાર બાંધીને એ માણસ તેને ઘરે જ આવતો હતો. નજીક આવતાં સાયમને તે માણસને ઓળખી કાઢ્યો. ગઈ કાલે જોડા સિવડાવવા માટે આવેલા રાજાનો ગાડીવાન ઘોડા પર આવ્યો હતો. તે ઝડપભેર સાયમન પાસે આવ્યો અને તે કંઈ બોલે તે પહેલાં જ સાયમને પૂછ્યું:

'બોલ ભાઈ, શું કામ લાવ્યા છો?'

'મારી માલિકણે મને પેલા જોડા અંગે તપાસ કરવા મોકલ્યો છે.'

'જોડા અંગે! એનું શું કરવાનું છે?'

'ભાઈ, ન બનવાનું બની ગયું છે. મારા માલિક એ જોડા પહેરવા માટે જીવ્યા નહીં. . . .' પેલાએ જરા દુઃખી અવાજે કહ્યું.

'હોય નહીં! એ પહાડ જેવો માણસ આમ એકાએક મરી જાય એ વાત માન્યામાં નથી આવતી.'

'ઘણાના માન્યામાં ન આવે એવી વાત છે, પણ આમાં માનવા ન માનવાનો સવાલ જ નથી. જે બન્યું છે તે દુઃખદ છે, છતાં હકીકત છે. . . .' આટલું કહી એ માણસ જરા થોભ્યો.

'આ બન્યું શી રીતે?' સાયમને પૂછ્યું.

'ભાઈ, તમને જોડા સીવવા માટે આપી અમે પાછા ફર્યાં. અમારા માલિકે ગાડીમાં બેસી ગાડીનું બારણું બંધ કરી દીધું. તેઓ રસ્તામાં, ગાડીની અંદર ને અંદર જ ખલાસ થઈ ગયા. મેં ઘરે પહોંચી ગાડીનું બારણું ઉઘાડ્યું પણ તેઓ બહાર ન નીકળ્યા. મેં અંદર જોયું. . . .તેઓ બેઠક પર ઢળી પડેલા હતા. મહામહેનતે અમે તેમના મૃતદેહને ગાડીમાંથી બહાર કાઢ્યો.

'મારા માલિક તમને જે ચામડું આપી ગયા છે તેના જોડા પહેરવા એ તેમની છેલ્લી ઇચ્છા હતી એમ ગણાય. પણ હવે એ જોડા સીવવાનો અર્થ નથી. મારાં માલિકણની એવી ઇચ્છા છે કે માલિકની છેલ્લી ઇચ્છા પૂરી કરવા માટે તેમના મૃતદેહને એ ચામડામાંથી સીવેલાં સપાટિયાં પહેરાવી પછી દફનવિધિ કરવી. એટલે એ ચામડામાંથી હલકાં સપાટિયાંની એક જોડ અત્યારે ને અત્યારે સીવી

આપો. મારે એ જોડ સાથે લઈને પાછા જવું છે. એના વગર અંતિમક્રિયાનું કામ ઢીલમાં પડશે.'

માઈકલ પાસે એ ચામડામાંથી સીવેલી સપાટિયાંની જોડ તૈયાર હતી. તેણે તેને પૉલિશ કરીને ચકચકિત કરી આપી. વધેલા ચામડામાં આ જોડ વીંટીને તેણે સાયમનને આપી. સાયમને એ પડીકું પેલા માણસને સોંપી દીધું.

એ માણસ સપાટિયાં તથા વધેલા ચામડાનું બંડલ લઈ મારતે ઘોડે ત્યાંથી વિદાય થયો.

૮

વરસ પર વરસ પસાર થઈ ગયાં. સાયમનને ત્યાં માઈકલ તેનું છઠ્ઠું વરસ કાઢતો હતો. તેની રહેણીકરણીમાં કોઈ જાતનો ફેરફાર નહોતો થયો. તે ક્યાંય જતો નહીં, ખપ પૂરતું જ બોલતો, તથા ક્યારેય કોઈની સાથે મજાક કરતો નહીં. આ છ વરસ દરમિયાન સાયમન તથા માત્રિયાએ બે જ પ્રસંગે તેના મોં પર સ્મિત જોયું હતું — પહેલી વખત માત્રિયાએ તેને ખાવાનું આપ્યું ત્યારે અને બીજી વખત જ્યારે પેલો રાજવી જોડા સિવડાવવા માટે ઝૂંપડીમાં આવ્યો હતો ત્યારે.

સાયમનને તેના આ કારીગર તરફ ભારે માયા હતી. તે ક્યારેય એને કંઈ પૂછતો નહીં. વળી તે ક્યાંથી આવ્યો હશે તેની પણ હવે સાયમનને ચિંતા નહોતી. હવે તો માઈકલ કામ છોડીને ચાલ્યો ન જાય તે માટે સાયમન પ્રભુને પ્રાર્થના કરતો હતો.

એક દિવસની વાત છે. મારિયા રસોડાના કામમાં ગૂંથાયેલી હતી, છોકરાંઓ ઓસરીમાં રમતાં હતાં અને સાયમન તથા માઇકલ સામસામી બેઠક પર બેસીને જોડા સીવતા હતા.

એવામાં સાયમનનો સૌથી નાનો છોકરો દોડતો દોડતો અંદર આવ્યો અને માઇકલને ગળે વીંટળાઈને કહેવા લાગ્યો : 'કાકા, જુઓ તો ખરા, પેલી બાઈ બે નાની નાની છોકરીઓને લઈને આ તરફ આવતી લાગે છે. એ બેમાંથી એક છોકરીનો પગ ચાલતી વખતે ખચકાય છે, તે લંગડી લાગે છે.'

છોકરાની આ વાત સાંભળી માઇકલે બધું કામ પડતું મૂકી બારીમાંથી બહાર શેરીમાં જોવા માંડ્યું.

માઇકલના આવા વર્તનથી સાયમનને જરા નવાઈ લાગી. કારણ માઇકલ ક્યારેય કામ પડતું મૂકી શેરીમાં શું બની રહ્યું છે તે તરફ ધ્યાન આપતો નહીં. સાયમનને પણ કુતૂહલ થયું અને તે બારી પાસે જઈ શેરીમાં શું બની રહ્યું છે તે જોવા લાગ્યો. એક બાઈ બે હાથે નાની ઢીંગલી જેવી છોકરીઓ વળગાડીને એમના ઘર તરફ જ આવતી હતી. છોકરીઓએ રૂંવાંવાળો કોટ પહેરેલો હતો તથા માથે કીમતી શાલ વીંટેલી હતી. એ બે છોકરીઓનાં તથા એ બાઈનાં કપડાં પરથી એ લોકો સુખી ઘરનાં હોય એમ લાગતું હતું. એ લોકો નજીક આવતાં બંને છોકરીઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાતા થયા. બંનેના ચહેરા તદ્દન સરખા હતા. એક જોઈએ અને બીજો ભુલાય. પરંતુ એક છોકરીનો પગ જરા

લંઘાતો હતો અને એ રીતે તે બીજી છોકરીથી જુદી પડતી હતી.

એ બાઈ બંને છોકરીઓ સાથે સાયમનના દરવાજે આવી પહોંચી. તે બારણું ધકેલી ઓસરીમાં આવી. પહેલાં પેલી બે છોકરીઓને આગળ કરી તેમની પાછળ પાછળ એ બાઈ સાયમન અને માઈકલ જ્યાં જોડા સીવવા બેસતા તે જગ્યાએ આવી પહોંચી.

'આવો બહેન.' સાયમને તેમને નમસ્કાર કરી કહ્યું.

બાઈએ સામા નમસ્કાર કર્યાં અને તે બાંકડા પર બેઠી. બંને નાની છોકરીઓ તેના ખોળામાં ભરાતી હોય તેમ તેને વળગીને ઊભી રહી. ઝૂંપડીમાં નવા માણસોને જોઈ છોકરીઓ જરા બીતી હોય એવું લાગ્યું.

'બહેન, બોલો શું સિવડાવવું છે?' સાયમને પૂછ્યું.

'મારે આ બંને છોકરીઓ માટે ચામડાની મોજડીઓ સિવડાવવી છે.' બાઈએ કહ્યું.

'ખુશીથી સીવી આપીશું. આજ સુધી આટલાં નાનાં બાળકો માટે મોજડી બનાવી નથી, પણ કંઈ ન જ બનાવી શકાય એવું થોડું છે? સીવી આપીશું. મારો કારીગર માઈકલ આ કામમાં નિપુણ છે. તે આ બંને છોકરીઓ માટે સુંદર મોજડીઓ સીવી આપશે.'

સાયમને માઈકલ સામે જોયું. સામાન્ય રીતે કોઈ આવ્યું હોય ત્યારે પણ માઈકલ કામમાં ગૂંથાયેલો રહેતો. પરંતુ આજે તે કામ પડતું મૂકી બાઈ સાથે આવેલી બે

છોકરીઓને ધારી ધારીને જોઈ રહ્યો હતો. રૂંવાંવાળા કોટ તથા કીમતી શાલમાં લપેટેલી કાળી કાળી આંખો, ભરાવદાર મોં, ગુલાબી ગાલ, સુંદર કપડાંવાળી આ બે ઢીંગલીઓ કોઈનેય જોયા કરવી ગમે તેવી હતી. પરંતુ સાયમન તો જાણે વરસોથી આ છોકરીઓને ઓળખતો ન હોય તે રીતે તેમની સામે જોયા કરતો હતો. આવા વર્તનથી સાયમનના મનમાં અનેક તરંગો આવી ગયા, પણ તેણે બાઈ સાથે વાત કરતા રહી મોજડીનો ભાવ નક્કી કરવાનું ચાલુ રાખ્યું. આ કિંમત નક્કી થતાં તેણે છોકરીઓના પગનું માપ લેવાની તૈયારી કરવા માંડી. બાઈએ જે છોકરીનો એક પગ લંગડાતો હતો તેને ખોળામાં લઈ કહ્યું, 'તમે આનું બંને પગનું માપ લઈ લો. આ લંગડાય છે તે પગના માપની એક અને બીજા પગના માપની ત્રણ મોજડી બનાવી કાઢજો. બંનેના પગનું માપ સરખું જ છે. તસુનોય ફેર નથી. બંને જોડિયા બહેનો છે.'

સાયમને પગનું માપ લઈ લીધું અને પછી કહ્યું, 'કેવી મજાની છોકરી છે! એનો પગ આવો શાથી થઈ ગયો? જન્મથી જ આવી ખોડ છે એવું તો નથીને?'

'ના, એની માથી એનો કુમળો પગ કચરાઈ ગયો હતો.'

મારિયા પણ ત્યાં જ હતી. તેણે પૂછ્યું, 'એની માથી! તો શું આ તમારી દીકરીઓ નથી!'

'ના બહેન, હું તેમની માયે નથી તથા કોઈ સગી પણ નથી. તેમને ને મારે કશો સંબંધ નહોતો. પણ મેં તેમને મારી દીકરીઓ માનીને જ મોટી કરી છે.

'એમ? તમારે એમની સાથે લોહીની સગાઈ નથી! તોય તમને આ છોકરીઓ તરફ આટલી બધી માયા છે?'

'બહેન, લોહીની સગાઈ નથી એ ખરું, પણ બંનેએ ધાવણ તો મારું પીધું છે. એટલે લોહીની સગાઈ જેવી માયા કેમ ન હોય? મારે એક બાળક હતું પણ પરમાત્માએ તેને લાંબો સમય મારી સાથે ન રહેવા દીધું. આજે તો તેના પર મને જેટલી માયા હતી તેના કરતાંય આ બે જણ પર વધારે માયા છે.'

મારિયાને આટલી વાતથી સંતોષ ન થયો એટલે તેણે કહ્યું, 'બહેન, તમારી આટલી વાત જાણી અમને એ વાતમાં રસ પડ્યો છે. વાંધો ન હોય તો જરા વિગતે વાત કરો ને.'

૯

આટલી વાત કર્યા પછી વિગતે વાત કરવામાં એ બાઈ ને કશો વાંધો નહોતો. આથી તેણે માંડીને વાત કહી સંભળાવી.

''આજથી લગભગ છ વરસ પર આ બંને છોકરીઓનાં મા અને બાપ બંને એક જ અઠવાડિયામાં મરણ પામ્યાં હતાં. બાપ મંગળવારે મરણ પામ્યો અને તેની પાછળ પાછળ શુક્રવારે મા પણ મરણ પામી. તેમના બાપના મૃત્યુ બાદ ત્રીજે દિવસે આ બંને છોકરીઓનો જન્મ થયેલો, અને જન્મ થયો તે જ દિવસે મા પણ મૃત્યુ પામેલી. અમારું ઘર એમની પડોશમાં આવેલું હતું, અમારાં ખેતરો પણ નજીક નજીક હતાં. તેમની જમીન નજીવી હતી. અમે ખેડૂત હતાં જ્યારે આ છોકરીઓનો બાપ કઠિયારો હતો. તેનું જીવન કંઈક એકલવાયું અને શાંત હતું. તે જંગલમાં ઝાડ કાપવા જતો.

એક વખત તે કામે ગયેલો ત્યારે બીજા કઠિયારાએ કાપેલું મોટું ઝાડ તેની પર ધસી આવ્યું અને તે તેની નીચે ચગદાઈ ગયો. તેની છાતીનો ભાગ છૂંદાઈ ગયો. માથા પર પણ ભારે ઈજા થઈ. તેના સાથીદારો તેને ઘરે લાવે તેટલામાં તો તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. તે જ અઠવાડિયામાં તેને ત્યાં આ છોકરીઓનો જન્મ થયો. સુવાવડ વખતે એની મા ઘરમાં એકલી હતી. ઘરમાં ન તો નાનું છોકરું હતું કે ન કોઈ ઘરડું. છોકરીઓના જન્મ વખતે તેમની મા એકલી હતી, અને તે છોકરીઓને એકલી મૂકીને પ્રભુના દરબારમાં ચાલી ગઈ.

"બીજે દિવસે સવારે હું તેની ખબર કાઢવા ગઈ ત્યારે તે પથારીમાં ટૂંટિયું વાળીને પડી હતી. બિચારી! તેના શરીરમાંથી પ્રાણપંખેરું ઊડી ગયું હતું. મરતી વખતે તેણે એકાદ આળોટિયું ખાધેલું અને તેમાં તરતની જન્મેલી આ છોકરીનો કુમળો પગ ચગદાઈ ગયેલો! ગામના લોકોએ ભેગા મળી એ બાઈનો અંતિમસંસ્કાર કર્યો. ખરો સવાલ અંતિમસંસ્કાર પતી ગયા પછી ઊભો થયો. ત્યાં ભેગા થયેલા ગામના લોકો સામે એક જ સવાલ હતો: આ બે છોકરીઓનું હવે કોણ? તેમનું શું કરવું? ગામમાં તે વખતે મારી એકલીને ઘેર ધાવણું છોકરું હતું. મારે પહેલે ખોળે જન્મેલા બે મહિનાના બાળકને હું મોટું કરતી હતી. એટલે બીજું કંઈ નક્કી થાય ત્યાં સુધી હું આ બંનેને મારે ત્યાં લઈ આવી. ગામના પંચોએ ઘણો વિચાર કરી જોયો પણ કંઈ સૂઝ્યું નહીં. એટલે આખરે તેઓ મારી પાસે આવ્યા. અમારા મુખીએ મને કહ્યું, 'મેરી, અમને કંઈ સૂઝતું નથી.

તું જ આ બંને છોકરીઓને મોટી કર. તેઓ જરા મોટી થાય એટલે તેમનું શું કરવું તે અમે નક્કી કરીશું.'

"આમ એ બંને જણીઓ મારે ત્યાં આવી. આ પહેલીને હું ધવડાવતી, પણ આ જેનો પગ છૂંદાઈ ગયો હતો તેની તરફ મને માયા નહોતી થતી. મને એમ થતું કે આ કંઈ જીવવાની નથી. પણ પછી એમ થયું, 'મરવાની હશે જ એમેય કોણે જાણ્યું? એટલે હું તેને આમ ભૂખે મરવા દઉં તે બરાબર નથી.' એટલે મેં તેનેય ધવડાવવી શરૂ કરી. તે વખતે મારાં ધાવણ પર ત્રણ જણ નભતાં હતાં. મારો બે મહિનાનો છોકરો અને આ બે છોરીઓ. મારું શરીર ખૂબ તંદુરસ્ત હતું, મારે ત્યાં અનાજ કે ઘીદૂધની ખોટ નહોતી. વળી ઈશ્વર પણ અમારી સાથે હતો. તમે માનશો નહીં પણ આ ત્રણે જીવને ધવડાવવા છતાંય ક્યારેક તો ધાવણ વહી જતું! એવુંય બનતું કે બે જણાને હું એક સાથે ધવડાવતી, અને ત્રીજું રાહ જોતું તૈયાર હોય. બેમાંથી એક ધરાય એટલે હું ત્રીજાને લેતી. અને આમ આ ત્રણે જણ ખીલતા ફૂલની જેમ મોટાં થતાં હતાં. પરંતુ ઈશ્વરે જુદું જ ઇચ્છ્યું હતું. મારો દીકરો બે વરસ પૂરાં કરે તે પહેલાં તો ચાલ્યો ગયો. ત્યાર પછી મને ઈશ્વરે એકેય બાળક ન આપ્યું. પણ પૈસેટકે અમારી સ્થિતિ સુધરતી જ ગઈ. મારા પતિની ખેતી વધતી ગઈ. અત્યારે તેને એક મોટા અનાજના વેપારીને ત્યાં સારો દરમાયો પણ મળે છે. અમારે આજે કશાની ખોટ નથી. તમે જ કહો, પૈસેટકે ભર્યાભાદરા અમારા ઘરમાં જો આ બે છોકરીઓ ન હોત, તો અત્યારે અમારા

જીવનમાં શો આનંદ રહેત? આમ તેમની તરફ મને આટલું બધું વહાલ હોય તે તદ્દન સ્વાભાવિક છે. મારા જીવનનો ખરો આનંદ આ બે છોકરીઓ જ છે એમ કહેવું કંઈ વધારે પડતું નથી.”

આટલું કહેતાં એ બાઈનો સાદ ભરાઈ આવ્યો. તેણે એક હાથથી પેલી છોકરીઓમાંથી લંગડાતી છોકરીને સોડમાં લીધી અને બીજે હાથે પોતાની આંખો લૂછી નાખી.

મારિયાનું મન પણ ભરાઈ આવ્યું: “માબાપ વગર જિવાય પણ ઈશ્વરની દયા વગર ન ચાલે.” તેણે ગંભીર અવાજે કહ્યું.

તેઓ આમ વાતચીત કરતાં હતાં તે વખતે આખી ઝૂંપડીમાં પ્રકાશ પ્રકાશ ફેલાઈ ગયો. આ પ્રકાશ માઈકલ જ્યાં બેઠો હતો તે ખૂણામાંથી આવતો હતો. માઈકલ ઘૂંટણિયે પડી હાથ જોડીને આકાશ સામે જોઈ રહ્યો હતો. તેના મોં પર પ્રસન્નતા છવાયેલી હતી, અને સ્મિત ફરકી રહ્યું હતું.

## ૧૦

એ બાઈ અને પેલી બે છોકરીઓ ચાલ્યાં ગયાં એટલે માઈકલ બાંકડા પરથી ઊઠ્યા. તેણે તેનું કામ સમેટી લીધું. તેનો ડગલો કાઢી નાખ્યો અને પછી સાયમન તથા તેની પત્નીને નમસ્કાર કરી કહ્યું: ‘માલિક, હવે હું રજા લઈશ. ઈશ્વરે મને માફી આપી છે. અહીં તમારે ત્યાં કંઈ ભૂલ થઈ હોય તો તે બદલ તમે પણ મને માફ કરશો.’

હીરો જેમ ઝગારા મારે તેમ માઈકલનું કપાળ ઝળકતું હતું. સાયમને ઊભા થઈ માઈકલને પ્રણામ કર્યાં અને કહ્યું: 'માઈકલ, હું જોઈ શકું છું કે તું કાંઈ સામાન્ય માણસ નથી. હું તને મારે ત્યાં રહેવા માટે દબાણ કરી શકું એમ નથી, તેમ જ તું શા માટે અહીંથી ચાલી જવા માગે છે તે પણ પૂછી શકું એમ નથી. આમ છતાં મારા એક સવાલનો જવાબ આપવા માટે વિનંતી કરું છું. તું પહેલવહેલી વખત મને મળ્યો અને હું તને ઘરે લઈને આવ્યો ત્યારે તું દુઃખી અને ઉદાસ જણાતો હતો. ઘરે મારી ઘરવાળીએ તને ખાવા આપ્યું ત્યારે તેં એની સામે જોઈ એક સ્મિત કર્યું હતું અને તે વખતે તારા મોં પર તેજ છવાઈ ગયું હતું. ત્યાર બાદ પેલો રાજવી આપણે ત્યાં જોડા સિવડાવવા આવ્યો તે દિવસે મેં બીજી વખત તારા મોં પર સ્મિત જોયું. તેં સ્મિત વેર્યું અને તારા ચહેરા પર અનોખો પ્રકાશ અને તેજ છવાઈ ગયાં! અને આજે પેલી બાઈ તેની સાથે બે છોકરીઓ લઈને આવી ત્યારે તેં ત્રીજી વખત સ્મિત કર્યું. તારા ચહેરા પર આજે પણ અનોખું તેજ હું જોઈ રહ્યો છું. માઈકલ, મેં ઉપર ગણાવ્યા તે ત્રણ પ્રસંગે તેં સ્મિત શા માટે કરેલું અને તે ત્રણે વખતે તારા ચહેરા પર આવું તેજ અને પ્રકાશ શાથી દેખાયાં તે મારે જાણવું છે. એ શાથી થયું?'

માઈકલે હસીને કહ્યું: 'આજે મારા ચહેરા પર જે પ્રકાશ કાયમ થયેલો દેખાય છે તેનું કારણ છે. ઈશ્વરે મને સજા કરી હતી, પણ હવે તેણે મને માફી આપી છે. ઈશ્વરે

મને ત્રણ સત્યો શીખવા માટે મોકલ્યો હતો. એ ત્રણે સત્યો હું શીખ્યો, અને જે વખતે હું તે શીખ્યો તે વખતે તમે મારા મોં પર સ્મિત લહેરાતું જોયું. પહેલું સત્ય જ્યારે માલિકણ બાઈએ મારા પર દયા બતાવી ત્યારે શીખ્યો અને તેથી તે વખતે મારા મોં પર સ્મિત લહેરાયું. પેલો રાજવી જોડા સિવડાવવા આવ્યો ત્યારે મને બીજું સત્ય શીખવા મળ્યું અને ફરી વાર તમે મારા મોં પર સ્મિત જોયું. છેલ્લે પેલી બે નાની નાની છોકરીઓને મેં જોઈ ત્યારે ત્રીજા સત્યનું મને જ્ઞાન થયું અને તેથી તે વખતે ત્રીજી વાર મારા મોં પર સ્મિત લહેરાયું.'

સાયમને આટલી વાત સાંભળી બીજો સવાલ પૂછ્યો: 'માઇકિલ, ઈશ્વરે તને શા માટે સજા કરી હતી? વળી, તું જે ત્રણ સત્યોની વાત કરે છે તે ત્રણ સત્યો કયાં કયાં? મને કહે, તો હું પણ તે જાણું.'

'ઈશ્વરે મને તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે સજા કરી હતી. હું ઈશ્વરનો દૂત હતો. સ્વર્ગમાં રહીને મેં ઈશ્વરની આજ્ઞા ઉથાપી. ઈશ્વરે મને એક સ્ત્રીનો આત્મા શોધી લાવવા માટે કહ્યું અને હું ઊડીને પૃથ્વી પર આવ્યો. એક ગામમાં ઊતર્યો. આ ગામમાં એક બાઈ માંદી હતી, પથારીવશ હતી. તેણે બે બાળકીઓને જન્મ આપ્યો હતો. બંને બાળકીઓ માના પડખામાં હતી પણ મા તેમને ઊચકીને ધવરાવી શકે તેમ નહોતું. એ બાઈએ મને જોયો અને તે સમજી ગઈ કે ઈશ્વરે મને તેનો પ્રાણ લેવા માટે મોકલ્યો છે. તે રડી પડી અને મને કહેવા લાગી, 'હે

દેવદૂત, મારા ધણીને મર્યે હજુ બે દિવસ પણ નથી થયા. જંગલમાં ઝાડ પડતાં ઝાડ નીચે કચડાઈને તે મરી ગયો હતો. મારે કોઈ સગુંવહાલું નથી: ન મા છે, ન બહેન કે ન કોઈ મામામાશી. તું મારા પ્રાણ લઈ લઈશ તો આ અનાથ બાળકીઓ સામે કોઈ જોશે સુધ્ધાં નહીં. તેથી તું હમણાં થોભી જા. આ બાળકીઓ જરા મોટી થઈ જાય અને પગભર થઈ જાય પછી તું મારો પ્રાણ લઈ જાય એવી મારી પ્રાર્થના છે. હું એટલી મહેતલ માગું છું. છોકરાં મા કે બાપ વગર જીવી શકતાં નથી.'

"મને તે બાઈ પર દયા આવી અને મેં તેની વાત ધ્યાન પર લીધી. તેના પડખામાં ઉંવાં ઉંવાં કર્યાં કરતી બે બાળકીઓમાંથી એકને તેની છાતી પર મૂકી આપી અને બીજીને તેના હાથમાં સોંપી હું ત્યાંથી પાછો ફર્યો. ઊડીને હું સ્વર્ગમાં ઈશ્વર પાસે આવ્યો અને ઈશ્વરને કહ્યું, 'એ બાઈનો પ્રાણ હું લાવી શક્યો નથી. એનો ધણી બે દિવસ પર જ મરણ પામ્યો છે. વળી બાઈએ બે બાળકીઓને જન્મ આપ્યો છે. અનાથ થનારી બાળકીઓની વાત કરી એ બાઈ તેનો પ્રાણ ન લેવા વીનવે છે. તે કહે છે કે બાળકો મા યા બાપ વગર જીવી શકતાં નથી. આ બાળકીઓ પગભર થઈ જાય તેટલી મને મહેતલ આપો. મને તેની દયા આવી અને હું તેનો પ્રાણ લીધા વગર પાછો આવ્યો છું.'

"મારી વાત સાંભળી ઈશ્વરે મને કહ્યું: 'પાછો જા અને એ બાઈનો પ્રાણ લઈ આવ. વળી ત્રણ સત્યો તારે શીખવાં પડશે: મનુષ્યના અંતરમાં શું રહેલું છે, કઈ

વસ્તુની મનુષ્યને ખબર હોતી નથી, અને મનુષ્યની જીવાદોરી કઈ છે — તે શાના આધાર પર જીવે છે.'

"હું પાછો આવ્યો અને પેલી બાઈનો પ્રાણ મેં હરી લીધો. તેની છાતી પરથી બે કુમળી બાળકીઓ પડખે ગબડી પડી. બાઈએ મરતાં મરતાં પડખું ફેરવ્યું. તેમ થતાં એક છોકરીનો પગ તેના પડખામાં દબાઈને વળી ગયો. એ બાઈનો પ્રાણ સ્વર્ગમાં પહોંચાડવા માટે હું ઊડ્યો, પણ મારી પાંખમાંથી એક પછી એક પીંછાં ખરી જવા લાગ્યાં. આખરે મારી બંને પાંખો ખરી પડી. પેલી બાઈનો પ્રાણ એકલો સ્વર્ગમાં પહોંચી ગયો, અને હું ત્યાં પૃથ્વી પર રસ્તાને કિનારે ખેતરમાં આવીને પડ્યો."

## ૧૧

આજ સુધી તેમની સાથે રહેનાર તથા જેને તેમણે આશ્રય આપી ખવડાવ્યું-પિવડાવ્યું તે કોણ હતું તેની સાયમન અને માટ્રિયાને આજે ખબર પડી. તેમની આંખમાં હરખનાં આંસુ આવ્યાં. દેવદૂતે કહ્યું: "હું ખેતરમાં એકલો પડ્યો હતો. મારા શરીર પર એકેય વસ્ત્ર ન હતું. મારે માણસ તરીકે પૃથ્વી પર જીવવાનું થયું ત્યાં સુધી માણસની જરૂરિયાતો, ભૂખ, ટાઢ, તાપ વગેરે કશાની મને ખબર નહોતી. હું ભૂખે મરતો હતો, ટાઢે ઠરી ગયો હતો અને મારે શું કરવું તેની મને સમજ પડતી નહોતી. એવામાં મારી નજર ખેતરને કિનારેથી ચાલી જતા રસ્તા પર અને રસ્તાની પડખે આવેલી દરગાહ પર પડી. ત્યાં કંઈક આશ્રય

મળશે એવી શ્રદ્ધા સાથે હું ત્યાં ગયો. પણ ત્યાં તાળું મારેલું હતું અને હું ત્યાં આશ્રય મેળવી શક્યો નહીં. એટલે પવનના સુસવાટાથી બચવા માટે હું ભીંતની ઓથે ટૂંટિયું વાળીને બેસી ગયો. ધીમે ધીમે સૂરજ ઢળવા લાગ્યો. કડકડતી ભૂખ અને કડકડતી ઠંડી — બંનેને લીધે મારા દુઃખનો પાર નહોતો. એવામાં રસ્તા પર કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો. હાથમાં એક જોડ બૂટ લઈ એક માણસ એકલો એકલો કંઈક લવારા કરતો કરતો ચાલ્યો આવતો હતો. માણસ તરીકે પૃથ્વી પર આવ્યા પછી તે દિવસે સૌ પહેલી વાર મેં મનુષ્યનો નાશવંત ચહેરો જોયો. મને એ ચહેરો ભયજનક લાગ્યો અને મેં મોં ફેરવી લીધું. મેં સાંભળ્યું તો એ માણસ ટાઢથી બચવા માટે શું પહેરવું તથા પોતાનાં બૈરીછોકરાંને શું ખવડાવવું તેની ચિંતામાં કંઈક લવારા કરતો હતો. એ સાંભળી મને થયું: 'મારું શરીર ટાઢે ઠૂંઠવાય છે અને મને પેટમાં કકડીને ભૂખ લાગી છે. આ માણસેય શું પહેરવું, ઓઢવું તથા કુટુંબને શું ખવડાવવું તેની ચિંતામાં છે. એટલે એ મને કશી મદદ કરી શકે એમ નથી.' એ માણસે મારી સામે જોયું. તેની આંખમાં મારા તરફનો તિરસ્કાર હું જોઈ શક્યો. આ વખતે તેનો ચહેરો મને વધારે ભયાનક લાગ્યો. તે મારાથી દૂર, રસ્તાની બીજી બાજુએ ચાલી ગયો. મને નિરાશા જેવું લાગ્યું, પણ ત્યાં તો એ મને મદદ કરવા માટે પાછો મારી તરફ આવતો હોય એમ લાગ્યું. મેં તેની સામે જોયું પણ એ માણસને હું ઓળખી શક્યો નહીં. કારણ, પહેલાં મેં તેના

ચહેરા પર મોત ભમતું જોયું હતું. પરંતુ તે હજુ જીવતો હતો અને તેના વર્તન પરથી તેના હૃદયમાં પણ ઈશ્વરનો વાસ છે તેની મને ખાતરી થઈ ગઈ હતી. એ મારી પાસે આવ્યો, મને બેઠો કર્યો, મને કપડાં આપ્યાં, અને પોતાની સાથે મને તેને ઘરે લઈ ગયો.

"હું તેના ઘરમાં દાખલ થયો ત્યારે એક બાઈ સામે આવી અને મારા યજમાનને વઢવા લાગી. મારા યજમાનને મેં પહેલી વખત જોયો ત્યારે તેનો ચહેરો મને જેટલો ભયાનક લાગેલો તેનાથીય આ બાઈનો ચહેરો મને વધારે ભયાનક લાગ્યો. તેના મોંમાંથી જે વેણ છૂટતાં હતાં તે પરથી તેનો કાળ નજીક આવેલો હોય એમ લાગતું હતું. તેના મોં પર મોત ભમતું હતું તે હું જોઈ શકયો. અચાનક તેના ધણીએ તેને પરમાત્માની યાદ આપી અને પરમાત્માનું નામ સાંભળી એ બાઈ પીગળી. તેના હૃદયમાં રામ વસ્યા. તેણે તેના ધણીને વઢવાનું બંધ કર્યું અને અમને અંદર લઈ ગઈ. મને ખાવાનું આપ્યું અને એ વખતે મેં તેની સામે જોયું. તેના મોં પરથી કાળના ઓળા ઓસરી ગયા હતા. તે જીવંત લાગતી હતી અને તેના હૃદયમાં પણ પ્રભુનો વાસ છે એ હું જોઈ શક્યો.

"એ વખતે ઈશ્વરે મને જે ત્રણ વાતનું ભાન કરાવવા પૃથ્વી પર મોકલ્યો હતો તે વાત યાદ આવી: 'મનુષ્યના અંતરમાં શું રહેલું છે તે તું શીખજે.' મેં જોયું કે મનુષ્યના હૃદયમાં અપૂર્વ પ્રેમ ભરેલો હોય છે. ઈશ્વરે મને જેનું વચન આપેલું હતું તે તેણે મને શીખવવા માંડ્યું તેથી મને

આનંદ થયો, અને તેથી તે વખતે મારા મોં પર પહેલી વખત સ્મિત ફરક્યું. હજુ કઈ વસ્તુની મનુષ્યને ખબર નથી તે અને માણસ કોના આધારે જીવે છે તે હું જાણતો નહોતો.

"હું તમારી સાથે રહેવા લાગ્યો. એક વરસ પસાર થઈ ગયું. એક દિવસ એક માણસ જોડા સિવડાવવા આવ્યો. તેને એવા જોડા જોઈતા હતા જે વરસ સુધી તેવા ને તેવા રહે. મેં તેની સામે જોયું અને અચાનક મારી નજર તેની પાછળ ઊભેલા મારા સાથીદાર પર પડી. મારો સાથીદાર એટલે યમનો દૂત! મારા સિવાય બીજા કોઈને તે દેખાતો નહોતો. મેં તેને ઓળખી કાઢ્યો. મને ખાતરી થઈ ગઈ કે સૂરજ આથમે તે પહેલાં તો મારો સાથીદાર આ જોડા સિવડાવવા આવનાર શ્રીમંતનો જીવ લઈ લેશે. મને થયું: 'આ માણસ એક વરસ સુધી જેવા ને તેવા રહે તેવા જોડા સિવડાવવા આવ્યો છે, પણ કાલે તે આ દુનિયામાં નહીં હોય તેની તેને ખબર છે ખરી?' મને ઈશ્વરની બીજી આજ્ઞા યાદ આવી: 'કઈ વસ્તુની માણસને ખબર નથી અથવા કઈ વસ્તુ તેના હાથમાં નથી.'

"માણસના હૃદયમાં શું રહેલું છે તેની મને અગાઉ ખબર પડી હતી. હવે કઈ વસ્તુની માણસને ખબર નથી હોતી તે વાતનું પણ મને જ્ઞાન થયું. પોતાને માટે શાની જરૂર પડશે તેની તેમને ખબર નથી હોતી. અને આ બીજી વાતનું જ્ઞાન થતાં મારા મોં પર બીજી વાર સ્મિત લહેરાયું. મારો સાથી મને જોવા મળ્યો તેથી અને ઈશ્વરે મને બીજી

વાતનું જ્ઞાન કરાવ્યું તેથી મને ખૂબ આનંદ થયો. પણ હજી ઈશ્વરની ત્રીજી આજ્ઞા વિષે મને કંઈ ખબર નહોતી. મનુષ્ય શાના આધારે જીવે છે, તેની જીવાદોરી શી છે, તેની મને ખબર નહોતી. ઈશ્વર મને આ ત્રીજી આજ્ઞાનું જ્ઞાન કરાવે ત્યાં સુધી મારે તમારે ત્યાં જ રહેવું એમ મેં મન સાથે નક્કી કર્યું. આમ ને આમ છ વરસ પસાર થઈ ગયાં. છઠ્ઠે વરસે પેલી બે જોડિયા બહેનોને લઈ એક બાઈ આપણે ત્યાં આવી. મેં બંને છોકરીઓને ઓળખી કાઢી તથા તેમનો ઉછેર કેવી રીતે થયો તે પણ એ બાઈને મોઢે સાંભળ્યું. એ વાત સાંભળી મને થયું, 'આ બંને છોકરીઓની મા આ છોકરીઓ માટે પોતાને જીવતી રાખવા માટે મને આજીજી કરતી હતી. માબાપ વગર છોકરાં ન જીવી શકે એમ તે કહેતી હતી અને મનેય તે વાત સાચી લાગી હતી. પણ જુઓ તો ખરા! એક અજાણી બાઈએ તેમને બંનેને પાળીપોષીને મોટી કીધી છે.'

"આ છોકરીઓની વાત કરતાં તેમની પાલકમાતાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. આ છોકરીઓ માટેનો તેનો પ્રેમ અને માયા અપૂર્વ હતાં. એ બાઈમાં મને જીવતાજાગતા ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. માણસ શાના આધારે જીવે છે એ વાત હવે મને સમજાઈ. આમ ઈશ્વરે મને તેની છેલ્લી આજ્ઞાનું ભાન પણ કરાવી દીધું અને એ રીતે મારું કામ પૂરું થયું. ઈશ્વરે મને માફી અને મુક્તિ આપ્યાં અને તે વખતે તમે ત્રીજી વાર મારા મોં પર સ્મિત લહેરાતું જોયું."

## ૧૨

આટલી વાત પૂરી થતાં દેવદૂતના શરીર પરનાં બધાં કપડાં ખરી પડ્યાં. તેના શરીરમાંથી એટલો બધો પ્રકાશ વેરાવા લાગ્યો કે તેની સામે જોવાનું પણ અશક્ય થઈ ગયું. તેનો અવાજ ઘેરો થઈ ગયો. આ અવાજ હવે આકાશવાણી જેવો લાગતો હતો :

"દરેક માણસ માત્ર પોતાની જ સંભાળ રાખવાથી જીવતો નથી પણ એકબીજાં સાથે પ્રેમ અને સહાનુભૂતિની લાગણી રાખવાથી જીવે છે.

"પોતાનાં બાળકોને જીવવા માટે શાની શાની જરૂર પડશે તેની માતાને પણ ખબર હોતી નથી. પોતાની જિંદગી માટે પોતાને શાની જરૂર પડશે તે વાતની જેની પાસે પૈસાની રેલમછેલ છે તેવા મહારાજાને પણ ખબર નથી હોતી. આજે સાંજે પોતાનું શરીર ઢાંકવા માટે ગરમ કપડાંની જરૂર પડશે કે પછી પોતાના જ મૃતદેહ પર ઓઢાડવા માટે રેશમી કપડું જોઈશે એની કોને ખબર હોય છે?

"મનુષ્યદેહે દરગાહ પાસે નગ્નાવસ્થામાં પડ્યો હતો ત્યારે હું મારી પોતાની સંભાળથી જીવી શક્યો ન હોત. મારી પાસેથી પસાર થનારા એક અજાણ્યા માણસના હૃદયમાં વસતા પ્રેમને કારણે હું જીવતો રહ્યો. તેણે અને તેની ઘરવાળીએ મારી દયા ખાધી અને મને પ્રેમથી તેમની સાથે રાખ્યો તે કારણે હું જીવી શક્યો. બે નાની અનાથ બાળકીઓ તેની માતા તેની સંભાળ રાખે તેટલાથી જીવી શકત ખરી? એક અજાણી બાઈના હૃદયમાં પડેલા પ્રેમને

કારણે બંને બાળકીઓ જીવતી હતી. તેણે આ બાળકીઓની દયા ખાધી, તેમની પર પ્રેમ ઢોળ્યો તથા તેમને પાળીપોષીને મોટી કરી. આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે બધાં માણસો પોતપોતાની સંભાળ રાખવાથી નહીં પણ મનુષ્ય-હૃદયમાં પડેલા અપૂર્વ પ્રેમને કારણે જીવે છે.

"પહેલાં મને એમ હતું કે ઈશ્વરે મનુષ્યને જિંદગી આપી છે અને તે એવું ઇચ્છે છે કે તેમણે જીવન જીવવું જોઈએ, પણ હવે હું માનું છું કે જીવન તેનાથી કંઈક વિશેષ છે.

"દરેક માણસ પોતાને માટે, પોતાના સ્વાર્થ માટે એકલપેટું જીવન જીવે એવું ઈશ્વર નથી ઇચ્છતો. એટલા માટે જ દરેક માણસને પોતાને પોતાનું જીવન જીવવા માટે શાની શાની જરૂર પડવાની છે તેનું ભાન ઈશ્વરે કરાવ્યું નથી. ઈશ્વર એમ ઇચ્છે છે કે બધાં માણસોએ ભેગા મળીને રહેવું તથા જીવવું જોઈએ. તેથી બધાને માટે, બધાનું જીવન ટકાવવા માટે, શાની જરૂર છે તે ઈશ્વરે ખુલ્લું મૂકેલું છે.

"દરેક માણસ પોતે પોતાની દેખભાળ તથા કાળજી રાખવાથી જીવી રહ્યો હોય એવું આપણને લાગે છે, પણ તેવું નથી. વાસ્તવમાં તો મનુષ્ય માત્ર એકબીજા પર પ્રેમ અને સહાનુભૂતિ રાખવાથી, પ્રેમની શક્તિથી જ જીવે છે. જે મનુષ્યના હૃદયમાં પ્રેમનો વાસ છે, જે બધી સ્થિતિમાં પ્રેમનો કાયદો પાળી તે મુજબ વર્તે છે, તે મનુષ્યમાં ઈશ્વરનો વાસ છે. કારણ ઈશ્વરના હૃદયમાં પ્રેમનો વાસ છે, ઈશ્વર પ્રેમસ્વરૂપ છે."

આટલું કહી દેવદૂતે ઈશ્વરની સ્તુતિ ગાવાનું શરૂ કર્યું. તેના અવાજનાં આંદોલનોથી સાયમનનું ઘર ગાજી ઊઠ્યું. સાયમનના ઘરનું છાપરું ઉઘાડું થઈ ગયું. એ ઘરમાં દેવદૂત જ્યાં ઊભો હતો ત્યાં ધરતી ફાટી. ત્યાંથી અગનજ્વાળા નીકળવા લાગી અને એ જ્વાળા ઊંચે આકાશમાં સ્વર્ગ સુધી પહોંચી ગઈ. સાયમન, તેની ઘરવાળી તથા તેમનાં છોકરાં આ અલૌકિક બનાવ બનતાં બેભાન બની જમીન પર ઢળી પડ્યાં. દેવદૂતના ખભાઓ પર પાંખો ફૂટી નીકળી અને તે ઊડીને સ્વર્ગમાં પહોંચી ગયો.

સાયમન ભાનમાં આવ્યો ત્યારે તેનું ઘર પહેલાંના જેવું થઈ ગયું હતું. તેના ઘરમાં તેની ઘરવાળી અને તેનાં છોકરાં સિવાય બીજું કોઈ નહોતું.

# રીંછનો શિકાર

[અહીં જે કથા ઉતારવામાં આવી છે તે ૧૮૫૮માં ટૉલ્સ્ટૉયને થયેલો સ્વાનુભવ છે. જીવદયાને ખાતર ટૉલ્સ્ટૉયે શિકાર કરવાનું છોડી દીધું તેનાં વીસથીય વધારે વરસ પહેલાંની આ વાત છે.]

અમે રીંછનો શિકારે નીકળ્યા હતા. મારા સાથીએ રીંછ પર એક ગોળી છોડી હતી પણ તેનાથી રીંછને માત્ર ઈજા જ થઈ હતી, રીંછ મર્યું નહોતું પણ ભાગી છૂટ્યું હતું. બરફ પર તેનાં પગલાંનાં અને લોહીનાં નિશાન દેખાતાં હતાં.

જંગલમાં અમે બધા પાછા ભેગા મળ્યા. અત્યારે ને અત્યારે રીંછનો પીછો કરવો કે પછી બેત્રણ દિવસ

રોકાઈ જઈ રીંછને પાછું સ્વસ્થ થવા દેવું એ અમારે નક્કી કરવાનું હતું. અમારે માટે રીંછને ભગાડી લાવનાર ખેડૂતોને અમે પૂછી જોયું કે રીંછ પાછું હાથ આવશે કે કેમ.

'ના, એ તો હવે અશક્ય જ જાણો,' એક ઘરડા ખેડૂતે કહ્યું, 'હવે તમારે રીંછને પાછું સ્વસ્થ થવા દેવું જોઈએ અને ઠેકાણે પડવા દેવું જોઈએ. પાંચેક દિવસમાં તો તે પાછું ફરતું થઈ જશે અને અમે તેને શિકાર માટે ઘેરી લાવીશું. અને જો તમે અત્યારે ને અત્યારે એનો પીછો કરશો તો તમે એને નાહક ખિવડાવી મૂકશો. તેનાથી વધારે કંઈ જ નહીં થાય. તે ઘવાયેલું અને બીધેલું છે એટલે પીછો કરતાં નાસી છૂટશે અને આપણા હાથમાં નહીં આવે.'

પરંતુ ખેડૂતોમાં એક જુવાનિયો હતો તે આ બુઢ્ઢાની વાત સાથે સંમત થયો નહીં. તેનું કહેવું એમ હતું કે હજુ રીંછ નાસી ગયું નથી. તે આટલામાં જ હશે અને તેને ઘેરી લાવી શકાય એમ છે. રીંછ હાથ લાગવાની પૂરી શક્યતા છે.

તેણે બુઢ્ઢાની વાત ન માનતાં કહ્યું, 'કાકા, આ રીંછ તગડું અને ભારેખમ છે. આવા બરફમાં એ કંઈ બહુ દૂર સુધી નહીં જઈ શક્યું હોય. સાંજ સુધીમાં તો તે ક્યાંક ને ક્યાંક ધામો નાખશે જ, અને જો આઘું જતું રહ્યું હશે તો હું તેને પહોંચી વળીશ અને પાછું હાંકી લાવીશ.'

મારા સાથીદારની ઇચ્છા અત્યારે ને અત્યારે રીંછનો પીછો કરવાની નહોતી. તેણે પણ મને રોકાઈ જવાની

સલાહ આપી. પણ મેં કહ્યું, 'આ બાબતમાં ચર્ચા કરવાની કંઈ જરૂર નથી. તું તારે જેમ કરવું હોય તેમ કર. હું તો આ જુવાનિયા સાથે રીંછનો પીછો કરું છું. જો અમે રીંછને પકડી પાડીશું તો પછી એને પૂરું જ કરીશું. અને જો નહીં પકડાય તો એમાં કંઈ ગુમાવવાનું તો નથી જ નથી. હજુ દિવસ ઘણો બાકી છે. વળી, અહીં જંગલમાં આપણે શિકાર સિવાય બીજું કામેય શું છે?'

એ રીતે અમારો કાર્યક્રમ નક્કી થયો.

મેં પેલા જુવાન ખેડૂત સાથે રીંછનો પીછો કરવાનું રાખ્યું અને મારા સાથીદારો સ્લેજમાં બેસીને પાછા જંગલ નજીકના ગામમાં જવા ચાલી નીકળ્યા. અમે ખાવા માટે થોડી રોટી સાથે લઈ લીધી અને જંગલમાં રહી પડ્યા.

બધા દેખાતા બંધ થયા એટલે અમે બંનેએ અમારી બંદૂકો તપાસી લીધી. અમારા ગરમ કોટના લટકતા છેડાઓને પટ્ટામાં બરાબર બાંધી દઈ અમે ત્યાંથી ચાલી નીકળ્યા. રીંછનાં પગલાંને આધારે અમે તેનો પીછો પકડ્યો.

વાતાવરણ ખુશનુમા, ઠંડું અને શાંત હતું પણ બરફમાં જોડા પહેરીને ચાલવાનું કામ જરા કઠણ હતું. પીછાં જેવો પોચો બરફ હજુ જામીને જમીન જેવો સખત થયો નહોતો. વધુમાં કાલે જ પાછો નવો બરફ પડ્યો હતો એટલે બરફ પર ચાલતી વખતે જોડા છએક ઇંચ અને ક્યારેક તેનાથી પણ વધારે અંદર ઊતરી જતા હતા.

રીંછ જે રસ્તે ગયું હતું તે રસ્તે તેનાં પગલાં દૂરથી પણ સાફ દેખાતાં હતાં. બરફમાં ચાલતાં તેના પગ પણ

ઊંડે ઊતરી જતા હતા અને જ્યાં વધારે ઊંડા ઊતરી જતા ત્યાં તેનું પેટ બરફ સાથે ઘસાતું તેનાં નિશાન પણ દેખાતાં હતાં. શરૂઆતમાં, જ્યાં સુધી અમે મોટા ઝાડવાળા જંગલમાં હતા ત્યાં સુધી અમે તેનું પગેરું કાઢી શક્યા. પણ પછી જેમ જેમ નાના નાના ફરની ઝાડી આવવી શરૂ થઈ, તેમ તેમ પગેરું કાઢવાનું જરા મુશ્કેલ બન્યું અને મારી સાથેનો જુવાનિયો અટક્યો.

'હવે અહીંથી આગળ વધવાની જરૂર નથી. રીંછે મોટે ભાગે આટલામાં જ ક્યાંક પડાવ નાખ્યો હશે. આપણે અત્યાર સુધી બરફ પર જે નિશાન જોયાં તે પરથી તમે જોઈ શકશો કે તે થોડે થોડે અંતરે બેસતું બેસતું આગળ વધ્યું છે. હવે આપણે પગેરું છોડી દઈએ અને આજુબાજુ જરા તપાસ કરી લઈએ. પણ જો જો, આપણે સહેજ પણ અવાજ ન થાય તે રીતે સાવધાનીથી ચાલવાનું છે. મોટેથી બોલશો નહીં તથા છીંક કે ખૂંખારો સુધ્ધાં ખાશો નહીં.'

અમે પગેરું છોડી દીધું અને ડાબી તરફ વળ્યા. પણ એ દિશામાં અમે પાંચસો વાર જેટલે ગયા ત્યાં તો રીંછનાં પગલાં ફરી અમારી સામે આવીને ઊભાં. અમે તે પગલાં જોતાં જોતાં પાછા આગળ ચાલવા માંડ્યું. એ પગલાં અમને રસ્તા પર લઈ આવ્યાં. રસ્તા ઉપર રીંછનાં પગલાં તો હતાં, પણ તેની સાથે સાથે લાકડાના જોડા પહેરી રસ્તા પરથી પસાર થયેલા ગામલોકોનાં પગલાં પણ હતાં. એ પગલાંમાં રીંછનાં પગલાંનાં જે નિશાન દેખાતાં હતાં તે પરથી રીંછ ગામ ભણી જ ગયું હોય એમ લાગતું હતું.

હું એ પગલાં ધ્યાનથી જોતો હતો ત્યાં મારી સાથેના જુવાને કહ્યું, 'રસ્તા પર એનાં પગલાં જોવાનો કાંઈ અર્થ નથી. આપણે રસ્તાની બંને બાજુએ ધ્યાન રાખતા રાખતા આગળ ચાલવું જોઈએ અને રીંછ રસ્તો છોડી નીચે ક્યાંથી ઊતર્યું છે, તથા ક્યાંથી પાછું ફર્યું છે, તે ખોળી કાઢવું જોઈએ. એક વાત તમે નક્કી જાણજો કે એ રસ્તે રસ્તે ચાલીને ગામમાં તો નહીં જ ગયું હોય.'

રસ્તાની બંને ધાર પર નજર રાખતા રાખતા અમે લગભગ એક માઈલ જેટલું અંતર કાપી નાખ્યું. આખરે અમે રસ્તાની એક બાજુએ રીંછનાં પગલાંને નીચે ઊતરતાં જોયાં. અમે એ પગલાં પાસે પહોંચી જઈ તેને ઝીણવટથી જોયાં તો અમારી નવાઈનો પાર ન રહ્યો. આ કેવું! પગલાં રીંછનાં જ હતાં પણ તે રસ્તો ઊતરીને જંગલ તરફ જવાને બદલે જંગલમાંથી રસ્તા તરફ આવતાં હતાં! પગલાંનો આંગળાંવાળો ભાગ રસ્તા તરફ હતો!

'આ પગલાં બીજા રીંછનાં હોવાં જોઈએ.' મેં કહ્યું.

મારી સાથેના માણસે પગલાંને ચીવટથી જોયાં અને પછી મિનિટેક વિચાર કરી કહ્યું, 'ના સાહેબ, આ પગલાં બીજા રીંછનાં નથી, આપણે જે રીંછને ખોળીએ છીએ તેનાં જ છે. એ રીંછ આપણને છેતરવા માટે જ્યારે રસ્તો ઊતર્યું છે ત્યારે પાછે પગે ચાલ્યું લાગે છે.'

મને આ સાંભળી જરા નવાઈ લાગી પણ વાત સાવ સાચી નીકળી. દસપંદર પગલાં જેટલે છેટે પહોંચી જોયું

તો, એક નાના ફરના ઝાડ પાસેથી પગલાં પાછાં જંગલ ભણી જતાં જણાયાં. ત્યાં આગળ મારી સાથેનો માણસ પાછો અટકી ગયો અને કહ્યું, 'હવે આપણે ચોક્કસ એને શોધી કાઢી શકીશું. આપણી સામે હવે જે ભાગ આવે છે તે નીચાણવાળો છે અને રીંછ ચોક્કસ ત્યાં ક્યાંક બેસી રહ્યું હશે. હવે આપણે તેને ખોળી કાઢવા માટે પગલાં છોડી દઈ આટલામાં ને આટલામાં એક ચક્કર મારી લઈએ.'

ગીચોગીચ ઊગેલાં ફરનાં ઝાડમાંથી રસ્તો કાઢતા કાઢતા અમે આગળ ચાલવા લાગ્યા. હું હવે ચાલી ચાલીને થાકી ગયો હતો. વળી આ ઝાડીમાંથી રસ્તો કરતાં કરતાં ચાલવાનું કામ વધુ મહેનત માગી લેતું હતું. હું નાનાં નાનાં ઝાડવાં ખૂંદતો ખૂંદતો ચાલતો હતો. ક્યારેક મારા બરફમાં પહેરવાના જોડા તેમાં ભરાઈ જતા, ક્યારેક ફરનું નાનું ઝાડ બે પગ વચ્ચે આવી જાય તો તેને વટાવી જવું પડતું, તથા આવા મુલકમાં ચાલવાનો મહાવરો ન હોવાથી મારા પગ લપસી જતા. તેવામાં વળી જ્યાં પગ પડતો ત્યાં બરફ નીચે દટાયેલું ઝાડનું થડિયું પગ નીચે આવી જતું. હું અત્યંત થાકી ગયો હતો. મારું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું હતું. મેં રૂંવાંવાળા ચામડામાંથી બનાવેલું જાકીટ પહેર્યું હતું તે કાઢી લઈ ખભે નાખી દીધું અને અમે આગળ ચાલ્યે રાખ્યું. એક તરફ મારી આવી સ્થિતિ હતી ત્યારે મારો સાથીદાર કશા વિશેષ પ્રયત્ન વગર, ઝાડીમાં ક્યાંય અટક્યા કે લપસ્યા વગર, દરિયામાં હોડકું ચાલ્યું જાય તેમ સડેડાટ ચાલ્યો જતો હતો. મને મદદ કરવા માટે તેણે

મારી પાસેથી ફરનો કોટ લઈ લીધો હતો. એ કોટને ખભે નાખી દઈ તે મને હજુ ઉતાવળે ચાલવાનું કહેતો હતો.

અમે આમ ને આમ બીજા બે માઈલ જેટલું અંતર કાપી નાખ્યું અને નીચાણવાળા ભાગને બીજે છેડે પહોંચી ગયા. આ બધો વખત હું તો મારા સાથીદારની પાછળ પાછળ ઘસડાતો હતો એમ જ કહેવું જોઈએ. મારા જોડા બરફ પર વારંવાર લપસી જતા હતા અને પગ લથડિયાં ખાતા હતા. મારો સાથીદાર તો મારાથી પચાસ-સાઠ ડગલાં આગળ હતો. એવામાં તે એકદમ અટકી ગયો અને મને હાથનો ઇશારો કરી તેની પાસે બોલાવ્યો. હું તેની પાસે પહોંચ્યો એટલે તેણે સામેના ઝાડ તરફ આંગળી ચીંધી કહ્યું, 'પેલા ઝાડ પાસે પેલું કાબરું પક્ષી દેખાય છે તે જોયું? તે કેવા ટહુકા કરે છે? એ પક્ષીને રીંછની ગંધ તરત જ આવી જાય છે અને તેથી તે આમ ટહુકા કરે છે. એનો અર્થ એમ કે રીંછ આટલામાં ક્યાંક નજીકમાં જ હોવું જોઈએ.'

એ જગ્યાએથી દિશા બદલી અમે બીજો અડધો માઈલ કાપી પાછા મૂળ રસ્તા પર આવી પહોંચ્યા. ત્યાં પાછાં રીંછનાં પગલાં જોવા મળ્યાં, એનો અર્થ એ કે અમારી ધારણા સાચી હતી અને રીંછ એટલામાં જ ક્યાંક હતું. અમે ત્યાં થોભી ગયા. મેં માથા પરની ટોપી કાઢી નાખી અને કમરપટો તથા બીજાં કપડાં સહેજ ઢીલાં કરી લીધાં. મેં જાણે કે વરાળસ્નાન કરી લીધું હોય તેમ મારું શરીર ગરમ થઈ ગયું હતું. હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો.

જાણે પાણીમાં ડૂબકી મારીને નીકળેલો ઉંદર જ જોઈ લો! મારો સાથીદાર પણ મારી જેમ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. ખમીસની બાંયથી મોં પરનો પરસેવો લૂછતાં લૂછતાં તેણે કહ્યું, 'સાહેબ, આપણે રીંછને શોધી કાઢ્યું. હવે થોડો આરામ કરી લઈએ.'

જંગલની ઝાડીમાંથી ચળાઈને આવતાં સૂર્યનાં કિરણો હવે લાલ થઈ ગયાં હતાં. સાંજ પડી ગઈ હતી. અમે પગમાં પહેરેલા લાકડાના જોડા કાઢી નાખ્યા અને તેના પર જ બેસી ગયા. મારા સાથીદારે થેલામાંથી રોટી અને મીઠું કાઢયાં. પહેલાં મેં થોડો બરફ ખાધો અને પછી મીઠા સાથે રોટી ખાધી. એ રોટીનો સ્વાદ હું હજુ ભૂલ્યો નથી. એવી સ્વાદિષ્ટ રોટી આ અગાઉ મેં ક્યારેય ખાધી નહોતી. અમે રોટી ખાઈ રહ્યા ત્યાં સુધીમાં અંધારું થવા આવ્યું.

મેં મારા સાથીદારને પૂછ્યું, 'અહીંથી ગામ કેટલુંક છેટું થાય?'

'લગભગ આઠેક માઈલ જેટલું થાય. આપણે આજે રાત્રે ત્યાં પહોંચી જઈશું એટલું નક્કી જાણજો, પણ નીકળતાં પહેલાં આપણે થોડો આરામ તો કરી જ લઈએ. અને સાહેબ, હવે તમે તમારો રૂંવાંવાળો કોટ પહેરી લો, નહીં તો ટાઢમાં ઠરી જશો.' તેણે મને કહ્યું.

તેણે થોડો બરફ હઠાવીને સરખો કર્યો અને પછી ફરના ઝાડની ડાળીઓ તોડી લાવી તેની એક પથારી બનાવી. અમે બંને થાકેલા હતા. પથારી પર બંને એકબીજાની પડખે

હાથનું ઓશીકું કરી આડા પડચા. ત્યાર પછી મને ઊંઘ કેવી રીતે આવી ગઈ એ મને યાદ નથી. બેએક કલાક પછી કશુંક તૂટવાનો અવાજ સાંભળીને હું જાગી ગયો.

મને એવી સુંદર ઊંઘ આવી ગઈ હતી કે હું ઊઠચો ત્યારે હું કયાં છું તેનો મને ખ્યાલ સુધ્ધાં ન આવ્યો. મેં ચારે તરફ નજર નાખી. કેવું અદ્દ્ભુત! હું એક પ્રકાશથી ઝગમગતા વિશાળ ઓરડામાં સૂતો હોઉં એવું મને લાગ્યું. ઓરડાના થાંભલાઓ સફેદ આરસની જેમ ચમકતા હતા અને ઓરડાની છત પર સોનારૂપાની ચમકતી ખીલીઓથી કાળો ચંદરવો જડી દીધો હોય એમ લાગતું હતું. આ બધું બરાબર જોયા બાદ મને યાદ આવ્યું કે અમે જંગલમાં રીંછનો શિકાર કરવા નીકળ્યા હતા અને મેં જેને સફેદ આરસના થાંભલા માની લીધા હતા તે બરફથી ઢંકાયેલાં ઝાડ હતાં, તથા કાળા ચંદરવામાં જડેલી સોનારૂપાની ખીલીઓ આભના ટમટમતા તારલા હતા.

હું ઊઠચો ત્યાં સુધીમાં પીંછા જેવો બરફ સારા પ્રમાણમાં પડી ગયો હતો. ઝાડની ડાળીઓ બરફના ભારથી નમી ગઈ હતી અને મારા સાથીદારના શરીર પર તથા મારા ફરના કોટ પર પણ બરફ પથરાઈ ગયો હતો. મેં મારા સાથીદારને ઉઠાડચો અને અમે અમારા લાકડાના જોડા પહેરી લઈ ચાલવા માંડયું. જંગલમાં નીરવ શાંતિ પથરાયેલી હતી. અમારાં પગલાંના અવાજ સિવાય બીજો કોઈ સળવળાટ નહોતો. હા, કયારેક દૂર જંગલમાં કોઈ ઝાડ તૂટી પડતું તો તેના અવાજના પડઘા સંભળાતા ખરા. અત્યાર

સુધીમાં કોઈ જાનવરનો અવાજ તો અમને એક જ વાર સાંભળવા મળ્યો. અમારી તદ્દન નજીકમાં કંઈક સળવળાટ સંભળાયો અને કોઈ પ્રાણી ત્યાંથી એકદમ નાસી છૂટયું. મને તો એમ જ લાગ્યું કે અમે જે રીંછને શોધતા હતા તે જ ભાગી છૂટયું. પરંતુ જે જગ્યાએથી સળવળાટ સંભળાયો હતો ત્યાં જઈને જોયું તો અમને હરણનાં પગલાંનાં નિશાન જોવા મળ્યાં. કેટલાંક હરણાં અમારા આવવાથી ગભરાઈને નાસી છૂટયાં હતાં.

અમે રસ્તા પર આવી પહોંચ્યા અને ધીમે ધીમે ગામ ભણી ચાલવા માંડયું. ચાલવાનું હવે સરળ લાગતું હતું. રસ્તો સખત હતો અને અમે અમારા લાકડાના જોડા વડે પીંછા જેવા બરફને કચડીને આગળ વધ્યે જતા હતા. ઉપર આકાશમાંથી તારાઓ જાણે અમને મળવા માટે નીચે દોડી આવતા હોય એમ લાગતું હતું. ઝાડની ડાળીઓમાંથી કયારેક ઝબૂકતા અને કયારેક અદશ્ય થઈ જતા તારાઓને કારણે જાણે આખું આકાશ ચકરાવે ચડયું હોય એમ લાગતું હતું.

અમે ઉતારે પહોંચ્યા ત્યારે મારો મિત્ર ઊંઘી ગયો હતો. પણ મેં જઈને તેને ઉઠાડયો અને અમે રીંછનો કેવો પીછો પકડયો હતો તે વાત તેને માંડીને કહી સંભળાવી. અમે થોડું ખાધું અને પછી અમારા યજમાન ખેડૂતને સવારમાં રીંછને ઘેરો કરી ભગાડી લાવનાર માણસો ભેગા કરવાની સૂચના આપી સૂઈ ગયા.

મને ખૂબ થાક લાગ્યો હતો. સવારે જો મારા મિત્રે મને ઉઠાડયો ન હોત તો કદાચ મેં બપોર સુધીની ઊંઘ

ખેંચી કાઢી હોત. તેણે મને ઉઠાડચો ત્યારે હું પથારીમાં સફાળો બેઠો થઈ ગયો. મેં જોયું તો મારો મિત્ર શિકારનાં કપડાં પહેરી તૈયાર થઈ ગયો હતો અને તેની બંદૂક સાફ કરી રહ્યો હતો.

'કેમ, આપણો સાથીદાર કયાં છે?' મેં અમારી સાથે જંગલમાં આવનાર જુવાન ગામડિયા વિષે પૂછ્યું.

'એ તો ક્યારનોય જંગલ તરફ ઊપડી ગયો. તમે જ્યાં જઈ આવેલા ત્યાં સુધી જઈને તે પાછોય આવી ગયો અને હવે રીંછને ભગાડી લાવનારાઓને ભેગા કરવા ગયો છે.'

હું પણ હાથમોં ધોઈ તૈયાર થઈ ગયો અને મેં મારી બંદૂક ભરી લીધી. બહાર બરફગાડી અમારી રાહ જોતી હતી. તેમાં બેસીને અમે ચાલી નીકળ્યા.

પીંછા જેવો બરફ હજુ પડચા કરતો હતો. વાતાવરણ શાંત હતું અને સૂરજ દેખાતો નહોતો.

ગામથી ખાસ્સો લાંબો રસ્તો કાપી અમે જંગલ પાસે આવી પહોંચ્યા. જંગલમાં એક નીચાણવાળી જગ્યાએથી ધુમાડાના ગોટા ઊંચે ચડતા જોવામાં આવ્યા. અમે બરફ-ગાડીને તે તરફ હંકારી ગયા. ત્યાં પહોંચીને જોયું તો કેટલાક ખેડૂતો ભેગા થયા હતા. એ ટોળામાં સ્ત્રીઓ પણ હતી. ટોળામાં દરેકના હાથમાં એક એક દંડૂકો હતો.

અમે ગાડીમાંથી ઊતરીને તેમની પાસે ગયા. બધા ખેડૂતો તાપણામાં ભૂંજેલા બટાકા ખાતા હતા. ખાતાં ખાતાં તેઓ સ્ત્રીઓ સાથે મજાક પણ કરતા હતા.

અમારો જુવાનિયો સાથીદાર પણ એ ટોળામાં હતો. એ ટોળાનો એ નાયક હતો. અમે ટોળા પાસે પહોંચ્યા એટલે બધા ઊભા થઈ ગયા અને અમારો સાથીદાર એ બધાને રીંછને ઘેરો ઘાલવા માટે અમે જે જગ્યા નક્કી કરી હતી ત્યાં દોરી ગયો. ત્રીસેક જેટલાં ગામડિયાં સ્ત્રીપુરુષો અમારા સાથીદારની પાછળ પાછળ હરોળમાં ચાલી નીકળ્યાં. બરફ એટલો બધો હતો કે એ લોકોની કેડની નીચેનો ભાગ અમને બિલકુલ દેખાતો નહોતો. તેઓ ગયાં તે પછી થોડી વારે અમે પણ એમની પાછળ પાછળ જંગલ ભણી ચાલવા માંડ્યું.

અમારી આગળ ગયેલા માણસોનાં પગલાંને કારણે બરફમાં પગથી પડી ગઈ હતી. અમે એ પગથી પર ચાલતા હતા તોય ચાલવાનું કામ કંઈક અઘરું લાગતું હતું. પગથી એવી હતી કે અમે બે કઠેરાની વચ્ચે ચાલતા હોઈએ એમ લાગતું હતું, અને તેથી ચાલતાં ચાલતાં લપસી કે ગબડી પડવાનો જરાય ડર લાગતો નહોતો.

આ રીતે અમે અડધોએક માઈલ જેટલું અંતર કાપ્યું ત્યાં તો અમારા સાથીદારને અમે ઝપાટાબંધ અમારી તરફ આવતો જોયો. તે હાથના ઇશારાથી અમને તેની પાસે બોલાવતો હતો. અમે થોડી ઉતાવળ કરી તેની પાસે પહોંચી ગયા. તેણે અમને શિકાર માટે અમારે ક્યાં ઊભા રહેવાનું છે તે જગ્યા બતાવી. હું મારે જ્યાં ઊભા રહેવાનું હતું ત્યાં પહોંચી ગયો. ત્યાં પહોંચી મેં ચારે તરફ એક નજર નાખી લીધી.

મારી ડાબી બાજુએ ઊંચાં ફરનાં ઝાડ ઊભેલાં હતાં. એ ઝાડનાં થડોમાંથી પસાર થઈને એક રસ્તો અમે ઊભા હતા ત્યાં આવતો હતો. એ રસ્તાને સામે છેડે એક ઝાંખી માનવાકૃતિ ઊભેલી દેખાતી હતી. રીંછને ભગાડી લાવનાર ગામડિયાઓમાંનો એક રીંછને અહીં વાળવા માટે ત્યાં ઊભો હતો. મારી સામેની બાજુએ લગભગ મારા જેટલી જ ઊંચી ફરની ઝાડી આવેલી હતી. તેની ડાળીઓ બરફના ભારથી નમી ગઈ હતી અને કેટલીક જગ્યાએ તો તે નમીને જમીન પર પડેલા બરફ સાથે ચોંટી ગઈ હતી. આ ઝાડીમાંથી પીંછા જેવા બરફમાં ઢંકાઈ ગયેલો એક રસ્તો બરાબર હું ઊભો હતો ત્યાં સુધી ચાલ્યો આવતો હતો. મારી સામે દેખાતી આ ઝાડી મારી જમણી બાજુએ પણ વિસ્તરેલી હતી અને જમણી બાજુએ આવેલી એક નાની ખીણમાં તે સમાઈ જતી હતી. મારો શિકારી મિત્ર ત્યાં ભરેલી બંદૂકે ઊભો હતો.

મેં મારી બંને બંદૂકો બરાબર તપાસી લીધી અને હું ક્યાં ઊભો રહું તો રીંછનો શિકાર કરવાનો લાગ બરાબર ફાવે તે વિચારવા લાગ્યો. હું ઊભો હતો તેનાથી ત્રણ જ ડગલાં પાછળ એક ઊંચું ફરનું ઝાડ ઊભું હતું.

'બરાબર છે. આ જગ્યા સારી છે. ત્યાં મારી બીજી બંદૂકને ઝાડને ટેકે તૈયાર મૂકી રાખી શકાશે.' આમ વિચારી હું ત્રણ ડગલાં પાછળ હઠ્યો. મારા પગનો ઘૂંટણ સુધીનો ભાગ પીંછા જેવા બરફમાં ઘૂસી જતો હતો. મેં એ પીંછા જેવા પોચા બરફને ખૂંદી એક ચોરસવાર જેટલી જગ્યાને

કઠણ કરી લીધી જેથી તેની પર ઊભા રહી શકાય. એક બંદૂક મેં મારા હાથમાં રાખી અને બીજીને તરત જ ઉપાડી લઈ શકાય એ રીતે ઝાડના થડ સાથે ટેકવીને મૂકી. જરૂર પડ્યે સહેલાઈથી કાઢી શકાય તેમ છે તેની ખાતરી કરવા મેં કમરપટામાં ભેરવેલા ખંજરને તેની ખોળીમાંથી કાઢી પાછું ત્યાં જ મૂકી દીધું.

આટલી વિધિ પૂરી કરી ત્યાં તો જંગલમાંથી રીંછને ભગાડી લાવનારાઓના હાકોટા સંભળાવા લાગ્યા :

પહેલાં એક માણસનો અવાજ સંભળાયો : 'હે . . . એ . . . એ . . .એ . . .'

તેના જવાબમાં બધાંએ ત્રણ વાર 'હે . . . એ . . ., હે . . . એ . . .,હે . . .એ . . .,'એવી બૂમ મારી. એ અવાજમાં સ્ત્રીઓના તીણા અવાજ પણ ચોખ્ખા સંભળાયા.

રીંછ ઘેરાયું હતું અને તેને ભગાડી લાવનારાં ચારે તરફથી હાકોટા કરી રહ્યાં હતાં. હું અને મારો મિત્ર કોઈ પણ જાતનું હલનચલન કર્યાં સિવાય અમે ઊભા હતા ત્યાં રીંછ આવી પહોંચે તેની રાહ જોતા હતા. મારી નજર રીંછને આવવાના રસ્તા પર સ્થિર થઈ હતી. ચારે તરફ રીંછને ભગાડી લાવનારના હાકોટા સંભળાતા હતા. મારા હૃદયના ધબકારા એકદમ વધી ગયા. મને એક ધ્રુજારી જેવી આવી ગઈ. મેં બંદૂકને કસીને પકડી રાખી.

'હવે રીંછ આવવું જોઈએ . . . તે એકાએક આવી પડશે. હું નિશાન ચડાવીશ, બંદૂકનો ઘોડો દબાવીશ અને તે તરફડી ગયું સમજો . . .' એમ હું વિચારતો હતો.

બરાબર તે જ વખતે મારી ડાબી બાજુએ, મારાથી કંઈક છેટે, મેં બરફના ઢગલા પર કંઈક પડતું જોયું. બરફના એ ઢગલાની અને મારી વચ્ચે કેટલાંક ફરનાં ઝાડ ઊભેલાં હતાં. એ ઝાડના થડની વચ્ચેથી નજર નાખી મેં ઢગલા તરફ જોયું તો ત્યાં એક કાળું વિશાળકાય પ્રાણી ઊભું હતું. મારાથી તે પચાસેક ડગલાં છેટું હશે. મેં નિશાન ચડાવ્યું. હું બંદૂકનો ઘોડો દબાવવાની તૈયારીમાં જ હતો ત્યાં મને થયું, 'એ રીંછ હજુ થોડું નજીક નહીં આવે ?'

રીંછ ત્યાં ઊભું ઊભું કાન હલાવતું હતું. તે પાછું ફર્યું અને તે વખતે તે કેટલું મોટું છે તેનો મને બરાબર ખ્યાલ આવી ગયો. એ રીંછ ઘણું મોટું હતું. ઉશ્કેરાટમાં ને ઉશ્કેરાટમાં મેં બંદૂકનો ઘોડો દબાવી દીધો. બંદૂક ફૂટવાનો અવાજ સંભળાયો અને બંદૂકની નળીમાંથી નીકળેલા ધુમાડાના ગોટામાંથી મેં રીંછને પાછું નાસતું જોયું. તે ઝાડીમાં અદૃશ્ય થઈ ગયું.

'હત્તારીની . . . મારી ગોળી નકામી ગઈ! તેને વાગી ખરી, પણ તે મર્યું નહીં. હવે તો સામી બાજુએ ભાગી ગયેલા રીંછને મારો મિત્ર જ પૂરું કરશે. કારણ, તે હવે આ તરફ નહીં આવે. વળી, જો મારો મિત્ર ઊભો છે તે તરફ એ નહીં જાય તો તો ઘેરામાંથી નાસી છૂટશે. એ ગમે તે થાય, પણ મારી ગોળીનો ભોગ બનવા માટે તે પાછું આ તરફ તો નહીં જ આવે.' એવું લાગવા છતાં મેં બંદૂક ફરી ભરી લીધી અને હું ચારે તરફ ધ્યાન રાખતો

ઊભો રહ્યો. હજુય રીંછ આવી પડે તો તેને ઠાર કરવા હું થનગની રહ્યો હતો.

રીંછને ઘેરી લાવનારાઓના હાકોટા હજુ ચાલુ હતા. મારી જમણી બાજુએ, મારો મિત્ર રીંછની રાહ જોતો ઊભો હતો તે જગ્યાએથી થોડે દૂર, એક બાઈનો અવાજ સંભળાયો: 'અરે . . . રીંછ અહીં છે, આ તરફ આવ્યું છે! આમ આવો, આમ આવો.'

દેખીતી રીતે જ તે બૂમ મારતી હતી ત્યારે રીંછ તેની નજર સામે હતું. મેં હવે રીંછ મારી સામેના રસ્તા પરથી આ તરફ આવશે એવી આશા છોડી દીધી હતી. મારું ધ્યાન જમણી બાજુએ આવેલી ખીણ પાસે ઊભેલા મારા મિત્ર તરફ હતું. એવામાં એકાએક અમારો સાથીદાર હાથમાં લાકડી લઈ, ઉઘાડે પગે, મારો મિત્ર ભરી બંદૂકે ઊભો હતો તે તરફ જતી પગથી પર દોડતો દેખાયો. તે દોડતો દોડતો મારા મિત્ર પાસે પહોંચ્યો અને તેને લાકડીથી કંઈક બતાવ્યું. મારા મિત્રે તે દિશામાં નિશાન લીધું અને બંદૂકનો એક ધડાકો સંભળાયો.

'શાબાશ! આખરે મેં નહીં તો મારા મિત્રે પણ રીંછને ઠાર કર્યું ખરું,' હું મનોમન બોલ્યો.

પરંતુ મારો મિત્ર અને અમારો સાથીદાર, જે દિશામાં ગોળી છોડી હતી તે દિશામાં દોડી જતા દેખાયા નહીં. એનો અર્થ એ કે કાં તો નિશાન ખાલી ગયું હતું અથવા તો ગોળી બરાબર વાગી નહોતી.

મને થયું, 'રીંછ હવે નાસી છૂટવાનું . . . અને મારી તરફ તો નહીં જ આવે . . . પણ! આ શું દેખાય છે?'

મારી બરાબર સામેના રસ્તા પરથી પવનના વંટોળની જેમ કંઈક ધસી આવતું હતું. ક્ષણ વારમાં તો મેં મારી સામે તદ્દન નજીકમાં બરફ ઊછળતો જોયો. મેં ધ્યાનથી જોયું તો ઝાડીમાંથી સીધો રસ્તો કરીને રીંછ ભયનું માર્યું ત્યાં ધસી આવ્યું હતું. હવે તો તે મારા મોં સામે આવીને ઊભું હતું અને મારી અને એની વચ્ચે છ ડગલાં જેટલું અંતર પણ નહોતું. એ વિશાળકાય પ્રાણીને મેં નખશિખ નિહાળ્યું. તેની કાળી છાતી, ભયાનક મોં અને કપાળ પર પડેલું લાલ ધાબું એ બધું સાફ દેખાતું હતું.

તે બરફ ઉછાળતું સીધું મારી તરફ ધસી આવતું હતું. પણ તેની આંખ પરથી એમ લાગતું હતું કે તે મારી પર હુમલો કરવા માટે નહીં, પણ બીધેલું હોવાને કારણે ગાંડાની જેમ ભાગી આવતું હતું. ભાગતાં ભાગતાં તે મારી સામે આવી પહોંચ્યું હતું. મેં નિશાન લઈ બંદૂકનો ઘોડો દબાવ્યો. પણ ત્યાં તો રીંછ લગભગ મારી ઉપર જ આવી પડ્યું અને હું નિશાન ચૂકી ગયો. મેં છોડેલી ગોળી તેના માથા પરથી પસાર થઈ ગઈ. તે સહેજ પાછું હઠ્યું અને ફરી મારી પર ધસી આવ્યું. હવે તેણે મારી પર હુમલો જ કર્યો હતો. મેં બંદૂક નીચી કરી. તે મારી એટલી બધી નજીકમાં હતું કે બંદૂકની નળી તેના કપાળને અડી જાય એમ હતું. મેં ગોળી છોડી પણ તે ખસી ગયું અને ગોળી ખાલી ગઈ.

મેં ઝાડના થડને ટેકવીને મૂકેલી બીજી બંદૂક લેવા માટે હાથ લંબાવ્યો. પરંતુ એટલામાં તો રીંછ મારા પર ધસી આવ્યું અને મને ગબડાવી પાડી બરફમાં આળોટતો કરી મારા શરીર પરથી પસાર થઈ ગયું.

'હાશ . . . એણે મને જીવતો છોડયો ખરો!' એમ મને થયું.

મેં ઊઠવાનો પ્રયાસ કર્યો પણ મને કોઈ દબાવી રાખે છે અને ઊઠવા નથી દેતું એમ મને લાગ્યું. રીંછ મને ગબડાવી મારી ઉપરથી પસાર થઈ ગયું હતું એ વાત સાચી, પણ હવે તે પાછું ફરીને મને પૂરો કરવા આવ્યું હતું. હું ચત્તોપાટ પડયો હતો અને રીંછ મારી ઉપર ચડી બેઠું હતું. હવે મને મારા મોઢા પર કંઈક ગરમ ગરમ લાગવા માંડયું. રીંછે હવે મારું માથું તેના મોંમાં લેવા માટે જડબું ઉઘાડયું હતું. મારું નાક તો જાણે તેના મોંમાં જ હતું અને તેના નસકોરામાંથી નીકળતા ગરમ શ્વાસ અને લોહીની ગંધથી હું ગૂંગળાતો હતો. હું ઊભો ન થઈ શકું તથા હાલી પણ ન શકું એટલા માટે તેણે આગલા બંને પંજાઓ વડે મારા બંને ખભાને દબાવી રાખ્યા હતા. મારાથી એક જ વસ્તુ થઈ શકે તેમ હતી: તે મને બચકું ન ભરી લે કે મારી આંખ ન ફોડી નાખે તે માટે હું માથાને આમતેમ હલાવી તેને બચાવી લેતો હતો. તેણે તેનું જડબું બને તેટલું પહોળું કરી મારા કપાળના ભાગને જોરથી ભરડો લીધો હતો. તેના નીચલા જડબાના દાંત મારી આંખોના ખાડામાં ભીંસાયેલા હતા, અને ઉપલા જડબાના દાંત કપાળ પર વાળ પાસે



ભીંસાયા હતા. હવે તે બંને જડબાંને ભેગા કરવા માટે જોર કાઢતું હતું. જાણે છરી વડે કોઈ મારા માથાને કાપતું ન હોય એમ મને લાગતું હતું. હું તેના સાણસામાંથી છટકવા મથતો હતો જ્યારે તે તેનાં જડબાં ભીડી દેવા માટે તેનાથી થાય તેટલું જોર કાઢતું હતું. તેની પકડ સહેજ ઢીલી પડી અને મેં મારું માથું ખેંચી લીધું, પણ ત્યાં તો તેણે તરત જ તે જગ્યાએ પાછું બચકું ભરી લીધું.

'બસ ખલાસ! હવે આખરી ઘડી આવી પહોંચી.' મેં છેલ્લી પળ આવી ગઈ છે એમ માની લીધું.

એવામાં અચાનક મારા શરીર પરનું વજન હટી ગયું. મેં ઉપર જોયું તો રીંછે મારું માથું છોડી દીધું હતું અને તે નાસી છૂટયું હતું.

મારા મિત્રે તેમ જ સાથીદારે રીંછને મારા પર ધસી આવતું તેમ જ મને ગબડાવી પાડતું જોયું હતું. તેઓ તરત જ મને મદદ કરવા દોડયા હતા પણ કમભાગ્યે મારો મિત્ર, જે રસ્તે બરફ દબાઈને પગથી પડેલી હતી તે રસ્તે ન આવતાં સીધો દોડયો અને તે પીંછા જેવા પોચા બરફમાં ગોથું ખાઈ ગયો. એક તરફ તે બરફમાંથી નીકળવા મથતો હતો જ્યારે બીજી તરફ રીંછ મારી ઉપર ચડી બેઠું હતું. પરંતુ અમારો ગામડિયો સાથીદાર પગથીએ પગથીએ દોડીને સીધો રીંછ પાસે આવી પહોંચ્યો હતો અને રીંછને 'હરામખોર . . . ક્યાં ચડી બેઠું છે . . . છોડ . . . છોડ . . .' એમ કરી લાકડીના ફટકા લગાવવામાં પડયો હતો.

એ ફટકા પડતાં જ રીંછે મને છોડી દીધો અને લાકડીના ફટકાનો સામનો કરવાને બદલે નાસી છૂટયું. મેં ઊઠીને જોયું તો એક ઘેટું કાપતાં જેટલું લોહી નીકળે તેટલું લોહી બરફ પર ઢળેલું હતું. મારા કપાળમાં જ્યાં રીંછના દાંત ભરાયા હતા ત્યાંથી માંસનો લોચો નીકળી આવ્યો હતો. પરંતુ રીંછના પંજામાંથી છૂટવાની હાશને કારણે મને એ ઘા જરાયે દુખતો નહોતો.

દરમિયાન મારો મિત્ર અને બીજા માણસો પણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે મારા ઘા જોયા અને તેની ઉપર

બરફ ભરી દીધો. મેં મને પડેલા ઘાને યાદ કર્યા વગર જ પૂછ્યું, 'રીંછ ક્યાં છે? તે કઈ તરફ નાસી છૂટ્યું?'

એકાએક એનો જવાબ સંભળાયો :

'આ રહ્યું, આ રહ્યું!'

અને અમે જોયું તો રીંછ પાછું અમારી તરફ ધસી આવતું હતું. અમે અમારી બંદૂકો સાબદી કરી પણ અમારામાંથી કોઈ ગોળી છોડે તે પહેલાં તો તે ત્યાંથી પસાર થઈ ગયું. તે રોષે ભરાયું હતું, અને મારી પર ફરી વાર હુમલો કરવા આવ્યું હતું, પરંતુ આટલાં બધાં માણસોને જોઈ તે સામી ઝાડીમાં પાછું જતું રહ્યું. તે જે રસ્તે ભાગી ગયું તે રસ્તે તેના માથામાં વાગેલી ગોળીના ઘામાંથી દદડતું લોહી પડયું હતું. અમારી ઇચ્છા તેનો પીછો કરવાની હતી પણ મારા માથામાં થયેલા ઘામાં હવે વેદના થવા માંડી હતી. અમે રીંછનો પીછો કરવાનું માંડી વાળી કોઈ ડૉક્ટરની શોધમાં ગામ તરફ પ્રયાણ કર્યું.

ડૉક્ટરે ટાંકા લઈ મારા ઘા સીવી લીધા અને ધીમે ધીમે તેમાં રૂઝ પણ આવવા લાગી.

મહિના પછી એ રીંછને પૂરું કરવાની ગણતરી સાથે અમે પાછા શિકારે ગયા. આ વખતેય તેને પૂરું કરવાની તક મને ન મળી. અમારી સાથેના ઘેરો ઘાલનારાઓએ તેને ઘેર્યું ખરું છતાં અમે જ્યાં તેને પૂરું કરવા ઊભા હતા તે ભાગમાં ન આવતાં તેણે ભયંકર ચીસ નાખતાં નાખતાં ગોળ ગોળ ફર્યાં કર્યું.

આખરે અમે તો નહીં પણ અમારા ગામડિયા સાથીદારે તેને પૂરું કર્યું. તેનું નીચલું જડબું તૂટી ગયું હતું અને તેનો એક દાંત મારી ગોળી વાગવાથી તૂટી ગયો હતો.

એ મોટું વિશાળકાય પ્રાણી હતું. તેના આખા શરીર પર કાળા વાળના ગુચ્છા પથરાયેલા હતા.

મેં એના મૃતદેહમાં મસાલો ભરી મારા ઓરડામાં મૂકી રાખ્યું છે. મારા કપાળમાંના ઘા પણ હવે ભરાઈ ગયા છે, અને તેનું નિશાન પણ હવે તો ભાગ્યે જ દેખાય છે.

# એલિયાસ

ઉફા રિયાસતમાં એલિયાસ નામે એક બાસ્કર રહેતો હતો. તેનો બાપ તેને પરણાવ્યા પછી એક વરસ જ જીવ્યો. પુત્ર માટે તે પોતાની પાછળ કંઈ ઝાઝી મિલકત પણ મૂકી ન ગયો: સાત ઘોડી, બે ગાય અને વીસેક ઘેટાં. પરંતુ એલિયાસ ઉદ્યમી અને મહેનતુ હતો. તેનામાં વેપારી સૂઝ તથા કુનેહ પણ સારી હતી. તેની પત્ની પણ ખંતીલી અને કામગરી હતી. વહેલી સવારથી તે મોડી રાત સુધી બંને જણ ખૂબ મહેનત કરતાં: જ્યારે બધાં ઊંઘતાં હોય ત્યારે તેઓ ઊઠી જતાં અને બધાંથી મોડાં સૂતાં. આ રીતે કામ કરતાં કરતાં તેની મિલકત દિવસે દિવસે વધતી ગઈ. ધીમે ધીમે તેની પાસે સારું એવું દ્રવ્ય એકઠું થઈ ગયું. તે પાંત્રીસ વરસનો થયો ત્યાં સુધીમાં તો તેની પાસે બસો

ઘોડા, દોઢસો ગાય અને બારસો ઘેટાં જેટલું પશુધન થઈ ગયું. ઢોર ચરાવવા માટે તેણે ગોવાળિયાઓ રાખ્યા અને ઢોરને દોહી તેના દૂધમાંથી માખણ, પનીર અને કુમિસ બનાવવા માટે પણ તેણે પગારદાર બાઈઓ રોકી. એલિયાસને ત્યાં કશાની ખોટ નહોતી. ગામમાં બધાં તેની અદેખાઈ કરતાં અને કહેતાં :

'એલિયાસ ખરેખર નસીબદાર છે. તેને કોઈ વાતની મણા નથી. આ સંસાર તો તેને સ્વર્ગ જેવો લાગતો હશે.'

એલિયાસની આવી સ્થિતિને કારણે રાજ્યના મોટા મોટા ઓધ્ધેદારો પણ તેની મૈત્રી બાંધવા માટે પ્રયત્ન કરતા. તેને ત્યાં દૂર દૂરથી મુલાકાતીઓ તથા મહેમાનો આવતા. એલિયાસ તેમની બધાની સરભરા કરતો અને તેમને સારી પેઠે ખવરાવતો પિવરાવતો. તેને ત્યાં ગમે તે જાય તેને કુમિસ, ચા અને શરબત અવશ્ય મળતાં. મહેમાનો આવે ત્યારે જાફત માટે એક ઘેટું કાયમ ફાજલ પાડવામાં આવતું, અને મહેમાનો વધારે હોય તો એકાદ ઘોડી પણ વધેરવામાં આવતી.

તેને ત્રણ બાળકો હતાં : બે છોકરા અને એક છોકરી. ત્રણેને તેણે સારી જગ્યાએ પરણાવ્યાં હતાં. એલિયાસની સ્થિતિ જ્યારે કંઈક ગરીબ હતી ત્યારે છોકરાઓ તેના કામમાં મદદ કરતા. ઘેટાં અને ઢોરઢાંખરની દેખરેખ રાખતા તથા બીજાં નાનાં કામો પણ હોંશથી કરતા. પણ બાપ પાસે પૈસો આવતાં જ તેઓ વંડી ગયા. એક છોકરો દારૂની લતે

ચડી ગયો અને તેમાંથી થયેલી એક તકરાર અને મારામારીમાં તે માર્યો ગયો. નાનો એક મનમોજી છોકરી જોડે પરણ્યો તેથી બાપ સાથે તે ઝાઝું રહી શકયો નહીં.

આમ તેઓ જુદા પડયા. એલિયાસે છૂટા થતા દીકરાને ઘર વસાવી આપ્યું તથા ઢોરઢાંખર પણ સારા પ્રમાણમાં આપ્યાં. આમ તેની મિલકતમાં એટલો ઘટાડો થયો. ત્યાર પછીના વરસમાં તેનાં ઘેટાંમાં રોગ પડયો અને મોટા ભાગનાં ઘેટાં મરી ગયાં. ત્યાર પછીનું વરસ દુકાળનું આવ્યું અને ઘાસચારો સમૂળગો ન થયો. તેથી એ શિયાળામાં પણ સારી સંખ્યામાં ઢોર મરણ પામ્યાં. અધૂરામાં પૂરું તેના ઉત્તમ ઘોડાના એક ધણને કિર્ગિઝ લોકો ઉઠાવી ગયા.

એક તરફ એલિયાસની મિલકત ઘટતી ઘટતી સાવ ઓછી થઈ ગઈ, અને બીજી તરફ તેની ઉંમર પણ સિત્તેરે પહોંચી. તેની કામ કરવાની શક્તિ પણ ઘટી ગઈ. અંતે તેને તેની મિલકતમાંથી કીમતી જાજમો, ગાલીચા, પલાણ તથા તંબૂઓ વેચવાની ફરજ પડી. છેવટે બચેલાં ઢોરઢાંખરથી પણ તેને જુદા પડવું પડ્યું. આખરે એવો સમય આવ્યો કે તેને ત્યાં ખાવાના પણ સાંસા પડવા લાગ્યા. આ બધું એટલી ઝડપથી બની ગયું કે આ શી રીતે બન્યું તેની તેને સૂઝ પડે તે પહેલાં તો તે બધું ગુમાવી બેઠો. આખરે ઘરડે ઘડપણ તેને અને તેની પત્નીને કામ શોધવા નીકળવું પડયું. એલિયાસ પાસે શરીર પર પહેરેલાં કપડાં, એક રૂંવાંવાળો ડગલો, એક પ્યાલો, એક જોડ ચંપલ તથા જોડા એટલું જ બાકી રહ્યું. તેની જીવનસંગાથી પત્ની શામ-શેમાગી

પણ તદ્દન ઘરડી થઈ ગઈ હતી. દીકરી મરણ પામી હતી અને તેમનાથી છૂટો રહેલો દીકરો વેપાર અર્થે દૂર દૂરના દેશોમાં સફરે ઊપડી ગયો હતો. આ ઘરડાં દંપતીની કાળજી લે કે તેમને મદદ કરે તેવું કોઈ નહોતું.

આ વખતે મહમદશાહ નામના તેમના પડોશીને તેમની દયા આવી. મહમદશાહ પણ કંઈ તાલેવાન નહોતો, જોકે તે એટલો બધો ગરીબેય નહોતો. તે એક સાધારણ સ્થિતિનો માણસ હતો અને સ્વભાવે કંઈક ભલો હતો. એલિયાસનો ભૂતકાળ તેણે જોયો હતો, તેની મહેમાનગતિ તેણે અનુભવી હતી, અને એલિયાસની હાલની સ્થિતિ પણ તે સારી પેઠે સમજતો હતો. તેણે એલિયાસને કહ્યું :

'એલિયાસ, તમે બંને ઘરડાં થયાં છો. તમે મારી સાથે આવીને રહો. ઉનાળામાં તમે તમારી શક્તિ પ્રમાણે મારી તડબૂચની વાડીમાં કામ કરજો. શિયાળામાં મારાં ઢોરની સંભાળ રાખજો. શામ-શેમાગી મારાં ઢોર દોહવાનું અને તે દૂધમાંથી કુમિસ બનાવવાનું કામ કરશે. હું તમને સારી રીતે ખવરાવીશ તથા રહેવાની સગવડ કરી આપીશ. તમારે જે કંઈ જોઈએ તે વિના સંકોચે માગી લેજો, હું તે લાવી આપીશ.'

એલિયાસે તેના ભલા પડોશીનો આભાર માન્યો. બંને જણ મહમદશાહને ત્યાં નોકરીએ રહી ગયાં. શરૂઆતમાં તો કામ કરવાનું તેમને કઠણ લાગ્યું, પણ પછી તેઓ ટેવાઈ ગયાં. તેમની શક્તિ પ્રમાણે બને તેટલું વધારે કામ કરી તેઓ મહમદશાહને ત્યાં તેનાં કુટુંબીની જેમ જ રહેવા લાગ્યાં.

મહમદશાહ એમને સાથે રાખવામાં લાભ છે એમ માનતો. કારણ, તે એમ માનતો કે એક દિવસ આ લોકો માલિક હતાં, તેથી કામકાજની તેમને સારી સૂઝ હોય છે. વળી તેઓ આળસુ તો નથી જ હોતાં અને તેમનાથી બને તેટલું વધારે કામ કરે છે. આમ છતાં એક કાળે જેમની પાસે કોઈ વાતની મણા નહોતી તેમને આ રીતે જીવતાં જોઈ મહમદશાહને દુઃખ થતું.

એક વખત મહમદશાહને ત્યાં તેમનાં કેટલાંક સગાં ઘણે દૂરથી તેને મળવા આવ્યાં. સાથે મુલ્લાં પણ હતા.

મહમદશાહે જાફત માટે એલિયાસ પાસે એક ઘેટું કપાવ્યું. એલિયાસે એક ઘેટાનું ચામડું ઉતારી તેના માંસને સારી રીતે બાફયું અને પછી મહેમાનોને મોકલી આપ્યું. મહેમાનોએ માંસને ખૂબ વખાણ્યું અને તેની સાથે ચા અને કુમિસ પણ લીધાં. તેઓ એક મોટા ગાલીચા પર પાથરેલી ગાદી પર બેસીને કુમિસ પીતા હતા તેવામાં એલિયાસ ત્યાંથી પસાર થયો. તેને ત્યાંથી પસાર થતો જોઈ મહમદશાહે તેના મહેમાનોને પૂછ્યું, 'અહીંથી પસાર થયો તે ડોસાને તમે જોયો?'

'હા જોયો, પણ તેનામાં નવાઈ પમાડે તેવું શું છે?' મહેમાને પૂછ્યું.

'એક કાળે તે આપણા બધા કરતાં અનેકગણો ધનવાન હતો એટલું જ. તેનું નામ એલિયાસ, તમે એનું નામ તો સાંભળ્યું જ હશે?'

'હા, તેનું નામ ન સાંભળ્યું હોય એમ તે બને ? એનું નામ તો દૂર દૂરના લોકો પણ જાણે છે.' મહેમાને કહ્યું.

'પણ આજે તો એની પાસે કંઈ રહ્યું નથી. તે અને તેની ઘરડી પત્ની બંને મારી સાથે રહે છે અને મારે ત્યાં જ કામ કરે છે. એલિયાસ મારી વાડી તથા ઢોર સાચવે છે અને માજી ઢોરોને દોહવાનું તથા દૂધમાંથી કુમિસ વગેરે બનાવવાનું કામ કરે છે.' મહમદશાહે કહ્યું.

તેની વાત સાંભળી મહેમાનોને નવાઈ લાગી. તેમાંના એકે જરા ગંભીર થઈ કહ્યું, 'નસીબનું પાંદડું ક્યારે ફરી જાય છે તેની કોઈને ખબર હોતી નથી. કોઈ અમીરમાંથી ગરીબ થઈ જાય છે, તો કોઈ ગરીબમાંથી અમીર થઈ જાય છે. શું એલિયાસને તેણે બધું ગુમાવ્યું તેનું દુઃખ નહીં થતું હોય?'

'એ તો કોને ખબર? અમારે ત્યાં તે શાંતિથી અને સ્વસ્થતાપૂર્વક બધાં કામ સારી રીતે કર્યાં કરે છે.' મહમદ-શાહે જવાબ આપ્યો.

'મહમદશાહ, તમે મને એનો ભેટો ન કરાવી આપો? જો તે કહે તો તેના જીવન વિષે કેટલીક વાત જાણવાની ઇચ્છા છે.'

'જરૂર, તે તમારા સવાલોના જવાબ ખુશીથી આપશે.' એમ કહી મહમદશાહે ત્યાંથી જ એલિયાસને બૂમ પાડી:

'દાદાજી, અંદર આવો અને અમારી સાથે એકાદ પ્યાલો કુમિસ લો. દાદીને પણ બોલાવતા આવજો.'

એલિયાસ તેની ઘરડી પત્ની સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે મહેમાનોને નમસ્કાર કર્યા અને એક ભજન ગણગણતો ગણગણતો ઊમરા પાસે બેસી ગયો. તેની પત્ની પણ પડદાની પાછળ જઈ તેની શેઠાણી સાથે બેઠી.

એલિયાસને એક પ્યાલો કુમિસ આપવામાં આવી. પોતાના માલિકનું અને તેના મહેમાનોનું આરોગ્ય સારું રહે એવું ઇચ્છી, તેમને નમન કરી, તેણે થોડુંક કુમિસ પી પ્યાલી નીચે મૂકી દીધી.

'દાદાજી, અમને જોઈને તમને તમારી પાછલી જાહોજલાલી યાદ આવતી હશે, અને તેથી તમને કંઈક દુઃખ જેવું પણ થતું હશે.' એલિયાસની સાથે વાત કરવા ઇચ્છતા મહેમાને તેને પૂછ્યું.

તે સાંભળી એલિયાસને હસવું આવી ગયું અને તેણે હસતાં હસતાં કહ્યું, 'સુખ અને દુઃખ એ શી વસ્તુ છે એ હું તમને કહું તો ખરો, પણ મારી વાત તમને સાચી નહીં લાગે.'

મહેમાનો તેને ધ્યાનથી સાંભળી રહ્યા.

'. . . એટલે તમે મારી પત્નીને પૂછો તો વધારે સારું. તે સ્ત્રી છે. તેના હૃદયમાં જે વાત છે તે જ તેના હોઠે છે. એ તમને બધી સાચી વાત કરશે.'

મહેમાનોએ પડદા ભણી મોં ફેરવ્યું.

'દાદી, તમારી આગલી જિંદગીની સરખામણીમાં તમને હાલની કમનસીબ હાલત કેવી લાગે છે?' મહેમાને પૂછ્યું.



'આજે અમે કદી નહોતાં તેટલાં સુખી છીએ.'

શામ-શેમાગીએ પડદાની પાછળ રહ્યે રહ્યે જ જવાબ આપ્યો :

'મને તો આવું લાગે છે : મેં અને મારા ધણીએ પચાસ વરસ સુધી સુખ શોધ્યા કર્યું પણ અમને સુખ મળ્યું નહીં. અને હવે, છેલ્લાં બે વરસથી, અમારી બધી દોલત ખલાસ થઈ ગઈ અને અમે મજૂરી કરવા માંડી ત્યારે અમને સાચું સુખ મળ્યું. હવે અમારે હાલની સ્થિતિ કરતાં વધારે કંઈ નથી જોઈતું. આજે અમે કદી નહોતાં તેટલાં સુખી છીએ.'

શામ-શેમાગીની વાત સાંભળી મહેમાનોને તથા મહમદશાહને ખૂબ આશ્ચર્ય થયું. મહમદશાહે તો માજીને આવી વાત કરતાં જોવા માટે પડદો પણ ખસેડી કાઢ્યો. પડદા પાછળ શામ-શેમાગી અદબ વાળીને બેઠી હતી અને પોતાના પતિ તરફ જોઈ ધીમું ધીમું હસતી હતી. એલિયાસે પણ તેની સામે જોઈ સ્મિત કર્યું. શામ-શેમાગીએ પોતાની વાત આગળ ચલાવી :

'હું મશ્કરી નથી કરતી પણ તદ્દન સાચું કહું છું. અડધી સદી સુધી અમે સુખ માટે ઝંખતાં રહ્યાં, પણ અમારી પાસે પૈસા હતા ત્યાં સુધી અમને સુખ ન જ મળ્યું. આજે અમારી પાસે કંઈ રહ્યું નથી અને અમે અહીં મજૂરી કરીએ છીએ. અત્યારે અમે જેવી સુખી જિંદગી જીવીએ છીએ તેવી કાયમ જીવવા મળે એવી અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. હવે આનાથી વધારે અમારે કંઈ નથી જોઈતું.'

'પણ તમારું સુખ તમને શામાંથી મળે છે?' મહેમાને પૂછ્યું.

'આમાંથી, આ જીવનમાંથી જ. જ્યારે અમે પૈસાદાર હતાં ત્યારે જાતજાતની એવી જંજાળમાં ફસાયેલાં રહેતાં કે અમને એકબીજા સાથે વાત કરવાની પણ ફુરસદ નહોતી મળતી. અમારા આત્માની ઉન્નતિની વાત તો બાજુએ રહી, અમને પ્રાર્થના કરવા માટે પણ સમય નહોતો મળતો. અમારે ત્યાં મહેમાનોની અવરજવર રહેતી. તેઓ અમારે વિષે ઘસાતું ન બોલે તે માટે તેમને શું ખવરાવવું, પિવરાવવું તથા તેમને કેવી ભેટસોગાદો આપવી તેનું અમારે ખાસ ધ્યાન રાખવું પડતું. તેઓ જાય પછી અમારે અમારા મજૂરો પાછળ મંડવું પડતું. કારણ, તેઓ બને તેટલું ઓછું કામ કરી સારામાં સારો ખોરાક મેળવવાની ઇચ્છા રાખતા, જ્યારે અમે તેમની પાસે વધુમાં વધુ કામ શી રીતે લેવાય તેની ફિકરમાં રહેતાં. આમ અમે પાપ કરતાં. અમારાં વછેરાં કે વાછરડાંને વરુ ફાડી ખાશે કે ચોરો અમારાં ઢોરોને ભગાડી જશે, એવી બીક અમને સતત રહેતી. રાત્રે ઘેટીઓ તેમનાં બચ્ચાંને ચગદી ન મારે તો સારું એવી બીક પણ રહેતી અને આ બધાને પરિણામે અમે રાત્રે નિરાંતે ઊંઘી શકતાં નહીં. બધું સલામત છે તેની ખાતરી કરવા અમે રાત્રે અવારનવાર જાગી પડતાં. આમ અમારી પાસે બધું હોવા છતાં અમે નિરાંતની ઊંઘ સુધ્ધાં લઈ શકતાં નહોતાં.

'એક ચિંતાને ઊંચે મૂકીએ કે બીજી આવી પડતી. પાક ઘરમાં ભર્યો ન ભર્યો ત્યાં શિયાળામાં ઢોરોને નીરવાના ઘાસની ચિંતા આવીને ઊભી રહેતી. અને આ બધા ઉપરાંત અમે બંને કોઈ બાબત પર જલદી એકમત થઈ શકતાં નહીં.

તેઓ કહેતા કે આપણે આમ કરીએ તો સારું અને હું કહેતી કે એમ નહીં પણ આમ કરીએ તો સારું. આમાંથી અમે એકબીજા સાથે લડી પડતાં. અને તમે જાણો જ છો કે આ રીતે ઝઘડવા કરતાં મોટું પાપ કોઈ નથી — અમે એવું પાપ કરી બેસતાં. અમે એક મુશ્કેલી ટાળીએ ને બીજી આવતી, એક પાપ ટાળતાં ત્યાં બીજું પાપ આવી પડતું, અને સુખની અમારી ખોજ કાયમ અધૂરી રહેતી. અમને કશામાં સુખ દેખાતું નહીં.'

'અને હવે?'

'હવે! હવે તો સવારમાં અમે બંને ઊઠીએ છીએ ત્યારે અમારી પાસે લડાઈ કે ઝઘડાનો કોઈ મુદ્દા જ નથી હોતો. તેથી અમે એકબીજા સાથે મીઠાશથી વાતો કરીએ છીએ. આજે અમારે અમારા માલિકની બને તેટલી સારી રીતે સેવા કરવી તે સિવાય અમને બીજી કોઈ ચિંતા નથી. અમારા માલિકને અમારે લીધે ખોટ ન ખમવી પડે અને અમારા કામમાંથી તેને બને તેટલું વધારે મળતર રહે તે માટે અમે અમારાથી બને તેટલી વધારે મહેનત કરીએ છીએ. તેમાંથી અમને સુખ મળી રહે છે.

'અમે કામકાજ પતાવી ઘરમાં આવીએ છીએ ત્યારે અમારા માલિક તરફથી અમને સારી રીતે ખાવાપીવા મળે છે. શિયાળામાં ટાઢથી બચવા માટે જોઈતું બળતણ પણ અમારા માલિક અમને આપે છે — અને અમારી પાસે એક રૂંવાંવાળો કોટ તો છે જ.

'હવે અમને બંનેને એકબીજા સાથે વાતો કરવાનો સમય પણ મળે છે. એટલું જ નહીં, અમારા આત્માની

ઉન્નતિ માટેનો વિચાર કરવાની ફુરસદ પણ અમને મળે છે. પ્રાર્થના માટે પણ અમે નિયમિત સમય કાઢી શકીએ છીએ.'

શામ–શેમાગીની આવી વાતો સાંભળી મહેમાનો હસવા લાગ્યા.

પણ એલિયાસે કહ્યું :

'ભાઈઓ, તમને આ સાંભળી હસવું આવે છે, પણ આ કંઈ મશ્કરીની વાત નથી. આ તો જીવનનું સત્ય છે. અમારા મોજશોખ, માલમિલકત વગેરે બધું અમે ખોઈ બેઠાં ત્યારે અમે પણ મૂરખની જેમ એ વાત પર રડતાં હતાં. પણ ઈશ્વરે જિંદગીનાં છેલ્લાં વરસોમાં અમને સાચી વાત, જીવનનું સત્ય સમજાવ્યું. તમને થશે કે અમે આવું બધું અમારા મનને આશ્વાસન આપવા માટે કહીએ છીએ, પણ તેમ નથી. આ વાત હું તમારા ભલા માટે કહું છું.'

એલિયાસની વાત સાંભળી મુલ્લાંએ મહેમાનોને કહ્યું, 'એની વાત તદ્દન સાચી છે. એલિયાસ! તેં સો ટકા સાચી વાત કરી છે. આપણા ધર્મગ્રંથોમાં પણ આ જ વાત કહેવામાં આવી છે.'

મુલ્લાંની વાત સાંભળી મહેમાનો હસતા બંધ થયા અને ઊંડા વિચારમાં પડી ગયા.

# ધર્મપુત્ર

## ૧

એક ગરીબ ખેડૂતને ત્યાં પુત્રનો જન્મ થયો. આથી તે રાજી રાજી થઈ ગયો. તેના પાડોશી પાસે જઈ તેણે તેને પુત્રજન્મની વાત કરી અને એના ધર્મપિતા બનવા કહ્યું. પાડોશીએ ના પાડી. એક ગરીબ ખેડૂતના દીકરાના ધર્મ-પિતા બનવાનું તેને પસંદ નહોતું. ખેડૂતે બીજા પાડોશીને વિનંતી કરી જોઈ પણ તેણેય ના પાડી. પછી તો એ ગરીબ ખેડૂત આખું ગામ ફરી વળ્યો પણ તેના દીકરાના ધર્મપિતા બનવા માટે કોઈ તૈયાર થયું નહીં. આથી તે બીજે ગામ જવા નીકળ્યો. રસ્તામાં તેને એક માણસ મળ્યો, તેણે એને અટકાવીને પૂછ્યું :

'નમસ્તે ભાઈ! ક્યાં ચલાવ્યું?'

'ભાઈ, શી વાત કરું? ઘડપણમાં સુખેથી પ્રભુસ્મરણ કરી શકું અને મરણ પછી મારું શ્રાદ્ધ કરી શકે એ માટે ઈશ્વરે મને આ યુવાનીમાં દીકરો આપ્યો. પરંતુ હું ગરીબ રહ્યો એટલે અમારા ગામમાં કોઈ મારા દીકરાનો ધર્મપિતા બનવા રાજી નથી. તેથી આ નજીકના ગામે જવા નીકળ્યો છું. ત્યાંથી મારા પુત્ર માટે ધર્મપિતા મળી રહેશે એવી આશા છે.'

આ સાંભળી પેલા અજાણ્યા માણસે કહ્યું, 'જો એમ જ છે, તો પછી મને જ તમારા પુત્રનો ધર્મપિતા કાં ન બનાવો ?'

'અરે . . . એથી રૂડું શું? એ માટે તમારો કયા શબ્દોમાં આભાર માનું ? પણ . . . ધર્મમાતા કોણ બનશે ?' તેણે ખચકાતાં ખચકાતાં પોતાની મુશ્કેલી રજૂ કરી.

આ સાંભળી પેલા અજાણ્યા માણસે સહેજ વિચાર કરી કહ્યું, 'તું નજીકના ગામમાં જા. સીધો ચોકમાં ચાલ્યો જજે. ત્યાં એક પથ્થરની બાંધણીવાળું મકાન છે. તેના ઓટલા પર દુકાન માંડેલી છે. એ દુકાનનો માલિક ગલ્લે બેઠો હશે. તેને કહેજે કે તમારી પુત્રીને મારા પુત્રની ધર્મમાતા બનાવો.'

ગરીબ ખેડૂત આ વાત સ્વીકારતાં જરા મૂંઝાયો. પેલાએ તેની મૂંઝવણ વાંચી લીધી અને પૂછ્યું, 'બોલ, શી મૂંઝવણ છે ?'

'એક પૈસાપાત્ર વેપારીને મારાથી આવું શી રીતે કહેવાય ? તે મને ઊભોય નહીં રાખે. તેની દીકરીને મારા પુત્રની ધર્મમાતા બનાવવાનું તેને પસંદ નહીં પડે એમ મને લાગે છે.'

'એની તું ચિંતા ન કરીશ. એ વેપારીને આજે સાંજે મળી લેજે. મળીને કહેજે કે તમારી દીકરીને મારા પુત્રની ધર્મમાતા બનાવી આભારી કરો. વિધિ માટે કાલે સવારનો સમય ઠીક રહેશે. તું આટલું કામ પતાવી લે, વિધિની તૈયારી કરી રાખ. કાલે સવારે હું સમયસર આવી પહોંચીશ.'

ખેડૂત ઘરે ગયો અને વિધિ માટેની પૂરતી તૈયારી કરી સાંજ પડતાં નજીકને ગામ જવા નીકળ્યો. તે ઘોડાને સીધો ગામના ચોકમાં હાંકી ગયો. પેલા અજાણ્યા માણસે કહ્યું હતું તેમ ચોકમાં એક પથ્થરની બાંધણીવાળું મકાન હતું અને તેને ઓટલે દુકાન માંડેલી હતી. ખેડૂત ઘોડા પરથી ઊતરી ગયો અને ઘોડાને હાથે દોરતો દોરતો દુકાનના ઓટલા સુધી આવી પહોંચ્યો. તે પેલા વેપારીને કંઈ પૂછે તે પહેલાં તો પેલા વેપારીએ જ સામેથી પૂછ્યું, 'બોલ ભાઈ, શું જોઈએ છે?'

'ભાઈ, એક વાત કરવી છે. ઘડપણમાં શાંતિથી પ્રભુ-ભક્તિ કરી શકું અને મૃત્યુ પછી મારું શ્રાદ્ધ કરી શકે તે માટે ઈશ્વરે મને એક પુત્ર આપ્યો છે. તમારી પુત્રીને એની ધર્મમાતા બનાવો એવી મારી નમ્ર અરજ છે.'

'વારુ, વિધિ ક્યારે રાખ્યો છે?'

'કાલે સવારની પ્રાર્થના વખતે. હું પડખેના ગામમાં રહું છું.'

'ભલે, સુખી રહો. મારી દીકરી કાલે સવારની પ્રાર્થના વખતે તમને ત્યાં મળશે.'

બીજે દિવસે સવારે પ્રાર્થના સમયે દેવળમાં પેલો અજાણ્યો માણસ અને પેલા વેપારીની દીકરી દેવળમાં આવી પહોંચ્યાં. તેઓ ગરીબ ખેડૂતના દીકરાનાં ધર્મમાતા અને ધર્મ-પિતા બન્યાં. વિધિ સુખરૂપ પૂરો થયો. વિધિ પૂરો થતાં જ પેલો અજાણ્યો માણસ ત્યાંથી ચાલી ગયો. તે કોણ હતો

અને ક્યાંથી આવ્યો હતો તેની કોઈને ખબર સુધ્ધાં ન પડી. અને ત્યાર પછી પણ તે ક્યારેય ફરી જોવા ન મળ્યો.

૨

દિવસ પર દિવસ પસાર થવા લાગ્યા. ખેડૂતનો દીકરો તો રાતે ન વધે તેટલો દિવસે વધે અને દિવસે ન વધે એટલો રાતે વધે. તે ખડતલ, ઉત્સાહી, ચપળ, હોશિયાર અને આજ્ઞાંકિત હતો. દસ વરસે તેનાં માબાપે તેને ભણવા માટે નિશાળે મૂક્યો. બીજાં છોકરાં પાંચ વરસમાં ભણે એટલું તો તેણે એક વરસમાં ભણી લીધું. વરસ બે વરસમાં તો એ પંડિત થઈ ગયો અને તેને માટે કંઈ ભણવાનું બાકી રહ્યું નહીં.

નાતાલના તહેવાર આવ્યા. નાતાલમાં છોકરો તેની ધર્મમાતાને મળવા તેમ જ તેને નાતાલના પ્રણામ કરવા ગયો.

ત્યાંથી પાછા આવીને તેણે તેનાં માતપિતાને કહ્યું, 'હું મારાં ધર્મમાતાને તો મળી આવ્યો. પણ મારા ધર્મ-પિતા ક્યાં રહે છે તેની તો તમે મને વાત જ નથી કરી! મારે તેમને પણ મળવું છે અને નાતાલના પ્રણામ કરવા છે.'

જવાબમાં તેના પિતાએ કહ્યું, 'બેટા, તારા ધર્મપિતા ક્યાં રહે છે તેની અમને પણ ભાળ નથી. એ માટે અમે ઘણી વાર અમારી જાતને ઠપકો આપ્યો છે. તે તારા ધર્મપિતા બનવા તૈયાર થયા ત્યારે પણ હું તેમને ઓળખતો નહોતો અને પછી તો વિધિ પૂરો થયો કે તરત જ તેઓ અહીંથી ચાલી નીકળ્યા હતા. તે અત્યારે ક્યાં રહે છે અને હજુ જીવે છે કે કેમ તેની કંઈ જ ખબર નથી.'

છોકરો પોતાના પિતાની વાત સાંભળી સહેજ ગંભીર થઈ ગયો અને પછી કહ્યું, 'પિતાજી, મારે તેમને શોધી કાઢવા જોઈએ અને તેમને નાતાલના પ્રણામ કરવા જોઈએ. તમે રજા આપો તો હું તેમને ખોળી કાઢું.'

માતાપિતાએ તેને રોક્યો નહીં અને છોકરો તેના ધર્મપિતાની શોધમાં નીકળી પડ્યો.

૩

છોકરો ચાલી નીકળ્યો. કલાકો સુધી ચાલ્યા બાદ રસ્તામાં તેને એક માણસ મળ્યો. આ માણસને તે ઓળખતો નહોતો તોય તેણે છોકરાને અટકાવીને પૂછ્યું, 'નમસ્તે દીકરા, ક્યાં ચાલ્યો?'

'હું મારાં ધર્મમાતાને મળી આવ્યો અને તેમને મારા નાતાલના પ્રણામ પણ કરી આવ્યો. ત્યાંથી પાછા આવી મેં મારાં માતાપિતાને પૂછ્યું કે મારા ધર્મપિતાને મારે પ્રણામ કરવા છે, તેઓ ક્યાં રહે છે? પણ મારાં માતાપિતા એ જાણતાં નથી. તેમનું કહેવું છે કે, મારા ધર્મપિતા વિધિ પૂરો થયો કે તરત ત્યાંથી ચાલી ગયા હતા. મારાં માતાપિતા આ અગાઉ તેમને ઓળખતાં નહોતાં. એટલું જ નહીં તેઓ જીવે છે કે નહીં તેની પણ મારાં માતાપિતાને ભાળ નથી. પરંતુ મારે તો મારા ધર્મપિતાને મળવું જ છે, તેથી તેમની ભાળ કાઢવા નીકળ્યો છું.'

પેલા અજાણ્યા માણસે કહ્યું, 'બેટા, હું જ તારો ધર્મપિતા છું.'

છોકરો આ સાંભળી રાજી રાજી થઈ ગયો. તેણે તેના ધર્મપિતાને નમન કરી નાતાલના પ્રણામ કર્યાં. પછી પૂછ્યું, 'પિતાજી, તમે આજે ક્યાં જવા નીકળ્યા છો? જો અમારા ગામ તરફ જતા હો તો અમારે ઘરે પધારો, અને જો તમારા ઘર તરફ પાછા ફરી રહ્યા હો તો મને તમારી સાથે તમારે ઘરે લઈ જાઓ.'

'બેટા, આજે તો તારે ઘરે આવવાનો મને સમય નથી. મારે ધંધાર્થે ઘણાં ગામોમાં ફરવું પડે છે. આજે તો હું પરગામ જવા નીકળ્યો છું. ત્યાંથી મારે ઘરે પાછો પહોંચી જઈશ. તું કાલે મને મારે ઘરે મળે તો સારું.'

'પણ મેં તમારું ઘર ક્યાં જોયું છે?'

'તો જો, ઘરેથી નીકળીને સૂર્યોદયની દિશામાં નાકની દાંડીએ સીધો ને સીધો ચાલ્યો આવજે. તું એક જંગલમાં આવી પહોંચીશ. જંગલમાં પણ સીધો ને સીધો ચાલ્યા કરજે, ને તું એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચીશ. આ મેદાનમાં પહોંચી તું આરામ કરવા માટે રોકાઈ જજે. આજુબાજુ શું બને છે તે જોતો રહેજે. જંગલને છેડે, જંગલથી દૂર તને એક બગીચો જોવા મળશે. આ બગીચામાં સોનાનાં નળિયાંવાળું એક મકાન છે. એ મકાન તે જ મારું ઘર. દરવાજા સુધી ચાલ્યો આવજે. ત્યાં હું તને સામે લેવા આવીશ.'

આટલું કહીને પેલા છોકરાનો ધર્મપિતા એકાએક અદૃશ્ય થઈ ગયો!

## ૪

બીજે દિવસે સવારે છોકરો તેના ધર્મપિતાના કહ્યા પ્રમાણે નીકળી પડ્યો. તેણે પૂર્વ દિશામાં નાકની દાંડીએ સીધા ને સીધા ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં તે એક જંગલમાં આવી પહોંચ્યો. આ જંગલ પસાર કર્યાં પછી તે એક નાના ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યો. મેદાન આગળ આવી તે થાક ખાવા રોકાયો. મેદાનની વચ્ચે એક પાઈનનું ઝાડ હતું. તેની એક ડાળી સાથે જમીન સુધી પહોંચે તે રીતે એક દોરડું તાણી બાંધેલું હતું અને દોરડાને છેડે એક લાકડાનું ઢીમચું લટકાવેલું હતું. આ લટકતા ઢીમચાની નીચે એક મોટા તગારામાં મધ ભરીને મૂકી રાખ્યું હતું. છોકરાને આ જોઈ જરા નવાઈ જેવું લાગ્યું. પણ આ રીતે તગારું ભરી મધ મૂકી તેના પર આમ લાકડાનું ઢીમચું શા માટે લટકાવી રાખ્યું હતું તે એને સમજાયું નહીં. આ અંગે તે કંઈ વિચાર કરે એટલામાં તો બાજુની ઝાડીમાં કંઈ સળવળાટ થયો. ડાળીઓ તૂટવાના અને સૂકાં પાંદડાં કચરાવાના અવાજ સંભળાયા અને એક રીંછ તેનાં ચાર બચ્ચાં સાથે મેદાનમાં આવી પહોંચ્યું. રીંછનું એક બચ્ચું તો હજુ વરસનુંય નહોતું થયું. રીંછ હાંફતું હાફતું સીધું મધના વાસણ પાસે પહોંચી ગયું અને તેનાં બચ્ચાં પણ તેની પાછળ પાછળ ત્યાં દોડી ગયાં. રીંછે પેલા લટકતા લાકડાના ઢીમચાને માથાથી સહેજ ધક્કો મારી હટાવી દીધું અને તે મધ ખાવા લાગ્યું. તેનાં બચ્ચાં પણ મધ ખાવામાં દાખલ પડી ગયાં. તેઓ આમ ટોળે મળીને મધ ખાતાં હતાં ત્યાં તો રીંછે તેના

માથાથી હડસેલેલું લાકડાનું ઢીમચું પાછું ત્યાં આવ્યું અને તેણે સૌથી નાના બચ્ચાને ગબડાવી પાડ્યું.

આ જોઈ રીંછે લાકડાના ઢીમચાને જરા જોરથી પંજો મારી આઘું ધકેલ્યું. હવે લટકતા ઢીમચાને તેણે જેટલા જોરથી ધકેલ્યું તેટલા જ જોરથી તે પાછું આવ્યું અને આ વખતે તેણે રીંછના એક બચ્ચાને માથામાં તો બીજાને કમરના ભાગમાં જોરથી ધક્કો માર્યો. બાપડાં બચ્ચાં આ લટકતા ઢીમચાના ધાંધલથી ગભરાઈને ચીસાચીસ કરતાં કરતાં આઘાંપાછાં થવા લાગ્યાં. આ જોઈ બચ્ચાંની મા ચિડાઈ. તેણે ગુસ્સામાં એક ચિચિયારી પાડી અને પાછલા પગ પર ઊભા થઈ ઢીમચાને આગલા બંને પંજા વડે પકડી જોરથી અધ્ધર ઉડાડી મૂક્યું. ઢીમચું આકાશમાં ઘણું ઊંચે ઊછળ્યું. દરમિયાનમાં સૌથી નાનું બચ્ચું મધ ખાવા દોડી ગયું હતું અને તેણે સિસકારા સાથે મધ ઉડાવવા માંડ્યું હતું. તેને આમ કરતું જોઈ બીજાં ત્રણ બચ્ચાં પણ ત્યાં પહોંચી ગયાં. બરાબર તે જ વખતે લાકડાનું ઢીમચું ઉપરથી નીચે પડ્યું અને સૌથી નાના બચ્ચાના માથા પર એવું તો જોરથી અથડાયું કે તે બાપડું ત્યાં ને ત્યાં ઢગલો થઈ ગયું. આ જોઈ રીંછના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે પહેલાં કરતાંય વધુ જોરથી કિકિયારી નાખી અને લાકડાના ઢીમચાને આગલા પંજાઓ વડે જોરથી ઊંચું કરી, હતું તેટલું બધું જોર ભેગું કરી, હવામાં ઊંચે ફગાવી દીધું. આ વખતે ઢીમચું ગયા વખત કરતાં પણ ઊંચે સુધી પહોંચ્યું — તે જે ડાળીએ બાંધેલું હતું તે ડાળીએ દોરડાનો એક આંચકો લાગ્યો. રીંછ તેનાં

બચ્ચાં સાથે મધના વાસણ પાસે પહોંચી ગયું હતું. લાકડાનું ઢીમચું ઉપરથી બમણા વેગ સાથે નીચે આવતું હતું. તે જેમ જેમ નીચે આવતું હતું તેમ તેમ તેનો વેગ વધતો જતો હતો. આ વખતે તે સીધું રીંછના માથા પર જ પડ્યું! રીંછને જોરથી ફટકો વાગ્યો. તે ઢળી પડ્યું, તરફડવા લાગ્યું, તેના ટાંટિયા ખેંચાઈ ગયા અને તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. બિચારાં બચ્ચાં! ભયના માર્યાં કિકિયારી પાડતાં પાડતાં જંગલમાં ભાગી ગયાં.

## ૫

ધર્મપુત્રે આ આખો ખેલ કુતૂહલથી જોયા કર્યો અને પછી આગળ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં તે એક સુંદર બગીચા પાસે આવી પહોંચ્યો. બગીચાની મધ્યમાં એક ભવ્ય મહેલ હતો તેણે દૂરથી જ તેનું ધ્યાન ખેંચ્યું. તેના ધર્મપિતાના કહેવા પ્રમાણે મહેલના છાપરા પર સોનાનાં નળિયાં હતાં.

ધર્મપુત્ર બગીચાના દરવાજા પાસે પહોંચ્યો ત્યાં તો તેના ધર્મપિતા તેને સામે લેવા આવ્યા. તેઓ ધર્મપુત્રને બગીચાના મુખ્ય દરવાજેથી બગીચામાં લઈ ગયા. આ બગીચા જેવી સુંદર જગ્યા તેણે સ્વપ્નામાંય જોઈ નહોતી. બગીચો વટાવી તેઓ મહેલમાં પહોંચ્યા. મહેલ બહારથી જેટલો રળિયામણો લાગતો હતો તેના કરતાં અંદરથી અનેકગણો વધુ રળિયામણો હતો. ધર્મપિતાએ એના ધર્મપુત્રને બધા ઓરડા બતાવ્યા. ઓરડાની શોભાની શી વાત કરવી? એક

જોઈએ ને બીજો ભુલાય. છેવટે બંને જણ એક મોટા ઓરડામાં આવી પહોંચ્યા. આ ઓરડામાંથી આગળ જવાનું બારણું બંધ હતું.

'જો, આ સામેનું બારણું બંધ છે. એ બંધ છે પણ તેને તાળું મારેલું નથી. એ ખોલી શકાય એમ છે, પણ તારે એ ખોલવું નહીં એવી મારી આજ્ઞા છે. આ એક આજ્ઞા તારે પાળવાની છે. બાકી આ મહેલમાં તું મોજથી રહે. મહેલ તારો જ છે એમ માનીને રહે. મારી આજ્ઞા એટલી જ છે: તારે આ બારણું ન ખોલવું.'

આટલું કહી ધર્મપિતા અટકયા અને પછી કહ્યું, '. . . અને મારી આ આજ્ઞા ન પાળી તેં બારણું ખોલ્યું તો શું થશે એ જાણવું હોય તો તેં જંગલમાં જે કંઈ જોયું હોય તે યાદ કર.'

આટલું કહીને ધર્મપિતા ચાલ્યા ગયા. ધર્મપુત્ર આનંદથી આ મહેલમાં રહેવા લાગ્યો. અહીં તેને કશી વાતની કમી નહોતી. જીવન એવું તો સુખમય હતું કે તેણે અહીં ત્રીસ વરસ ગાળી નાખ્યાં તોય જાણે ત્રણ જ દિવસ ગાળ્યા હોય એમ તેને લાગ્યું. ત્રીસ વરસ બાદ મહેલમાં ફરતાં ફરતાં ધર્મપુત્ર એક દિવસ પેલા બંધ બારણાવાળા ઓરડા પાસે આવી પહોંચ્યો. તેને થયું, 'આ ઓરડામાં એવું તે શું હશે કે જેથી મારા ધર્મપિતાએ મને એનું બારણું ખોલવાની મનાઈ કરી હશે? લાવને, આજે એમાં એક ડોકિયું કરી જોઉં. જોવા માટે બારણું સહેજ ખોલીશ અને પછી તરત ઢાંકી દઈશ.'

આમ વિચારી તેણે બારણાને સહેજ હડસેલો માર્યો. બારણું ખૂલી ગયું. અદ્ભુત! મહેલના બીજા બધા ઓરડા કરતાં આ ઓરડો ચડિયાતો હતો! એ ઓરડામાં એક ઊંચું આસન હતું અને તેના પર કીમતી રેશમના ગાદીતકિયા બિછાવેલા હતા. તેની પર સોનાનું છત્ર હતું અને આખા આસન પર હીરામાણેક જડેલાં હતાં. આ આસન પર પહોંચવા માટેનો દાદર સોનાથી મઢેલો હતો. ધર્મપુત્રને આ બધું જોઈ નવાઈ લાગી અને તે યંત્રવત્ પેલો દાદર ચડવા લાગ્યો. ઉપર પહોંચીને તે ગાદી પર બેઠો. ગાદી પર બેસતાં જ તેની નજર ગાદી સામે મૂકેલા રાજદંડ પર પડી. તેણે રાજદંડ લેવા માટે હાથ લંબાવ્યો. અને આ શું? તેણે રાજદંડ હાથમાં લીધો ત્યાં તો ઓરડાની ચારે તરફની દીવાલો અદશ્ય થઈ ગઈ. ધર્મપુત્રે ચારે તરફ જોયું તો તે મહેલમાંથી પૃથ્વીલોક પર આવી પહોંચ્યો હોય એમ લાગ્યું. તેણે સામે નજર નાખી તો તેને દરિયામાં તરતાં વહાણો જોવા મળ્યાં. જમણી તરફ જોયું તો અજાણ્યા અસંસ્કૃત લોકો તેની નજરે પડયા. ડાબી બાજુએ ફરીને જોયું તો ત્યાં કેટલાક ખ્રિસ્તી સંપ્રદાયના લોકો ઊભેલા જણાયા — જોકે તેઓ રશિયન નહોતા. છેવટે તેણે પાછળ ફરીને ચોથી દિશામાં શું છે તે જોયું. ત્યાં તેને તેના જેવા જ રશિયનો જોવા મળ્યા.

‘ચાલ, ઘરે જઈને જોવા દે કે ત્યાં શું ચાલે છે, ખેતીપાણી કેવાં છે.’ તેણે આવો વિચાર કર્યો એટલામાં તો તે એકાએક તેના ગામમાં આવી ગયો હોય એમ તેને

લાગ્યું. અંધારું થવા આવ્યું હતું. તેણે જોયું તો તેના ખેતરની ખળીમાં બાંધેલા પૂળા તૈયાર પડચા હતા. પાક કેવો થયો છે તેનો અંદાજ કાઢવા માટે તેણે ઝપાટાબંધ પૂળા ગણવા માંડચા. પણ ત્યાં તો ખળા પાસે ગાડું ઊભું રાખી તેમાં કોઈ પૂળા ભરતું હોય એમ તેને લાગ્યું. રાત પડી ગઈ હતી. રાત્રે પૂળા ઘરે લઈ જવાના ખ્યાલથી કદાચ પિતાજી ગાડું લઈને આવ્યા હોય એવું બને. પણ અરે! આ તો વાસિલી છે, ગામનો જાણીતો ચોર! તેણે 'દોડો દોડો . . . આ હરામ-ખોર પૂળા ચોરી જાય છે.' એવી બૂમાબૂમ કરી મૂકી. તેની બૂમાબૂમ સાંભળી તેના પિતાજી તથા બીજા ખેડૂતો ત્યાં દોડી આવ્યા. બધાએ મળી ચોરને પકડી પાડચો, બાંધી લીધો, સારી પેઠે ફટકાર્યો અને પછી જેલ ભેગો કરી દીધો.

ત્યાંથી ધર્મપુત્ર તેની ધર્મમાતાના ગામમાં પહોંચ્યો. તેની ધર્મમાતાનું લગ્ન એક વેપારી સાથે થયું હતું. તે તેને ઘેર પહોંચ્યો ત્યારે તે ઘસઘસાટ ઊંઘતી હતી. પરંતુ તેનો પતિ દુરાચારી હતો. બાજુના ઓરડામાં તે તેની રખાત સાથે પડચો હતો. આ જોઈ ધર્મપુત્રે ધર્મમાતાને કહ્યું, 'ઊઠો, ઊઠો, તમારો પતિ ખોટે રસ્તે ચડી ગયો છે.'

આ સાંભળી ધર્મમાતા જાગી ગઈ. તે સીધી નજીકના ઓરડામાં પતિની તપાસ કરવા ગઈ. પોતાના પતિને રખાત સાથે જોઈ તે શરમાઈ ગઈ અને તેણે રખાતને ઘરમાંથી બહાર કાઢી મૂકી.

અહીંથી ધર્મપુત્ર પોતાને ઘેર ગયો. ત્યાં એની માતા ઊંઘતી હતી. તેમના ઘરમાં ચોર ઘૂસી ગયો હતો અને તે

દાગીનાની પેટી ઉઠાવી જવાની તજવીજમાં હતો. ઘરમાં આનો ખળભળાટ સાંભળી ધર્મપુત્રની મા જાગી ગઈ અને ઘરમાં ચોર ઘૂસેલો જાણી તેનાથી એક ચીસ નંખાઈ ગઈ. ચોરે તેને મારી નાખીને પેટી તફડાવી જવા માટે પાસે પડેલો કુહાડો લઈને ઉગામ્યો. પોતાની માને ચોર કુહાડો મારી રહ્યો છે તે જોઈ ધર્મપુત્રે પોતાના હાથમાંના રાજદંડનો ફટકો ચોરના કપાળ પર ઝીંક્યો. ફટકો મરણતોલ નીવડ્યો અને ચોર ત્યાં ને ત્યાં ઢગલો થઈ ગયો.

૬

ધર્મપુત્રે રાજદંડના ફટકાથી ચોરને મારી નાખ્યો કે તરત જ ઓરડાની ચારે દીવાલો ફરી પાછી ઊભી થઈ ગઈ. ઓરડો પહેલાં જેવો હતો તેવો થઈ ગયો. ધર્મપુત્ર રાજગાદી જેવા ઊંચા આસન પર બેઠો હતો, તેની સામે રાજદંડ પડ્યો હતો.

ઓરડાનું બારણું ખૂલ્યું અને ધર્મપિતા અંદર દાખલ થયા. તેઓ દાદર ચડીને ધર્મપુત્ર જ્યાં બેઠો હતો ત્યાં આવ્યા. ધર્મપુત્રને ગાદી પરથી ઉતારી તેને નીચે સુધી દોરી લાવ્યા.

'તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. જે બારણું ખોલવાની મેં તને મનાઈ કરી હતી તે બારણું તેં ખોલ્યું એ તારી પહેલી ભૂલ. અને આ સિવાય પણ તેં બીજી બે ભૂલ કરી છે: તેં આ ગાદી પર બેસી રાજદંડ હાથમાં લીધો એ તારી બીજી ભૂલ અને એ રાજદંડના ફટકાથી

એક ચોરને મારી નાખ્યો એ તારી ત્રીજી ભૂલ. આમ કરી તેં પૃથ્વીલોક પર પાપમાં વધારો કર્યો છે. જો આ ગાદી પર તેં વધુ એક કલાક ગાળ્યો હોત તો કદાચ અડધી માનવજાતને તેં પૂરી કરી નાખી હોત.' આટલું કહી ધર્મપિતા ધર્મપુત્રને લઈ સોનાથી મઢેલો દાદર ચડીને પાછા ગાદી પાસે પહોંચ્યા. ત્યાં પહોંચી તેમણે રાજદંડ પોતાના હાથમાં લીધો. ફરી પાછી ઓરડાની બધી દીવાલો ગાયબ થઈ ગઈ અને બંને જણ પૃથ્વીલોક પર આવી પહોંચ્યા. ધર્મપિતાએ કહ્યું :

'તારા બાપની તેં કેવી દશા કરી મૂકી છે તે તું હવે નજરે જોઈ લે. વાસિલીને તેં પકડાવી દીધો અને જેલમાં મોકલ્યો. એક વરસ જેલની હવા ખાઈ તે હવે છૂટો થયો છે. પણ એ એક વરસમાં તો તેણે બધી જાતની ઠગવિદ્યા શીખી લીધી છે. હવે તે રીઢો ગુનેગાર થઈ ગયો છે. તેને કોઈ સુધારી શકે એમ નથી. તેણે તમારા બે ઘોડાની ચોરી કરી છે અને જો, હવે તે તમારા ખેતરમાં ઊભા પાકને સળગાવી મૂકે છે.' આમ કહી ધર્મપિતાએ સામે આંગળી ચીંધી. ધર્મપુત્રે ત્યાં જોયું તો તેના બાપનું ખેતર ભડકે બળતું હતું. ધર્મપિતાએ તેની નજર બીજી તરફ વાળી અને કહ્યું, 'હવે આ તરફ તારી ધર્મમાતાના પતિના શા હાલ થયા તે પણ જોઈ લે. તેણે એક વરસથી તેની ઘરવાળીનો ત્યાગ કર્યો છે અને હવે બીજી રખાત રાખી છે. તેની આગલી રખાત તો પહેલાં કરતાં પણ નીચી કક્ષાએ ઊતરી ગઈ છે. તારી ધર્મમાતા આથી દુઃખી દુઃખી થઈ ગઈ છે

અને દુઃખ ભૂલવા માટે દારૂની લતે ચડી છે. તારી ધર્મ-માતાના આવા હાલ કરવા માટે પણ તું જવાબદાર છે.'

ધર્મમાતાની આ સ્થિતિનું દર્શન કરાવી ધર્મપિતાએ ધર્મપુત્રની માની કેવી સ્થિતિ થઈ છે તે બતાવ્યું: તેની મા ઘરને ઓટલે બેઠી બેઠી રડતી હતી. પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરતાં રડતી રડતી તે કહેતી હતી, 'તે રાત્રે પેલા લૂંટારાએ મને મારી નાખી હોત તો સારું થાત. તો મારે વધારે પાપ કરવાં પડયાં ન હોત અને આમ પ્રાયશ્ચિત્ત માટે રડવાનો વારો ન આવત.'

ધર્મપિતાએ ધર્મપુત્રને આ બતાવી કહ્યું, 'તારી માની આવી સ્થિતિ કરવા માટે પણ તું જ જવાબદાર છે અને હવે આ પણ જોઈ લે,' એમ કહી ધર્મપિતાએ નીચે જમીન તરફ આંગળી ચીંધી.

ધર્મપુત્રે નીચે જોયું તો જેલના દરવાજા સામે બે દરોગા-ઓ એક કેદીને પકડીને ઊભા હતા. ધર્મપિતાએ કહ્યું, 'આ માણસે આજ સુધીમાં દસ ખૂન કર્યાં છે. તે જીવતો રહ્યો હોત તો એના પાપનું પ્રાયશ્ચિત્ત કરી શકયો હોત, પણ એ પહેલાં તો તેં એને મારી નાખ્યો. તેને મારી નાખી એના પાપની પોટલીનો ભાર તેં તારે માથે લઈ લીધો છે. એ બધાં પાપનો જવાબ હવે તારે આપવો પડશે. એ માટે પણ તું જવાબદાર છે. હવે તેં જંગલમાં શું જોયું હતું તે યાદ કર. રીંછે પહેલી વખત લાકડાના ઢીમચાને ખસેડી મૂકયું અને ઢીમચું પાછું આવી તેના બચ્ચાને વાગ્યું. તેણે બીજી વખત ઢીમચાને જોરથી હડસેલી મૂકયું અને પોતાના નાના

બચ્ચાનું મોત નોતર્યું. છેલ્લે—ત્રીજી વખત તેણે ઢીમચાને જોરથી ધકેલી મૂક્યું અને તે વખતે ઢીમચું તેને વાગતાં રીંછ જાતે મરણ પામ્યું. તેં પણ એવું જ કર્યું છે. હું તને ત્રીસ વરસ માટે દુનિયા પર મોકલું છું. તે દરમિયાન તેં તારે માથે ઓઢી લીધેલા આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે. જો તું એમ નહીં કરે તો આવતા જન્મમાં તારી પણ એના જેવી જ દશા થશે.'

'પિતાજી, એ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે મારે શું કરવું જોઈએ?'

આના જવાબમાં ધર્મપિતાએ કહ્યું, 'દુનિયામાં જેટલાં પાપ ઊભાં કર્યાં છે તેટલાં પાપોનો તું નાશ કરીશ તો તેં તારાં અને એ ચોરનાં એમ બંનેનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરી લીધું ગણાશે.'

'દુનિયામાં મારે પાપનો નાશ કેવી રીતે કરવો તે પણ મને સમજાવો.' ધર્મપુત્રે કહ્યું.

'અહીંથી બહાર નીકળી ઊગતા સૂરજની દિશામાં સીધો ને સીધો ચાલ્યો જજે. થોડા સમયમાં તું એક ખેતર પાસે આવી પહોંચીશ. ખેતરમાં કેટલાંક માણસો હશે. તેઓ જે કંઈ કરે તે ધ્યાનથી જોજે અને તું જે કંઈ જાણે છે તે તેમને શીખવજે. ત્યાંથી આગળ જજે અને જે કંઈ જોવા મળે તે જોતો રહેજે. ચોથે દિવસે તું એક જંગલમાં આવી પહોંચીશ. એ જંગલની વચ્ચે એક ગુફા આવેલી છે. આ ગુફામાં એક સાધુ રહે છે. તેને તું બધી વાત કરજે અને તે તને જેટલું કહે તેનો અમલ કરજે. તું એટલું કરી રહીશ

એટલે તેં તારાં અને ચોરનાં બંનેનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરી લીધું છે એમ ગણાશે.'

આટલું કહીને ધર્મપિતા ધર્મપુત્રને એ મહેલમાંથી બહાર લઈ આવ્યા અને દરવાજાની બહાર મૂકી આવ્યા.

૭

ધર્મપુત્ર ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં તે વિચારવા લાગ્યો, 'આ દુનિયામાંથી અનિષ્ટ અથવા પાપનો નાશ કરવાનું કામ હું કેવી રીતે કરી શકીશ? પાપનો નાશ કરવો હોય તો પાપ કરનાર પાપીઓને દૂર કરવા જોઈએ. તેમને જેલમાં પૂરી રાખવા જોઈએ, અથવા તો તેમને મારી નાખવા જોઈએ. પણ તેમને મારી નાખું તો તો તેમના પાપની પોટલી મારે માથે આવી પડે. એટલે એમ કરતાંય પાપનો નાશ તો ન જ થાય.'

આની પર તેણે ઘણો વિચાર કર્યો પણ તે કોઈ નિર્ણય પર આવી શક્યો નહીં. ચાલતાં ચાલતાં તે એક ખેતર પાસે આવી પહોંચ્યો. ખેતરમાં પાક સુંદર થયો હતો અને આખું ખેતર પાકથી લચી પડયું હતું. પરંતુ એક વાછરડો આ ખેતરમાં ઘૂસી ગયો હતો. ખેતરના રખેવાળોએ તેને જોયો કે તરત જ તેઓ તેને પકડવા માટે ત્યાં આવી પહોંચ્યા હતા. વાછરડાને ખેતરમાંથી બહાર કાઢવા માટે તેઓ હાકોટા મારતા મારતા વાછરડાને ઘેરી વળ્યા હતા. વાછરડો ભાગતો ભાગતો ખેતરની વાડ સુધી પહોંચતો ત્યાં કોઈ ને કોઈ હાકોટો મારી તેને ગભરાવી મૂકતું અને વાછરડો ભડકીને પાછો ખેતરમાં

નાસભાગ કરી મૂકતો. પેલા લોકો પાછા તેને ઘેરી વળતા અને આમ કરતાં સોના જેવો પાક છૂંદાઈ જતો. એક તરફ આ ખેલ ચાલતો હતો ત્યારે બીજી તરફ રસ્તા પર ઊભેલી વાછરડાની માલિકણ કહેતી હતી, 'અરે . . . તમે લોકો આમ ભડકાવી ભડકાવીને આ વાછરડાને અડધો કરી નાખશો. ઊભા રહો . . . હું એને . . .'

પણ એનું કોણ સાંભળે? એટલે ધર્મપુત્રે પેલા ખેડૂતોને બૂમ મારી કહ્યું, 'અરે ભલા માણસો, તમે આ શું કરો છો? આમ તો વાછરડો પકડાશે નહીં અને આ સોના જેવા પાકનો કચ્ચરઘાણ નીકળી જશે. તમે બધા ખેતરમાંથી બહાર નીકળી આવો અને આ બાઈને વાછરડાને પુચકારીને બોલાવી લેવા દો. વાછરડો પાળેલો હોવાથી માલિકનો અવાજ પારખી તરત બહાર નીકળી આવશે.'

ધર્મપુત્રની વાત માનીને રખેવાળો ખેતરની બહાર નીકળી આવ્યા. પેલી બાઈ ખેતરની પાળે પાળે ચાલીને વાછરડાની જેટલી નજીક જવાય તેટલી નજીક ગઈ અને પછી તેને પુચકારીને કહ્યું, 'કાળિયા . . . આવ . . . આવ . . .'

ભડકેલો વાછરડો શાંત થઈને ઊભો રહ્યો. તેણે અવાજની દિશામાં કાન માંડચા, અવાજ ઓળખ્યો અને પછી એકદમ તેની માલિકણ બાઈ પાસે દોડી આવી તેના હાથ ચાટવા લાગ્યો. વાછરડો ખેતરમાંથી નીકળી જતાં રખેવાળ ખેડૂતો રાજી થયા. બાઈને પોતાનો વાછરડો પાછો મળ્યો તેથી તે પણ રાજી થઈ ગઈ, અને ભડકેલો વાછરડો પણ માલિક મળતાં રાજી રાજી થઈ ગયો.

ધર્મપુત્ર ત્યાંથી આગળ ચાલ્યો. તેને થયું:

'હવે મને એટલી ખબર પડી કે પાપનો ફેલાવો પાપથી જ થાય છે. માણસો પાપને હાંકી કાઢવા મથે છે. પણ તેમ કરતાં પાપ વધતાં જાય છે. પાપનો નાશ કરવો હોય તો શું કરવું એની મને ખબર નથી. પણ પાપીનો નાશ કરવાથી, પાપનો નાશ કરવા જતાં નવાં પાપ થાય. તેમ કરવાથી તો પાપનો નાશ નથી જ થતો.'

'પેલો વાછરડો તેની માલિકણનું કહેવું માની ખેતર-માંથી બહાર દોડી આવ્યો તેથી બધું સારી રીતે પાર ઊતર્યું. પણ જો તેણે બાઈનું કહેવું ન માન્યું હોત તો શું થાત? તો એ વાછરડાને અમે શી રીતે પકડી શકત?'

આની પર વિચાર કરતાં કરતાં ધર્મપુત્રે આગળ ચાલવા માંડયું. તેણે ઘણો વિચાર કરી જોયો પણ તે કશા નિર્ણય પર આવી શક્યો નહીં.

## ૮

ચાલતાં ચાલતાં તે એક ગામમાં આવી પહોંચ્યો. રાત થવા આવી હતી તેથી તેણે આ ગામમાં જ રાત રોકાવાનું નક્કી કર્યું. ગામને નાકે આવેલા ઘરમાં રાત રોકા-વાનું મળે તો સવારમાં ત્યાંથી આગળ ચાલી નીકળાય એ ખ્યાલથી તે નાકા પરના ઘરે પહોંચ્યો અને ઘરમાલિકને રાત રોકાવા પૂરતી સગવડ આપવા વિનંતી કરી. આ ઘરમાં એક માજી સિવાય બીજું કોઈ નહોતું. તેમણે ધર્મપુત્રની વિનંતી માન્ય રાખી. ધર્મપુત્ર ઘરમાં જઈને તાપણી પાસે

બેસી ગયો, અને ત્યાં બેઠાં બેઠાં જ તેણે માજી શું કરી રહ્યાં છે તે જોવા માંડ્યું.

માજી ઘરની સાફસૂફીના કામમાં રોકાયેલાં હતાં. તેમણે પહેલાં ઘરને વાળી લીધું અને પછી ઓરડાની વચ્ચે મૂકેલા મોટા ટેબલને લૂછવા માંડ્યું. માજી જે લૂગડાથી ટેબલ લૂછતાં હતાં તે લૂગડું મેલું હતું. એટલે માજી ટેબલને એક છેડેથી બીજે છેડે સુધી લૂછી વળ્યાં તોય ટેબલ જોઈએ તેવું સાફ થયું નહીં. કપડું મેલું હતું તેથી એક તરફથી ધૂળ લુછાતી પણ બીજી તરફથી કપડામાંની ધૂળને લીધે નવા ડાઘા પણ પડતા. માજીએ ચારપાંચ વાર ટેબલ લૂછી નાખ્યું પણ ટેબલ જોઈએ તેવું સાફ થયું નહીં. ટેબલ લુછાતું ખરું, પણ લૂગડું મેલું હતું તેથી નવા ડાઘા પણ પડયા જ કરતા. ધર્મપુત્રે આ આખું નાટક શાંતિથી જોયા કર્યું અને પછી પૂછ્યું, 'માજી, તમે આ શું કરો છો?'

'અરે! તને એટલી સમજ નથી પડતી? તહેવારો નજીક આવતા હોવાથી હું ઘર સાફ કરું છું. પણ આ ટેબલ જોઈએ તેવું સાફ થતું નથી. હુ તો એને લૂછી લૂછીને હવે થાકી ગઈ.'

ધર્મપુત્રે માજીની વાત સાંભળી હસતાં હસતાં કહ્યું, 'માજી, તમે જે લૂગડાથી ટેબલ લૂછો છો તે લૂગડું સારી પેઠે મેલું છે. તેથી ટેબલ લુછાય છે ખરું, પણ કપડામાંની જ ધૂળને કારણે ટેબલ પર નવા ડાઘા પણ પડતા રહે છે. તેથી તમે કાં તો કપડાને ધોઈ ને પછી તેનાથી ટેબલ સાફ કરો અથવા તો નવું સ્વચ્છ કપડું લઈ તેનાથી ટેબલ લૂછી કાઢો'.

માજીએ ધર્મપુત્રના કહેવા પ્રમાણે કર્યું. કપડાને સ્વચ્છ પાણીમાં ધોઈ નાખી તેનાથી ટેબલ લૂછી કાઢયું. ટેબલ પરની ધૂળના ડાઘા લુછાઈ ગયા અને કપડું ધોયેલું હતું તેથી નવા ડાઘા ન પડયા.

માજીએ ધર્મપુત્રનો ખૂબ આભાર માન્યો.

સવાર થતાં ધર્મપુત્રે પેલી બાઈની રજા લઈ આગળ ચાલવા માંડયું. ખાસું લાંબું અંતર કાપ્યા પછી તે જંગલના બીજે છેડે આવી પહોંચ્યો. ત્યાં આગળ કેટલાક ખેડૂતો વાંકા લાકડામાંથી લાકડાનું ગોળ ચકરડું બનાવવા માટે મથામણ કરતા હતા. ધર્મપુત્રે જરા નજીક જઈ જોયું તો એ ખેડૂતો લાકડાનો એક છેડો લઈ ગોળ ગોળ ફરતા હતા ખરા પણ તેઓ લાકડાને ગોળાકારમાં વાળી શકતા નહોતા.

ધર્મપુત્રે આ ખેલ થોડા વખત સુધી જોયા કર્યો. તેણે જોયું કે લાકડાને ગોળ વાળવા માટે લાકડાનો બીજો છેડો જે આડચ સાથે બાંધેલો હતો તે આડચ ઢીલી હોવાથી ગોળ ગોળ ફર્યા કરતી હતી. આ જોઈ ધર્મપુત્રે પેલા ખેડૂતોને પૂછયું, 'અરે . . . તમે આ લાકડાનું શું કરવા માગો છો?'

'કેમ તમને ખ્યાલ નથી આવતો? અમારે આ વાંકા લાકડાને ગોળાકારમાં વાળી તેમાંથી ગોળ ચકરડું બનાવવું છે. એ માટે આ લાકડાને વરાળ આપી આપીને અમે બે વખત નરમ બનાવ્યું, પણ તે ગોળાકારમાં વળતું નથી. હવે તો અમે થાકી ગયા છીએ.'

ધર્મપુત્રે કહ્યું, 'તમે જે આડચ સાથે લાકડાનો છેડો બાંધેલો છે તે આડચ જ ઢીલી છે અને તેથી તે ગોળ

ગોળ ફર્યા કરે છે. તેને તમારે ચુસ્ત રાખવી જોઈએ જેથી તે ફરે નહીં. જો તે ઢીલી રહેશે તો તમે ક્યારેય લાકડાને ગોળાકારમાં વાળી નહીં શકો.'

ધર્મપુત્રની સલાહ પ્રમાણે ખેડૂતોએ જે આડચ સાથે લાકડાનો એક છેડો બાંધેલો હતો તેને ઠોકીને જમીનમાં સારી રીતે બેસાડી દીધો. આટલું કર્યા પછી કામ સરળ થઈ ગયું. વરાળથી પોચા બનાવેલા લાકડાને ગોળાકારમાં વાળતાં હવે વાર ન લાગી.

ધર્મપુત્રે એક રાત તેમની સાથે ગાળી અને પછી ત્યાંથી આગળ ચાલવા માંડયું. તેણે એક દિવસ અને એક રાત સુધી ચાલ્યા કર્યું અને લગભગ પરોઢિયે તે કેટલાક ઢોર વેચવા જનારાઓ વિસામો નાખીને બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો. તેણે પણ બાકીની રાત ત્યાં પૂરી કરવાનું નક્કી કર્યું અને તે તેમની બાજુમાં જ સૂઈ ગયો. સવારમાં તે ઊઠયો ત્યારે ઢોરના વેપારીઓ તાપણું સળગાવી રહ્યા હતા. તેમની પાસે થોડાંક જ સૂકાં લાકડાં હતાં. બીજાં લીલાં લાકડાં સારા પ્રમાણમાં હતાં. તેમણે પહેલાં થોડાં સૂકાં લાકડાં સળગાવ્યાં, પણ તે બરાબર સળગે તે પહેલાં જ તેમાં બીજાં લીલાં લાકડાં ઉમેર્યાં. પરિણામ એ આવ્યું કે ધૂણી થઈ ગઈ અને તાપણું બરાબર સળગ્યું નહીં. તેઓ પાછા થોડાં સૂકાં લાકડાં શોધી લાવ્યા અને તેને સળગાવી તે બરાબર સળગે તે પહેલાં જ તેમાં બીજાં લીલાં લાકડાં નાખ્યાં. ફરીથી ધૂણી થઈ ગઈ અને લાકડાં સળગ્યાં નહીં. આવું ઘણા સમય સુધી ચાલ્યું પણ તાપણું બરાબર સળગ્યું નહીં.

આ જોઈ ધર્મપુત્રે કહ્યું, 'તમે લોકો લીલાં લાકડાં ઉમેરવામાં આટલી બધી ઉતાવળ ન કરશો. પહેલાં સૂકાં લાકડાંને બરાબર સળગવા દો અને પછી તેમાં લીલાં લાકડાં ઉમેરો. એક વાર તાપણું બરાબર સળગતું થઈ જાય પછી તમે ધીમે ધીમે જેટલાં લીલાં લાકડાં ઉમેરવાં હોય તેટલાં ઉમેરો.'

પેલા લોકોએ ધર્મપુત્રની સલાહ પ્રમાણે પહેલાં સૂકાં લાકડાંને બરાબર સળગવા દીધાં. તાપણું સળગતું થયું એટલે તેમાં લીલાં લાકડાં ઉમેર્યાં. તાપણું બરાબર સળગી ઊઠ્યું.

તેમની સાથે થોડો સમય ગાળી ધર્મપુત્ર ત્યાંથી આગળ ચાલી નીકળ્યો. તેણે ચાલ્યા જ કર્યું. તેણે જે ત્રણ વસ્તુઓ જોઈ તેનો શો અર્થ થાય તેના પર તેણે ચાલતાં ચાલતાં ઘણો વિચાર કર્યો. પણ એનો મર્મ તે પામી શક્યો નહીં.

## ૯

ધર્મપુત્ર આખો દિવસ ચાલીને સાંજ થતાં એક બીજા જંગલ પાસે આવી પહોંચ્યો. ત્યાં તેને એક સાધુની ઝૂંપડી જોવા મળી. તે ઝૂંપડી પાસે ગયો અને ઝૂંપડીનું બારણું ખખડાવ્યું.

'કોણ છે?' અંદરથી અવાજ આવ્યો.

'એક મહાપાપી.' ધર્મપુત્રે જવાબમાં કહ્યું, 'મારે બીજાઓનાં અને મારાં પોતાનાં એમ બેવડાં પાપ માટે પ્રાયશ્ચિત્ત કરવું છે.'

આ સાંભળી સાધુ ઝૂંપડીમાંથી બહાર આવ્યા.

'બીજાને માટે તારે જે પાપોનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે તે પાપ કયાં?'

એના જવાબમાં ધર્મપુત્રે સાધુને આખી વાત માંડીને કહી સંભળાવી—ધર્મપિતા, જંગલમાં જોયેલી રીંછડી અને તેનાં બચ્ચાં, બંધ ઓરડામાંની રાજગાદી, ધર્મપિતાની આજ્ઞાઓ, આવતી વખતે રસ્તામાં ખેતરમાં ભરાઈ ગયેલા વાછરડાને બહાર કાઢવા મથતા ખેડૂતો તથા વાછરડાની માલિકણ બાઈએ બોલાવતાં વાછરડો કેવો બહાર આવી ગયો વગેરે વાતો તેણે સાધુને કરી અને પછી કહ્યું, 'પાપથી પાપનો નાશ કોઈ કરી શકતું નથી એ મેં જોયું. પરંતુ મારે તો પાપ યા અશુભ તત્ત્વનો નાશ શી રીતે થાય તે જાણવું છે. એ શી રીતે થાય તે તમે મને શીખવો.'

'રસ્તામાં આ સિવાય તેં બીજું શું શું જોયું?' સાધુએ પૂછ્યું.

ધર્મપુત્રે સાધુને માજી ટેબલ સાફ કરતાં હતાં તેની, ખેડૂતો લાકડાંનું પૈડું બનાવતા હતા તેની તથા ઢોરના વેપારીઓ તાપણું સળગાવવા મથતા હતા તેની વાત કહી સંભળાવી.

સાધુએ આ બધી વાત ધ્યાનથી સાંભળી. વાત પૂરી થતાં તે ઝૂંપડીમાં જઈને એક કુહાડી લઈ આવ્યા. આ કુહાડીની ધાર અનેક જગ્યાએથી ખાંડી થઈ ગયેલી હતી.

'મારી સાથે આવ.' એમ કહી સાધુએ ચાલવા માંડ્યું.

તેઓ થોડે દૂર પહોંચ્યા પછી સાધુએ ધર્મપુત્રને એક ઝાડ બતાવી કહ્યું, 'આ કુહાડીથી આ ઝાડ કાપી નાખ.'

ધર્મપુત્રે ઝાડ ઢાળી પાડ્યું.

'હવે એના થડનાં ત્રણ સરખાં ઢીમચાં બનાવી કાઢ.' સાધુએ કહ્યું.

ધર્મપુત્રે ઝાડનું થડ કાપી લઈ તેનાં ત્રણ સરખાં ઢીમચાં બનાવી કાઢયાં.

ધર્મપુત્રને ત્યાં જ ઊભો રાખી સાધુ પાછા ઝૂંપડી તરફ ગયા અને ઝૂંપડીમાંથી સળગતાં લાકડાં લઈ આવ્યા.

'એ ત્રણે ટુકડાને બાળી નાખ,' સાધુએ ધર્મપુત્રને સળગતાં લાકડાં આપી કહ્યું. ધર્મપુત્રે બીજાં લાકડાં ભેગાં કરી સળગાવ્યાં અને તે લાકડાં બરાબર સળગ્યા પછી તેમાં પેલાં ત્રણ ઢીમચાં નાખી દીધાં. ત્રણે ઢીમચાં લગભગ બળી ગયાં અને માત્ર ત્રણ ઠૂંઠાં રહી ગયાં. એટલે સાધુએ કહ્યું, 'હવે એ ત્રણે ઠૂંઠાં કાઢી લે અને ત્રણ ખાડા કરી દરેકમાં એક એક ઠૂંઠું દાટી દે. દાટતી વખતે અડધું ઠૂંઠું ભોંયમાં દટાઈ જાય અને અડધું બહાર રહે તે ધ્યાન રાખજે.'

ધર્મપુત્રે તેમ કર્યું.

'આ ટેકરીની તળેટીમાં એક નદી છે. ત્યાંથી મોંમાં પાણી ભરી લાવી આ ત્રણે ઠૂંઠાંને પાણી પાતો રહે. આ પહેલા ઠૂંઠાને તેં પેલાં માજીને ટેબલ સાફ કરવાની સલાહ આપેલી તે રીતે, બીજાને તેં પેલા લોકોને લાકડાનું પૈડું બનાવવા માટે જે સલાહ આપેલી તે રીતે, અને ત્રીજાને તેં ઢોરના વેપારીઓને તાપણું સળગાવવા માટે સલાહ આપેલી તે રીતે. આ ત્રણે ઠૂંઠાં જમીનમાં બરાબર મૂળ નાખી દે અને તેની જગ્યાએ સફરજનનો છોડ ઊગે ત્યારે

તને પાપ અથવા અશુભ તત્ત્વનો નાશ શી રીતે કરવો તેની સમજ પડશે. તારાં બધાં પાપોનું પ્રાયશ્ચિત્ત પણ તેમાં આવી જશે.'

આટલું કહીને સાધુ પાછા ઝૂંપડીમાં ચાલ્યા ગયા. આ સાધુ જે કહી ગયા તેની પર ધર્મપુત્રે ઘણો વિચાર કરી જોયો, પણ તેઓ શું કહેવા માગે છે તેની એને સમજ પડી નહીં. આમ છતાં તેણે સાધુની આજ્ઞા પ્રમાણે પેલાં ત્રણ બળેલાં ઠૂંઠાંને પાણી પાવું શરૂ કર્યું.

## ૧૦

ધર્મપુત્ર ટેકરીની તળેટીમાં ગયો. ત્યાં વહેતી નદીમાંથી તે મોઢામાં પાણી ભરી લાવ્યો અને પેલાં ત્રણ ઠૂંઠાંમાંથી એક ઉપર એ પાણી ઢોળી દીધું. આવું તેણે અનેક વાર કર્યું અને એ રીતે ત્રણે ઠૂંઠાંને પાણી પાવા માંડ્યું. આખરે જ્યારે તે થાકી ગયો અને ભૂખ્યો થયો ત્યારે તે સાધુ મહારાજ પાસે કંઈક ખાવાનું માગવા માટે સાધુ મહારાજની ઝૂંપડીએ ગયો. તેણે ઝૂંપડી ઉઘાડી અને જોયું તો ઝૂંપડીની વચ્ચોવચ એક પાટ પર સાધુ મહારાજનું શબ પડેલું હતું! ધર્મપુત્રને કકડીને ભૂખ લાગી હતી. તેણે આમતેમ નજર નાખી તો તેને એક ખૂણામાંથી થોડા સૂકા રોટલાના ટુકડા મળી આવ્યા. તેણે તેમાંથી થોડા ટુકડા ખાઈને પાણી પી લીધું. હવે સાધુ મહારાજની અંતિમક્રિયા પતાવવી જોઈએ. તે માટે તેણે પાવડાથી થોડી જગ્યા સાફ કરી અને ખાડો ખોદવો શરૂ કર્યો. આની સાથે સાથે જ પેલાં ઠૂંઠાંને પાણી

પાવાનું પણ ચાલુ રાખવું જોઈએ. એટલે ધર્મપુત્ર રાત્રે પેલાં ઠૂંઠાંને પાણી પાતો અને દિવસે સાધુની સમાધિ માટે ખાડો ખોદતો. તે ખાડો ખોદી રહ્યો અને સાધુનું શબ તેમાં મૂકવા જતો હતો તે વખતે કેટલાક ગામલોકો ત્યાં આવી પહોંચ્યા. તેઓ સાધુ મહારાજ માટે રોટલા વગેરે લઈ આવ્યા હતા.

સાધુ મહારાજ દેહ છોડીને ચાલ્યા ગયા છે તે જાણી ગામલોકોને દુઃખ થયું. ધર્મપુત્ર સાથે મળી તેમણે સાધુ મહારાજની અંતિમક્રિયા પતાવી તે સ્થળ પર સમાધિ બનાવી. ધર્મપુત્ર સાધુ મહારાજ આપી ગયા હોવાથી તેમણે ધર્મ-પુત્રને મહારાજની સમાધિ પાસે રહેવાનું કહ્યું તથા તેઓ અવારનવાર રોટલા મોકલતા રહેશે એવું વચન આપ્યું.

હવે ધર્મપુત્ર સાધુની ઝૂંપડીમાં રહેવા લાગ્યો અને ગામલોકો માટે તેણે સાધુનું સ્થાન લીધું. તેને સોંપવામાં આવેલું કામ કરવાનું તેણે ચાલુ રાખ્યું. તે દરરોજ તળેટીમાં જઈ મોંમાં પાણી ભરી લાવતો અને પેલાં ઠૂંઠાં પર રેડ્યા કરતો. ગામલોકો તેને માટે નિયમિત રોટલા મોકલતા રહેતા.

આમ ને આમ તે એક વરસ સુધી ત્યાં રહ્યો. દરમિયાનમાં તેને મળવા આવતા ઘણા માણસો સાથે તેને મળવાનું થયું. પોતાનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે ઠેઠ તળેટીમાંથી મોંમાં પાણી ભરી લાવી ત્રણ ઠૂંઠાંઓને પાણી પાનાર પવિત્ર માણસ તરીકે તેની ખ્યાતિ ચારે તરફ ફેલાઈ ગઈ. ગામેગામથી

લોકોનાં ટોળેટોળાં તેના દર્શને આવવા લાગ્યાં. ધનવાન વેપારીઓ તેમનાં વાહનો લઈને ત્યાં આવતા. ધર્મપુત્ર માટે તેઓ કીમતી ભેટસોગાદ પણ લાવતા. પરંતુ ધર્મપુત્ર આમાંથી જીવન જીવવા માટે જરૂરી વસ્તુઓ પોતાની પાસે રાખી બીજી બધી વસ્તુઓ દાનમાં વહેંચી દેતો.

હવે ધર્મપુત્રનું રોજિંદું જીવન આ પ્રમાણે ગોઠવાઈ ગયું: અડધો દિવસ તે પોતાનાં પાપના પ્રાયશ્ચિત્ત માટે સાધુ મહારાજની આજ્ઞા પ્રમાણે પેલાં ત્રણ ઠૂંઠાંઓને પાણી પાતો અને બાકીનો અડધો દિવસ તેના દર્શન માટે આવતા લોકોનો સત્કાર કરતો. પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે પેલાં ત્રણ ઠૂંઠાંને આ રીતે પાણી પાવાનું કહેવા પાછળ સાધુનો શો આશય હશે તે એને હજુ સુધી સમજાયું નહોતું.

આમ ને આમ બે વરસ વહી ગયાં. ધર્મપુત્ર એકેય દિવસ પેલાં ઠૂંઠાંને પાણી પાવાનું ચૂકતો નહોતો. આમ છતાં હજુ સુધી એ ત્રણમાંથી એકેય ઠૂંઠું જમીનમાં મૂળ નાખી શક્યું નહોતું.

એક દિવસની વાત છે. ધર્મપુત્ર પોતાની ઝૂંપડીમાં બેઠો હતો ત્યાં તેણે બહાર કોઈ ઘોડેસવાર ગીત ગણગણતો ગણગણતો જતો હોય એવો અવાજ સાંભળ્યો. આ કોણ હશે તે જોવા માટે તે ઝૂંપડીમાંથી બહાર આવ્યો. તેણે જોયું તો એક પડછંદ યુવાન, સુંદર કપડાં પહેરી, એક તેજવાન ઘોડા પર સવાર થઈ, કંઈક ગણગણતો ગણગણતો, મસ્તીથી જઈ રહ્યો હતો.

ધર્મપુત્રે તેને ઊભો રાખ્યો અને તે કોણ છે તથા ક્યાં જાય છે તે પૂછ્યું.

ઘોડાની લગામ ખેંચતાં ખેંચતા પેલાએ કહ્યું, 'હું એક લુટારો છું. અહીંના ધોરી રસ્તા પર ફરતો રહી માણસોને લૂંટી લઉં છું અને મારી નાખું છું. જેમ જેમ વધારે માણસોને મારી નાખું છું, તેમ તેમ મને વધારે ને વધારે આનંદ આવે છે, તથા ગીતો ગાવામાં પણ મને મજા આવે છે.'

ધર્મપુત્ર આ સાંભળીને ડઘાઈ ગયો. તેને થયું, 'આવા માણસમાં પડેલા અશુભ તત્ત્વનો નાશ શી રીતે થાય? જેઓ તેમની મેળે મારી પાસે ચાલ્યા આવે છે અને તેમના પાપની કબૂલાત કરે છે તેમને બે શબ્દો કહેવાનું કામ સહેલું છે. પણ આ તો પોતાના પાપની બડાશ મારે છે. એવાનું શું?'

ધર્મપુત્ર લુટારાને કંઈ પણ કહ્યા વગર ઝૂંપડી તરફ પાછો વળ્યો. તેને થયું, 'હવે શું કરવું? આ લુટારો અહીં આવ્યો છે એટલે તે આ પ્રદેશમાં રંજાડ શરૂ કરે એવું બને. તે લોકોને ડરાવશે, અને તેનાથી ડરીને લોકો અહીં આવવાનું બંધ કરશે. એનાથી લોકોને નુકસાન થશે અને મારે માટે શી રીતે જીવવું તે સવાલ આવી પડશે.'

આવો વિચાર આવતાં તે પાછો ફર્યો અને પેલા લુટારાને કહ્યું, 'મારી પાસે અહીં ઘણા લોકો આવે છે. તેઓ પોતાના પાપની બડાશ નથી મારતા પણ તેની કબૂલાત કરી પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે અહીં આવે છે. તું

ઈશ્વરથી ડરતો હોય તો તારા પાપનું પ્રાયશ્ચિત્ત કર. અને જો તારી પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છા જ ન હોય, તારા હૃદયમાં એવી લાગણી જ ન હોય, તો અહીંથી ચાલ્યો જા અને ફરી અહીં આવીશ નહીં. મને હેરાન ન કરીશ તેમ જ અહીં આવતા ગામલોકોને ડરાવીને અહીં આવતાં અટકાવીશ નહીં. જો તું આ વાત નહીં માને તો તેની સજા કરવાવાળો પરમાત્મા આપણા સૌના માથે બેઠેલો છે.'

ધર્મપુત્રની આ વાત સાંભળી લુટારો હસી પડ્યો.

'મને ભગવાનનો ડર નથી અને મારે તારો ઉપદેશ પણ સાંભળવો નથી. તું કંઈ મારો માલિક નથી. તું દયા પર જીવે છે અને હું લૂંટ ચલાવીને જીવું છું. આપણે બધાએ જીવવું તો જોઈએ જ ને? તારી પાસે ઉપદેશ સાંભળવા આવનારાં ડોસાંડગરાંને તું ઉપદેશ આપજે. મારે એવા ઉપદેશની જરૂર નથી. અને આજે તેં મને ભગવાનનું નામ યાદ દેવરાવ્યું છે. એટલે કાલે હું રોજ કરતાં બે માણસ વધારે મારીશ. તનેય મારી નાખું એમ થાય છે, પણ મારે અત્યારે મારા હાથ બગાડવા નથી. ભવિષ્યમાં ક્યારેય મારા માર્ગમાં આવીશ નહીં. એટલું ધ્યાન રાખજે, સમજ્યો!'

આવી ધમકી આપી લુટારાએ ઘોડો દોડાવી મૂક્યો. ત્યાર પછી તે ફરી દેખાયો નહીં. ધર્મપુત્રે તેનું કામ ચાલુ રાખ્યું. એમ ને એમ બીજાં આઠ વરસ વહી ગયાં.

## ૧૧

એક દિવસની વાત છે. ધર્મપુત્ર પેલાં ત્રણ ઠૂંઠાંને નિયમ પ્રમાણે પાણી પાઈ ઝૂંપડીને ઓટલે બેસી આરામ કરતો હતો. તેની નજર ઝૂંપડી તરફ આવતા રસ્તા પર હતી. તેને એમ હતું કે હમણાં કોઈ તેને મળવા માટે આવશે. આખો દિવસ એમ ને એમ પસાર થઈ ગયો પણ કોઈ મળવા આવ્યું નહીં. સાંજ સુધી તે એકલો બેસી રહ્યો. તેને વાતાવરણ એકલવાયું તેમ જ સુસ્ત લાગ્યું. તેને તેની પાછલી જિંદગી યાદ આવી ગઈ. પેલા લુટારાએ 'તું દયા પર જીવે છે' એમ કહી તેની તરફ જે તિરસ્કાર બતાવેલો તે પણ તેને યાદ આવ્યું. સાથે સાથે તેણે તેના જીવનની રીત પર નજર નાખી.

તેને થયું, 'સાધુ મહાત્માએ મને જે રીતનું જીવન જીવવાની આજ્ઞા કરી હતી તે રીતનું જીવન હું જીવતો નથી. સાધુ મહારાજ મને તેમની તપશ્ચર્યાનો વારસો આપતા ગયા, પણ મેં તેમાંથી ખ્યાતિ અને આજીવિકા બંને બેઠાં કર્યાં. વળી આજે મારા મનની સ્થિતિ એવી થઈ ગઈ છે કે મને કોઈ મળવા ન આવે તો મને સુસ્તી જેવું લાગે છે. જ્યારે કોઈ મને મળવા આવે છે ત્યારે મને આનંદ થાય છે. આનું કારણ એટલું જ કે આવનાર મારી પ્રશંસા કરે છે. આવી રીતની મનની સ્થિતિ કંઈ બરાબર તો નથી જ. મારી પ્રશંસાને કારણે હું ખોટે રસ્તે દોરવાઈ ગયો છું. મેં મારા પાછલા જીવનનાં પાપોનું પ્રાયશ્ચિત્ત તો નથી જ કર્યું, પણ આ જાતનું જીવન જીવી મારાં પાપમાં ઉમેરો

કર્યાં છે. મારે આ જંગલના બીજા ભાગમાં એકાંતમાં ચાલ્યા જવું જોઈએ જ્યાં કોઈ મને મળવા ન આવી શકે. ત્યાં જઈ હું મારા પાછલા જીવનનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ. મારા જીવનમાં નવાં પાપનો ઉમેરો ન થાય તે રીતનું જીવન જીવીશ.'

આમ વિચારી ધર્મપુત્રે એક થેલામાં થોડા સૂકા રોટલા ભરી લીધા. એક પાવડો પણ સાથે લઈ લીધો. ઝૂંપડી છોડીને તે ખીણ તરફ ચાલી નીકળ્યો. તે ખીણમાં એક એકાંત સ્થળ આવેલું છે તેની તેને ખબર હતી. તેનો વિચાર ત્યાં પહોંચી એક ગુફા ખોદી તેમાં રહેવાનો હતો જેથી લોકોને તે ક્યાં છે તેની ખબર સુધ્ધાં ન પડે.

તે રોટલાનો થેલો અને પાવડો લઈ ખીણ તરફ જતો હતો તે જ વખતે તેણે એક ઘોડેસવારને તે તરફ આવતો જોયો. એ ઘોડેસવાર પેલો લુટારો હતો. ધર્મપુત્ર ગભરાયો. તેણે ભાગવા માંડયું, પણ લુટારાએ તેને પકડી પાડયો.

'કેમ? ક્યાં જાય છે?' લુટારાએ પૂછ્યું.

ધર્મપુત્રે કહ્યું કે હવે હું ગામલોકોથી દૂર, જ્યાં મને કોઈ મળવા ન આવી શકે તેવી જગ્યાએ રહેવા જાઉં છું. તેની આ વાત સાંભળી લુટારાને નવાઈ લાગી.

'જો લોકો તને મળવા નહીં આવે તો તારા રોટલા ક્યાંથી આવશે?' લુટારાએ હસતાં હસતાં પૂછ્યું.

ધર્મપુત્રને અત્યાર સુધીમાં ખાવાનું શું થશે તેનો વિચાર સુધ્ધાં નહોતો આવ્યો. પણ લુટારાના આ સવાલે તેને એ વાત યાદ કરાવી આપી કે ગમે ત્યાં રહેવા જઈએ, ખાવા માટે રોટલો તો જોઈશે જ.

'ઈશ્વર જે કંઈ આપશે તેનાથી ચલાવી લઈશ.' તેણે કહ્યું.

લુટારાએ કંઈ પણ કહ્યા વગર ઘોડાને ધીમેથી એડી મારી અને ઘોડાએ ધીમી ગતિએ ચાલવા માંડયું.

તેણે આ રીતે ચાલવા માંડયું એટલે ધર્મપુત્રને થયું, 'અરે . . .! આજે મેં તેને જીવન જીવવાની તેની ખોટી રીત વિષે કાંઈ પણ ન કહ્યું? આજે તે કંઈક સારા મિજાજમાં હોય એમ લાગ્યું. આજે તેણે મને મારી નાખવાની ધમકી પણ ન આપી. કદાચ હવે તે તેનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર થાય એવું પણ બને.'

આમ વિચારી તેણે જરા દૂર નીકળી ગયેલા લુટારાને તે સાંભળી શકે તેટલે મોટેથી બૂમ મારી કહ્યું, 'હજુય તારે તારાં પાપ માટે પ્રાયશ્ચિત્ત કરવું પડશે. ભગવાનના દરબારમાંથી તું એમ ને એમ છટકી જાય એવું નહીં બને.'

લુટારાએ ઘોડો પાછો વાળ્યો અને કમરપટામાંનું ખંજર ખેંચી કાઢી તે ધર્મપુત્ર તરફ ધસી આવ્યો. ધર્મપુત્ર ચેતી ગયો અને લુટારો તેને પકડી પાડે તે પહેલાં તે ઊંડા જંગલમાં નાસી ગયો.

લુટારાએ તેનો પીછો ન કરતાં તેને નાસી જવા દીધો અને કહ્યું, 'આની સાથે બીજી વખત તને જીવતો

જવા દઉં છું. પણ બુઢ્ઢા, એક વાત યાદ રાખજે. હવે પછી જો મારા માર્ગમાં આવીશ તો તને જીવતો નહીં છોડું.'

આમ કહી, લુટારો ત્યાંથી ચાલી ગયો. તે રાત્રે ધર્મપુત્ર પેલાં ત્રણ ઠૂંઠાંને પાણી પાવા ગયો ત્યારે ત્રણમાંનું એક ઠૂંઠું જમીનમાં ઊતરી ગયું હતું! તેની જગ્યાએ એક સફરજનનો છોડ ઊગ્યો હતો.

## ૧૨

બધાથી દૂર ચાલ્યા જઈ ધર્મપુત્રે એકાંતમાં એકલવાયું જીવન જીવવા માંડયું. આમ જીવતાં જ્યારે તેની પાસેના રોટલા ખલાસ થઈ ગયા ત્યારે તેને થયું, 'હવે મારે ખાઈ શકાય તેવાં કેટલાંક કંદમૂળ શોધી કાઢવાં જોઈએ.' આમ વિચારી, કંદમૂળની શોધમાં તે બહાર નીકળ્યો ત્યાં તેણે એક ઝાડ પર એક પોટલું લટકતું જોયું. આ પોટલામાં રોટલા બાંધેલા હતા. ધર્મપુત્રે એ પોટલું ઉતારી લીધું અને તેમાંના રોટલા ચાલ્યા ત્યાં સુધી તેના પર નભાવ્યું.

એ રોટલા પૂરા થઈ ગયા અને તે ફરી વાર કંદમૂળની શોધમાં નીકળ્યો ત્યારે પણ તેણે એ જ ઝાડ પર અને એ જ જગ્યાએ રોટલાનું પોટલું લટકતું જોયું. આમ તેના રોટલાનો સવાલ હલ થઈ ગયો. તેનું જીવન સરળતાથી ચાલવા લાગ્યું. પણ પેલા લુટારાનો ડર હજુ તેના મનમાંથી ગયો નહોતો. 'હું મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરી લઉં તે પહેલાં જ એ મને પૂરો કરી નાખે એવું પણ બને,' એમ વિચારી તે ઘોડાના દાબડા સંભળાતા ત્યારે સંતાઈ જતો.

આમ ને આમ બીજાં દસ વરસ પસાર થઈ ગયાં. જે એક સફરજનનો છોડ ઊગ્યો હતો તે ધીમે ધીમે મોટો થતો ગયો, પણ તે સિવાયનાં બે ઠૂંઠાં હજુ જેવાં હતાં તેવાં ને તેવાં હતાં.

એક સવારે ધર્મપુત્ર ઊઠયો અને તેના રોજિંદા કામમાં લાગી ગયો. તેણે સફરજનના ઝાડને તથા બાકીનાં પેલાં બે ઠૂંઠાની આસપાસની જમીનને ગોડીને સાફ કરી નાખી. આટલું કરતાં તે થાકી ગયો અને આરામ કરવા બેઠો. તે આરામ કરતો હતો ત્યાં તેને થયું: 'મેં પાપ કર્યાં છે અને હવે મને મૃત્યુનો ડર લાગે છે. પરમાત્માની એવી ઇચ્છા હોય કે મારા મૃત્યુથી જ મારાં બધાં પાપનો અંત આવે એવું પણ બને.'

તેના મનમાં આ વિચાર ચાલતો હતો તે જ વખતે તેણે લુટારાના ઘોડાના દાબડા સાંભળ્યા. તે કંઈક બબડાટ કરતો કરતો આવતો હતો. ધર્મપુત્રે આ સાંભળ્યું અને તેને થયું, 'આનાથી ડરવાને કંઈ કારણ નથી. ઈશ્વર સિવાય કોઈ મારું ભલું યા બૂરું કરી શકવાનું નથી.'

આમ વિચારી તે સામે ચાલીને લુટારા પાસે ગયો. તેણે જોયું તો ઘોડા પર લુટારુ એકલો નહોતો. ઘોડાના જીન પર લુટારાની પાછળ એક બીજો માણસ બેઠેલો હતો. એ માણસના મોઢામાં ડૂચા મારીને એનું મોં તથા હાથપગ મુશ્કેટાટ બાંધી દીધેલાં હતાં. એ માણસ કશું જ કરતો નહોતો તોય લુટારુ તેને છેડયા જ કરતો હતો. વચ્ચે વચ્ચે મારતો પણ ખરો.



'તું આ માણસને ક્યાં લઈ જાય છે?' ધર્મપુત્રે પૂછ્યું

'તું આ માણુસને ક્યાં લઈ જાય છે?' ધર્મપુત્રે લુટારાને પૂછ્યું.

'એને હું જંગલમાં લઈ જાઉં છું. એ એક મોટા વેપારીનો દીકરો છે અને તેના બાપે તેનું ધન ક્યાં છુપાવ્યું છે તે એ મને કહેતો નથી. જંગલમાં લઈ જઈ હું તેને ચાબખે ચાબખે માર મારવાનો છું. તે મને જ્યાં સુધી તેના બાપે ધન ક્યાં છુપાવ્યું છે તે નહીં કહે ત્યાં સુધી તેને બરાબર ફટકારીશ.'

આમ કહી લુટારાએ ધીમા પાડેલા ઘોડાને ઝડપથી હંકારવા માટે પગની એડી મારી, પણ ધર્મપુત્રે આગળ આવી ઘોડાની લગામ પકડી લઈ તેને રોકી લીધો.

'આ માણુસને છોડી મૂક.' તેણે લુટારુને કહ્યું.

આ સાંભળી લુટારો ગરમ થઈ ગયો અને હાથ ઉગામી કહ્યું, 'આ માણુસને જે મળવાનું છે તેનો સ્વાદ તારે પણ ચાખવો છે? ફરી વાર મારા માર્ગમાં આવ્યો તો તને જાનથી મારી નાખવાની વાત મેં તને કરેલી તે યાદ છે ને?'

ધર્મપુત્ર આનાથી જરાય ગભરાયો નહીં અને તેણે મક્કમતાથી કહ્યું, 'તારે અહીંથી આગળ જવાનું નથી. મને તારી બીક લાગતી નથી. મને ઈશ્વર સિવાય બીજા કોઈનો ડર નથી. અને ઈશ્વરની ઇચ્છા એવી છે કે મારે તને રોકવો જોઈએ. આ માણુસને છોડી મૂક.'

ધર્મપુત્રની આ અડગ વાત સાંભળી લુટારો ઢીલો પડચો. તેણે કમરપટામાંથી ખંજર કાઢી પેલા વેપારીના

છોકરાનાં બંધનો કાપી નાખ્યાં. વેપારીનો છોકરો મુક્ત થઈ ગયો.

'તમે બન્ને અહીંથી ચાલ્યા જાઓ અને ફરી કદી મારા માર્ગમાં ન આવી જાઓ તેની કાળજી રાખજો.'

વેપારીનો છોકરો તો ઘોડા પરથી કૂદીને ત્યાંથી નાસી છૂટ્યો. લુટારાની ઇચ્છા પણ વધુ ન રોકાતાં ત્યાંથી ચાલ્યા જવાની હતી. પણ ધર્મપુત્રે તેને ફરીથી અટકાવ્યો. તેણે ફરીથી લુટારાને તેનો આ ખોટો ધંધો બંધ કરી દેવાની સલાહ આપી. લુટારાએ આ વખતે તેની વાત શાંતિથી સાંભળી. પછી ઘોડા પર બેસી ત્યાંથી ચાલી ગયો. ધર્મપુત્રની વાત સામે તેણે એક અક્ષર પણ ન ઉચ્ચાર્યો.

બીજે દિવસે ધર્મપુત્ર પેલાં ઠૂંઠાંઓ પર પાણી રેડવા ગયો. અને તેણે શું જોયું? બાકીનાં બે ઠૂંઠાંમાંથી એક અદૃશ્ય થઈ ગયું હતું. તેની જગ્યાએ સફરજનનો બીજો છોડ ઊગી નીકળ્યો હતો.

## ૧૩

બીજાં દસ વરસ પસાર થઈ ગયાં.

એક દિવસની વાત છે. ધર્મપુત્ર શાંતિથી બેઠો હતો. તેને હવે કશાની ઇચ્છા નહોતી, કશાનો ડર નહોતો અને તેનું હૃદય આનંદથી ભરેલું હતું.

તેને થયું, 'ઈશ્વરે મનુષ્ય પર કેવી અસીમ કૃપા વરસાવી છે? અને આમ છતાં મનુષ્યો કશા કારણ વગર દુ:ખી થાય છે. તેને શાંતિથી જીવન જીવવામાં શું આડું આવે છે તે સમજાતું નથી.'

મનુષ્યમાં પડેલાં તમામ અશુભ તત્ત્વોને અને મનુષ્ય જાતે કરીને જે દુઃખ વહોરી લે છે તે યાદ કરતાં તેનું હૃદય ભરાઈ આવ્યું.

'હું આજે જે રીતે રહું છું તે જ રીતે રહ્યા કરવું બરાબર નથી. હું જે કંઈ શીખ્યો છું તે મારે બીજાઓને પણ શીખવવું જોઈએ.'

ધર્મપુત્રના મનમાં ઉપર મુજબનો વિચાર ચાલતો હતો તે જ વખતે પાછા પેલા લુટારાના ઘોડાના દાબડા સંભળાયા. અવાજ ધીમે ધીમે નજીક આવતો હતો. ધર્મપુત્રે તેને રોકવાનું માંડી વાળ્યું. તેને થયું, 'એની સાથે વાત કરવાથી કંઈ નીપજવાનું નથી. એ કંઈ સમજી શકે એમ નથી.'

તેને આવો વિચાર આવ્યો તો ખરો, પણ બીજી જ પળે તેણે વિચાર બદલ્યો. તે બહાર નીકળીને રસ્તા પર આવ્યો. તેણે જોયું તો ધીમી ગતિથી ચાલ્યો જતો ઘોડા પર બેઠેલો લુટારો દર વખતની જેમ દમામથી બેઠેલો નહોતો. તેની આંખ તેણે જમીન તરફ ઢાળી દીધેલી હતી. તે દુઃખી લાગતો હતો, તેને જોતાં જ ધર્મપુત્રને તેની દયા આવી ગઈ. તે દોડીને ઘોડા પાસે પહોંચી ગયો અને તેણે લુટારાને ઘૂંટણ આગળથી પકડી લઈ કહ્યું :

'ભાઈ, મારા વહાલા ભાઈ! તારા પોતાના આત્મા પર થોડી દયા ખા. તારામાં પણ ઈશ્વરી શક્તિ પડેલી છે. તું દુઃખી થાય છે, બીજાઓને રંજાડે છે, અને આમ ભવિષ્ય માટે તારાં પાપ અને દુઃખની ગઠડી મોટી ને મોટી કરતો જાય છે. ઈશ્વર હજુ પણ તારી ઉપર રહેમ રાખીને

બેઠો છે અને તેનો તને આશીર્વાદ છે. તારું જીવન તું આમ વેડફી ન નાખ. તારા જીવનને સન્માર્ગે વાળ.'

લુટારાને આ વાત ન ગમી એ તેના મોં પર દેખાઈ આવ્યું. 'મને એકલો છોડી દો' એમ કહી તેણે ત્યાંથી ચાલવા માંડયું.

પણ ધર્મપુત્રે તેને છોડયો નહીં. તેણે ઘોડા પર બેઠેલા લુટારાના પગ જોરથી પકડી લીધા. તેનું હૃદય ભરાઈ આવ્યું અને તેની આંખમાં આંસુ આવી ગયાં.

લુટારાએ તેની નજર ધર્મપુત્ર તરફ ફેરવી. તેણે ધર્મ-પુત્ર સામે જોયા જ કર્યું. તે ઘોડા પરથી નીચે ઊતર્યો અને ધર્મપુત્રને પગે પડયો!

'ડોસા . . . આખરે તેં મને જીતી લીધો. વીસ વરસ સુધી મેં તારો સામનો કર્યો પણ હવે તેં મારા હૃદય પર કબજો જમાવી દીધો છે. મારું જે કરવું હોય તે કર, કારણ મારી જાત પર હવે મારો કાબૂ રહ્યો નથી. પહેલી વખત તેં મને સાચી વાત સમજાવી ત્યારે મને ખૂબ ગુસ્સો ચડેલો, તેથી વિશેષ કાંઈ જ નહીં. પરંતુ જ્યારે તું ઝૂંપડી છોડી, લોકોથી દૂર જંગલમાં એકાંતમાં રહેવા ચાલી ગયો, ત્યારે તારા શબ્દોનો અર્થ મને સમજાયો. એ બધા તારી ભક્તિ કરે છે તથા તને ભેટસોગાદ આપે છે તેની તારે મન કંઈ કિંમત નથી તે હું જોઈ શકયો. તે દિવસથી તેં મારા મનમાં સ્થાન મેળવ્યું હતું. તારે માટે ઝાડ પર રોટલા પણ હું જ બાંધી જતો હતો.'

ધર્મપુત્રને પેલાં માજી ટેબલ સાફ કરતાં હતાં તે વાત યાદ આવી. તે માજીએ પહેલાં કપડાને ધોઈને બરાબર સાફ કરી નાખ્યું ત્યાર પછી જ તે ટેબલને બરાબર સાફ કરી શકયાં હતાં. તેવી જ રીતે ધર્મપુત્રે પોતાનું હૃદય સાફ કરી નાખ્યું ત્યાર પછી જ તે બીજાનું હૃદય ધોઈ તેને શુદ્ધ કરી શકયો.

લુટારાએ તેની વાત આગળ ચલાવી :

'જે દિવસે તેં મને એમ કહ્યું કે મને મૃત્યુનો ડર નથી . . . ઈશ્વર સિવાય કોઈનો ડર નથી, તે દિવસે મારો હૃદયપલટો થયો.'

પેલા ખેડૂતો લાકડાને ગોળાકારમાં વાળવા મથતા હતા તે વાત ધર્મપુત્રને યાદ આવી. લાકડાના એક છેડાને જે આડચ સાથે બાંધેલો હતો તે આડચ જ્યાં સુધી ઢીલી હતી ત્યાં સુધી તે ગોળ ગોળ ફર્યાં કરતી હતી અને લાકડું વાળી શકાતું નહોતું. તેવી જ રીતે ધર્મપુત્રે મૃત્યુનો ડર વિસારે મૂકી પોતાની શ્રદ્ધા ઈશ્વરમાં દૃઢ કરી નહીં ત્યાં સુધી તે લુટારાના પથ્થર જેવા હૃદયને પિગળાવી શકયો નહીં.

લુટારાનું હૃદય-પરિવર્તન થયેલું જોઈ ધર્મપુત્રના આનંદનો પાર ન રહ્યો. તે લુટારાને લઈને પેલાં ત્રણ ઠૂંઠાં પાસે પહોંચ્યો. ત્રણમાંથી બે ઠૂંઠાંની જગ્યાએ તો અગાઉ સફરજનના છોડ ઊગી ગયેલા હતા. આજે ત્રીજા ઠૂંઠાની જગ્યાએ પણ સફરજનના છોડના અંકુર ફૂટી નીકળ્યા હતા.

તાપણું સળગાવતી વખતે તાપણું પૂરેપૂરું સળગે તે પહેલાં તેમાં લીલાં લાકડાં નાખનાર ઢોર વેચનારા ધર્મપુત્રને

યાદ આવ્યા. અગ્નિ બરાબર સળગે પછી તેમાં નવાં લાકડાં ઉમેરવામાં આવે તો જ નવાં લાકડાં બરાબર સળગી શકે. ધર્મપુત્રના હૃદયમાં પણ લુટારુ માટેની દયાને। દીવો બરાબર પ્રગટ્યો ત્યાર પછી જ તે લુટારાના હૃદયને પાવનકારી જ્યોત આપી શક્યો.

ધર્મપુત્રને હવે પરમાનંદને। અનુભવ થયો હતો. તેણે તેનાં પાપનું પ્રાયશ્ચિત્ત પૂરું કર્યું હતું.

તેણે લુટારાને પોતાની આખી કથા કહી સંભળાવી. કથા પૂરી થતાં જ તેનો આત્મા આ સ્થૂળ દેહ છોડી ચાલ્યો ગયો. લુટારાએ તેની અંતિમક્રિયા પતાવી અને તે જગ્યાએ એક સમાધિ બનાવી.

તેનું જીવન પલટાઈ ગયું. તેણે લૂંટફાટ કરવાનું બંધ કરી જીવનને સન્માર્ગે વાળ્યું. સમાધિ પાસે રહી ત્યાં આવતા લોકોને ધર્મપુત્રનો ઉપદેશ આપવામાં તેણે બાકીની જિંદગી પૂરી કરી.

# પાપી અને પશ્ચાત્તાપ

એક માણસે તેની સિત્તેર વરસની જિંદગીમાં એકેય સારું કામ નહોતું કર્યું. સિત્તેર વરસ સુધી પાપની પોટલી બાંધી તે મરણપથારીએ પડ્યો. અત્યાર સુધી તેણે પાપી જિંદગી પર નજર સુધ્ધાં નહોતી નાખી. પણ જ્યારે અંતિમ ઘડી આવી પહોંચી ત્યારે તેણે પોતાની પાપી જિંદગી પર નજર નાખી ઈશ્વરને પ્રાર્થના કરી: ‘હે પ્રભુ! મને માફ

કર. તેં વધસ્તંભ પર ચડેલા ચોરોને માફી આપી છે. મને પણ માફ કર.'

તે આટલી પ્રાર્થના કરી રહ્યો કે તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. ઈશ્વર પ્રત્યેના પ્રેમ અને તેની દયામાં શ્રદ્ધા અનુભવતો અનુભવતો એ પાપાત્મા સ્વર્ગને દરવાજે પહોંચ્યો. પોતાને સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ મળવો જોઈએ એવી પ્રાર્થના કરતાં કરતાં તેણે સ્વર્ગનાં દ્વાર ખખડાવ્યાં.

દરવાજાની અંદરથી અવાજ આવ્યો :

'સ્વર્ગનાં દ્વાર કોણ ખખડાવી રહ્યું છે? એ માણસના પાપપુણ્યનો હિસાબ જોઈ કાઢો.'

સ્વર્ગના દરવાને એ માણસનું ખાતું જોઈ કહ્યું, 'તેણે આખી જિંદગી નર્યાં પાપ જ કર્યાં છે. તેની પુણ્યની બાજુ કોરી છે.'

દરવાજાની અંદરથી અવાજ આવ્યો :

'પાપીઓને સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ મળતો નથી, માટે આગળ જા.'

પાપાત્માએ કહ્યું : 'પ્રભુ! હું તારો અવાજ સાંભળું છું, પણ તને જોઈ શકતો નથી. તારું નામ પણ હું જાણતો નથી.'

'મારું નામ એપોસ્ટલ પિટર.' દરવાજાની અંદરથી અવાજ આવ્યો.

'તો હે પિટર! મારા પર દયા કર. માણસની નબળાઈઓ અને ઈશ્વરની દયાવૃત્તિને યાદ કર. તું તો ઈશુનો શિષ્ય હતો. તેં ઈશુને મોઢે જ તેમનો ઉપદેશ

સાંભળેલો છે. તને ઈશુનો સત્સંગ મળ્યો હતો. એ ઈશુનું ઉદાહરણ તારી સામે નથી? જ્યારે તેમનો આત્મા દુઃખ અને ગ્લાનિમાં હતો ત્યારે તેમણે તને જાગતા રહી પ્રાર્થના કરતા રહેવાનું ત્રણ વખત કહ્યું હતું. પણ તારી આંખો ભારે હોવાથી તું ઊંઘી ગયો હતો. તેમણે તને ત્રણ વખત ઊંઘતો પકડી પાડ્યો હતો. ભાઈ, તારી સરખામણીમાં હું તો સામાન્ય માણસ છું અને મેં પણ તારી જેમ જ ભૂલ કરી છે. તેં ઈશુને મરતાં સુધી વફાદાર રહેવાનું વચન આપ્યું હતું તે યાદ કર. આમ વચન આપ્યું હોવા છતાં તેં ત્રણ વખત તેનો ઇન્કાર કર્યો હતો. મારાથી પણ એવું જ થઈ ગયું છે. અને સવાર થઈ ગયા પછી તેં હૃદયાફાટ રુદન કરી પસ્તાવો કર્યો હતો. મેં પણ પશ્ચાત્તાપ કર્યો છે. તું મને સ્વર્ગમાં પ્રવેશ આપવાની ના પાડી શકે નહીં.'

આ સાંભળી સ્વર્ગના દરવાજા પાછળથી આવતો પિટરનો અવાજ શાંત થઈ ગયો.

પાપાત્માએ થોડા સમય પછી પોતાને સ્વર્ગમાં પ્રવેશ મળવો જોઈએ એવી પ્રાર્થના કરતાં કરતાં ફરી સ્વર્ગનાં દ્વાર ખખડાવ્યાં.

'કોણ બારણાં ખખડાવે છે? એનાં પાપપુણ્યનો હિસાબ તપાસી કાઢો.' દરવાજા પાછળથી નવો અવાજ આવ્યો.

સ્વર્ગના ચોકીદારે એ પાપાત્માએ જિંદગીભર કરેલાં પાપોનું બ્યાન વાંચી સંભળાવ્યું અને કહ્યું કે સિત્તેર વરસની જિંદગીમાં તેણે પુણ્યનું એકેય કામ કર્યું નથી.

દરવાજાની પાછળથી અવાજ આવ્યો :

'તો આગળ જાઓ. આવા પાપીઓને સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ મળતો નથી.'

પાપાત્માએ કહ્યું, 'પ્રભુ! હું તારો અવાજ સાંભળું છું, પણ તને જોઈ શકતો નથી, અને તારું નામ પણ જાણતો નથી.'

'મારું નામ ડેવિડ. રાજા અને પયગંબર.'

'તો રાજા ડેવિડ! મારા પર દયા કર. માણસની નબળાઈ અને ઈશ્વરની દયાવૃત્તિને યાદ કર. ઈશ્વરને તારા પર પ્રેમ હતો અને તેણે તને માણસોમાં ઊંચી પદવી આપી હતી. તારી પાસે કોઈ વાતની ખોટ નહોતી. રાજપાટ, માનપાન, ધનદોલત, સ્ત્રીઓ અને બાળકો, એ બધું તારી પાસે હતું. છતાં પણ તારા મકાનની છત ઉપરથી એક ગરીબ બાઈને તેં જોઈ અને તારામાં પાપે પ્રવેશ કર્યો. તેં ઉરિયાની પત્નીને લઈ લીધી અને તેને તલવારથી રહેંસી નાખ્યો. મેં પણ એવી જ ભૂલ કરી હતી. તેં પશ્ચાત્તાપ કર્યો હતો અને કહ્યું હતું, "આજ સુધીનાં મારાં બધાં પાપોનો એકરાર કરું છું." તે યાદ કર. મેં પણ પશ્ચાત્તાપ કર્યો છે. તું મને સ્વર્ગમાં પ્રવેશવા દેવાનો ઇન્કાર કરી શકે નહીં.'

દરવાજાની પાછળથી આવતો રાજા ડેવિડનો અવાજ આ સાંભળી શાંત થઈ ગયો.

થોડા સમય પછી પાપાત્માએ ફરી પાછાં સ્વર્ગનાં દ્વાર ખખડાવવા માંડયાં અને પોતાને સ્વર્ગમાં પ્રવેશ મળવો

જોઈએ એવી પ્રાર્થના કરી. સ્વર્ગના દરવાજા પાછળથી ત્રીજો અવાજ સંભળાયો :

'આ માણુસ કોણુ છે? પૃથ્વીલોક પર તેણે કરેલાં પાપપુણ્યનો હિસાબ શું કહે છે?'

સ્વર્ગના ચોકીદારે ત્રીજી વખત એ પાપાત્માનાં પાપોની યાદી વાંચી સંભળાવી. પુણ્યની બાજુએ એકેય પુણ્ય નોંધાયું નથી તે પણુ જણાવ્યું.

દરવાજાની અંદરથી અવાજ આવ્યો : 'તો પછી અહીંથી ચાલ્યો જા.'

પાપાત્માએ કહ્યું, 'તારો અવાજ હું સાંભળી શકું છું, પણ હું તને જોઈ શકતો નથી કે તારું નામ પણ જાણુતો નથી.'

પેલાએ જવાબ આપ્યો, 'મારું નામ જૉન. ઈશુનો પ્રિય શિષ્ય.'

જૉનનું નામ સાંભળી પાપાત્મા ખુશ ખુશ થઈ ગયો. તેણે કહ્યું :

'હવે તો મને સ્વર્ગમાં પ્રવેશ મળશે જ મળશે. પિટર અને ડેવિડ માણુસની નબળાઈ અને ઈશ્વરની દયાને જાણે છે. તેમણે મને અંદર આવવાની રજા આપવી જ જોઈતી હતી. તું મને પ્રવેશ આપશે, કારણુ મનુષ્યની નબળાઈ અને ઈશ્વરની દયાવૃત્તિને તું સારી પેઠે જાણે છે. જૉન! ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. અને જે દયા નથી કરતો, જે પ્રેમ નથી કરતો, તે ઈશ્વરને નથી જાણુતો એમ તેં નહોતું લખ્યું? તારી પાછલી જિંદગીમાં, "ભાઈઓ, પરસ્પર

પ્રેમમય જીવન જીવો," એવું તેં નહોતું કહ્યું? તો પછી તું મને શી રીતે ધિક્કારી શકે? મને શી રીતે અંદર આવવાની ના પાડી શકે? કાં તો તેં જે કહ્યું છે તે તારે પાછું ખેંચી લેવું જોઈએ, અથવા તો મારા પર દયા બતાવી મને પ્રેમથી સ્વર્ગમાં પ્રવેશ આપવો જોઈએ.'

સ્વર્ગના દરવાજા ખૂલી ગયા. જોન એ પશ્ચાત્તાપ કરી પાવન થયેલા પાપાત્માને ભેટી પડયો અને તેણે તેને સ્વર્ગમાં લઈ લીધો.

# એસીરિયાનો રાજા : એસરેહોન

એસીરિયાના રાજા એસરેહોને લેઇલીને હરાવી તેનું રાજ જીતી લીધું. એ રાજ્યમાં આવેલાં બધાં ગામોને તેણે આગ લગાવી સળગાવી મૂકયાં તથા ગામલોકોને કેદ કરી ગુલામ બનાવી તે પોતાને ત્યાં લઈ ગયો. પકડાયેલા સૈનિકોને તેણે રહેંસી નાખ્યા, કેટલાક અધિકારીઓનો શિરચ્છેદ કર્યો અને કેટલાકની ચામડી ઉતારી લીધી. વધુમાં તેણે ખુદ રાજા લેઇલીને કેદ કરીને પાંજરામાં પૂરી દીધો.

એક રાતે રાજા એસરેહોન તેના ખાટલામાં પડયો પડયો રાજા લેઇલીને કેવી રીતે મારી નાખવો તેનો વિચાર કરતો હતો તેવામાં તેના પલંગ પાસે કંઈક ખખડાટ થયો. તેણે તે તરફ નજર ફેરવી તો ત્યાં એક લાંબી સફેદ દાઢી અને શાંત આંખોવાળો ડોસો તેની નજરે પડયો.

'તારે લેઇલીને મારી નાખવો છે?' તેણે રાજાને પૂછ્યું.

'હા, મારી તો નાખવો છે, પણ કેવી રીતે મારી નાખવો તે હું હજી નક્કી કરી શકતો નથી.' રાજાએ જવાબ આપ્યો.

'પણ તું જ લેઇલી છે.' પેલા વૃદ્ધે કહ્યું.

'એવું તે હોય? લેઇલી એ લેઇલી છે અને હું તે હું છું.'

વૃદ્ધે શાંતિથી કહ્યું, 'તું એવું ધારી લે છે કે તું લેઇલી નથી અને લેઇલી એ તું નથી. પરંતુ તમે બંને એક જ છો.'

'એટલે તમે શું કહેવા માગો છો?' રાજાએ પૂછ્યું. 'હું આ સુંદર મુલાયમ પથારી પર સૂતો છું. મારી સેવા-ચાકરી કરવા માટે અહીં જોઈએ તેટલાં દાસદાસીઓ હાજર છે, આજે હું મારા મિત્રો જોડે મિષ્ટાન્ન જમ્યો તેવી જ રીતે કાલે પણ જમવાનો છું. જ્યારે લેઇલી તો પીંજરામાં પુરાયેલા પંખીની જેમ પાંજરામાં કેદી થઈને પડ્યો છે. કાલે તેની ચામડી ઉતારી લેવામાં આવશે તથા તેનો વધ કરવામાં આવશે. તેની જીભ બહાર ખેંચાઈ આવશે અને મરતાં સુધી તે તરફડ્યા કરશે. ત્યાર પછી તેનો મૃતદેહ કૂતરાઓને સોંપી દેવામાં આવશે. કૂતરાઓ તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખશે.'

'એ ખરું, પણ તું એના જીવનને ખતમ નહીં કરી શકે.' પેલા વૃદ્ધે કહ્યું.

'અને મેં ચૌદ હજાર સૈનિકોને મારી નાખ્યા તેનું શું? તેમના મૃતદેહોનો તો હું મોટો ઢગલો કરી શકું એમ છું.

'હું હજુ જીવું છું, એ બધા મરી પરવાર્યા છે. તેમની હવે હસ્તી નથી. હું લેઇલીના જીવનને ખતમ કરી શકીશ તે બતાવવા આ પૂરતું નથી?'

'એ બધાની હસ્તી નથી એમ તું શા પરથી કહે છે?'

'કારણ હું તેમને જોતો નથી. અને વધુમાં તેમને ઘણી યાતના ભોગવવી પડી છે. જ્યારે મને તેમ થયું નથી. તેમને માટે એ બધું ખરાબ હતું, કષ્ટદાયી હતું, જ્યારે મારા માટે તે આનંદની વાત હતી.'

'આ બધું પણ ખરું નથી. તને એવું લાગે છે એટલું જ. આ બધું કહીને તું તેમને નહીં પણ તારી જાતને જ દુઃખી કરી રહ્યો છે, કષ્ટ આપી રહ્યો છે.' વૃદ્ધે કહ્યું.

રાજા વિચારમાં પડી ગયો અને તેણે કહ્યું, 'મને તમારી વાત સમજાતી નથી.'

'તારી સમજવાની ઇચ્છા છે ખરી?'

'હા, મારે સમજવું છે.'

'તો આમ આવ. આ તરફ જો.' પેલા વૃદ્ધે સામી દિશામાં આંગળી ચીંધી કહ્યું. રાજાએ જોયું તો ત્યાં એક મોટો હોજ હતો અને તે પાણીથી ભરેલો હતો.

રાજા ઊઠ્યો અને ચાલીને હોજ પાસે પહોંચી ગયો.

'તારાં કપડાં ઉતારી હોજની અંદર ઊતર.'

રાજા એસરેદ્દોન વૃદ્ધની આજ્ઞા પ્રમાણે કપડાં ઉતારી નાખી હોજમાં ઊતર્યો.

પેલા વૃદ્ધના હાથમાં એક કમંડળ હતું. હોજમાંથી કમંડળ ભરી લઈ તેણે રાજાને કહ્યું, 'જો, હું તારા માથા પર આ કમંડળમાંથી પાણી રેડવાનું શરૂ કરું તેની સાથે જ તારે હોજમાં ડૂબકી મારવી.'

રાજાએ તેમ કરવાની હા પાડી એટલે સાધુએ રાજાના માથા પર કમંડળ નમાવ્યું. કમંડળમાંથી પાણીની ધાર રાજાના માથા પર પડવી શરૂ થઈ કે તરત જ રાજાએ વાંકા વળી પાણીમાં ડૂબકી મારી.

અને રાજા એસરેદ્દોનનું માથું પાણીમાં ડૂબતાંની સાથે જ તેને લાગ્યું કે તે હવે રાજા એસરેદ્દોન રહ્યો નથી, પણ તે કોઈક બીજી જ વ્યક્તિ છે. પોતાને બીજો માણસ લાગતાંની સાથે જ તેણે પોતાની જાતને એક મોટા સુંવાળા પલંગ પર સૂતેલી જોઈ. તેની પાસે એક સુંદર સ્ત્રી બેઠી હતી. આ સ્ત્રીને તેણે અગાઉ ક્યારેય જોઈ નહોતી, પરંતુ એ તેની પત્ની હતી. તે સ્ત્રી ઊભી થઈ અને તેણે કહ્યું :

'પતિદેવ, લેઇલી! ગઈ કાલના કામના બોજાને કારણે તમે થાકી ગયા હતા તેથી તમે દરરોજના પ્રમાણ-માં આજે કંઈક વધારે ઊંઘ લીધી. તમને કોઈ ઉઠાડે નહીં તેથી હું તમારી દેખરેખ રાખતી ક્યારની અહીં બેસી રહી છું. પણ બહાર મુખ્ય ખંડમાં કુંવરો તમારી રાહ જોઈને બેઠા છે. તમે હવે તૈયાર થઈ ત્યાં જાઓ અને તેમને મળો.'

એ બાઈના આ શબ્દો સાંભળી રાજા એસરેદ્દોનને સમજાયું કે તે લેઇલી છે. આની તેને અગાઉથી ખબર કેમ

નહોતી એમ તેને થયું ખરું, પણ એથી તેને જરાય આશ્ચર્ય ન થયું. તે ઊઠ્યો, કપડાં પહેરી તૈયાર થયો, અને રાજમહેલના મુખ્ય ખંડમાં પહોંચી ગયો. ત્યાં રાજકુંવરો તેની રાહ જોતા બેઠા હતા.

કુંવરોએ રાજા આવતાંની સાથે જ તેને ઝૂકીને નમન કર્યા પછી રાજાની સૂચનાથી પોતપોતાનું સ્થાન લીધું. સૌની સામેના આસન પર રાજા બેઠો. સૌ બેસી ગયા પછી પાટવી કુંવરે કહ્યું, 'મહારાજા લેઇલી! આપણા દુશ્મન દુષ્ટ રાજા એસરેદ્દોનનાં અપમાનો સહન કરવાની પણ હદ હોય. હવે એ અપમાનો સહી લેવાનું અમારે માટે શક્ય નથી. આપણે તેની સાથે લડી લેવું જોઈએ,' પરંતુ લેઇલી આ વાત સાથે સમંત થયો નહીં. તેણે રાજા એસરેદ્દોન સાથે લડવા કરતાં સુલેહ અને વાટાઘાટોથી કામ પતાવવું સલાહભર્યું માન્યું. એસરેદ્દોને કરેલાં અપમાનો સામે વિરોધ દર્શાવવા માટે એક દૂતને ત્યાં મોકલવાનો હુકમ આપી તેણે કુંવરો સાથેની કામગીરી પૂરી કરી. ત્યાર પછી તેણે એસરેદ્દોનના રાજ્યમાં કામગીરી કરવા માટે એક એલચીની અને તેના સહાયકોની નિમણૂક કરી તથા રાજા એસરેદ્દોનને તેમણે શું કહેવું તેની સમજ પાડી. આ કામ પતાવીને મૂળ રાજા એસરેદ્દોન, (જે અત્યારે પોતે પોતાને રાજા લેઇલી માનતો હતો) જંગલી ગધેડાનો શિકાર કરવા માટે ઘોડો લઈ જંગલમાં પહોંચી ગયો. શિકારમાં તેને ધારી સફળતા મળી. તેણે જાતે બે જંગલી ગધેડાંનો શિકાર કર્યો અને રાજમહેલમાં પાછા ફરી પોતાના મિત્રો સાથે

જાફત ઉડાવી. જાફત પછી ગુલામ છોકરીઓએ નૃત્યનો કાર્યક્રમ રજૂ કર્યો, તે તેણે જોયો.

બીજે દિવસે ન્યાયાલયમાં કામગીરી બજાવવાની હતી. ત્યાં અરજદારો, દાવો કરનારા કેદીઓ વગેરે પર કામ ચલાવવાનું હતું. રાજાએ તેની સામે જે દાવાઓ અને મુકદ્દમાઓ આવ્યા તે ચલાવ્યા તથા તે અંગે પોતાનો નિર્ણય આપ્યો. આ કામ પતાવી તે પાછો પોતાના શોખના કામે, શિકાર માટે, નીકળી પડ્યો. આજે તેને શિકારમાં જરા વધારે આનંદ આવ્યો. તેણે એક ઘરડી સિંહણનો શિકાર કરી તેનાં બે નાનાં બચ્ચાં જીવતાં પકડી લીધાં. શિકાર પછી તેણે આજેય પોતાના મિત્રો સાથે જાફત ઉડાવી. પાછો નાચગાનનો કાર્યક્રમ રજૂ થયો.

આ રીતે રાજ્યની ફરજ બજાવવામાં તથા મોજમજા કરવામાં તેણે પોતાનો સમય વહેંચી નાખ્યો. આમ ને આમ ઘણા દિવસો પસાર થઈ ગયા. રાજા લેઇલી, (જે ખરેખર, એસરેદ્દોન જ હતો) પોતે મોકલેલા દૂત રાજા એસરેદ્દોન પાસેથી શા સમાચાર લાવે છે તેની રાહ જોતો હતો. લગભગ મહિનો થઈ ગયો ત્યારે રાજાએ મોકલેલા દૂત પાછા આવ્યા. તેમનાં નાક તથા કાન કાપી નાખવામાં આવ્યાં હતાં.

વધુમાં એસરેદ્દોને દૂતો સાથે કહેવડાવ્યું હતું કે જો રાજા લેઇલી તેનું આધિપત્ય સ્વીકારી તેને ખંડણી પેટે સોનું, રૂપું, ચાંદી, ઝવેરાત વગેરે નહીં આપી જાય તથા દર વરસે આવી ખંડણી આપવાનું નહીં કબૂલે તો તેની પણ આવી જ દશા થશે—તેનાં નાકકાન પણ રાજા એસરેદ્દોન કાપી લેશે.

લેઇલીએ (જે મૂળે એસરેદ્દોન જ હતો) ફરી કુંવરોને ભેગા કર્યા. તેમની જોડે શું કરવું તેની ચર્ચા કરી. બધાએ એક અવાજે કહ્યું: હવે રાહ જોવાનો અર્થ નથી. રાજા એસરેદ્દોન આપણી પર ચડી આવે તે પહેલાં આપણે તેની પર ચડાઈ કરવી જોઈએ. રાજા લેઇલીએ એ વાત મંજૂર રાખી. તેણે સૈન્યની આગેવાની લીધી. તેનું સૈન્ય લડાઈ માટે ચાલી નીકળ્યું. રાજા જાતે દરરોજ આખા સૈન્યમાં ફરી તેના સૈનિકોને જુસ્સાભેર લડવાનું છે એમ કહી તૈયાર કરતો હતો. સૈનિકો પણ જુસ્સાભેર લડાઈની રાહ જોતા આગળ વધતા હતા. આવું સાત દિવસ ચાલ્યું. આઠમે દિવસે તેઓ એક ખીણમાં આવી પહોંચ્યા. ખીણ ખાસી પહોળી હતી તથા તેના તટમાં એક નદી વહેતી હતી. આ ખીણમાં રાજા લેઇલી તથા એસરેદ્દોનનાં લશ્કર સામસામે મળ્યાં. લેઇલીનું લશ્કર ખૂબ જ જુસ્સાભેર લડતું હતું, પરંતુ રાજા લેઇલીએ જોયું કે એસ-રેદ્દોનનું ઘણું મોટું સૈન્ય ડુંગરા ઉપરથી ખીણમાં ઝડપભેર ધસી આવતું હતું. લેઇલીનું સૈન્ય પ્રમાણમાં ઘણું નાનું હતું. કીડી પર કટક છોડી મૂક્યા જેવી સ્થિતિ હતી. એસરેદ્દોનના સૈન્યે લેઇલીના સૈન્યને બરાબર સકંજામાં લીધું હતું અને લેઇલીનું સૈન્ય પાછું પડતું હતું. લેઇલીથી આ જોયું ન ગયું. તે ઉઘાડી તલવારે રથમાંથી કૂદી પડ્યો. તેણે દુશ્મનના સૈનિકો-નાં માથાં ધડથી જુદાં કરવા માંડ્યાં. પણ તેટલાથી શું વળે? લેઇલી કરતાં એસરેદ્દોનનું સૈન્ય દસ ગણું મોટું હતું. આખરે લેઇલી ઘવાયો. દુશ્મનના સૈનિકોએ તેને પકડી લીધો. નવ દિવસ સુધી તેને બીજા કેદીઓની સાથે,

એસરેદ્દોનના સૈનિકોના પહેરા નીચે, ચાલવું પડયું. દસમે દિવસે તેઓ નિનેવ આવી પહોંચ્યા. ત્યાં તેને એક પાંજરામાં પૂરી દેવામાં આવ્યો. તેને ભૂખ લાગી હતી, તે થાકેલો હતો, છતાં તેનું તેને દુઃખ નહોતું. પરંતુ તે જે અસહાય પરિસ્થિતિમાં મુકાયો હતો તેને લીધે તે ઊંચું જોઈ શકતો નહોતો, અને એનું તેને ભારે દુઃખ હતું. તે જે સહન કરી રહ્યો હતો તેનો બદલો લેવા માટે તેનાથી કંઈ થઈ શકે એમ નથી તે વાત તેને ખૂંચ્યા કરતી હતી. એક વાત તેના હાથમાં હતી: તેને જે કંઈ પજવણી કરવામાં આવે તેનાથી જરાય દુઃખી થયા વગર જો તે મુશ્કેલીઓ સહી લે તો દુશ્મનો તેને દુઃખી થતો જોઈને આનંદ ન માણી શકે. તેથી જે કંઈ પજવણી થાય તેને ધીરજ અને હિંમતપૂર્વક સહી લેવાનું તથા તેનું જરાય દુઃખ ન લગાડવાનું તેણે નક્કી કર્યું. વીસ દિવસ સુધી તે પાંજરામાં મોતની રાહ જોતો બેસી રહ્યો. તેની આંખ સામેથી જ તેના મિત્રો તથા તેનાં સગાંવહાલાંને લઈ જવામાં આવતાં હતાં. તેમને માર મારવામાં આવતો તે વખતના તેમના ચિત્કાર પણ તેને સંભળાતા હતા. તેની આંખો સામે કેટલાકના હાથપગ કાપી નાખવામાં આવતા હતા. કેટલાકની જીવતા ને જીવતા ચામડી ઉતરડી લેવામાં આવતી હતી. આ બધું જોવા છતાં તેણે તેના મોં પર દુઃખની લકીર સુદ્ધાં ન વરતાવા દીધી. તેની રાણીને બે કંચુકીઓ બાંધીને લઈ ગયા. તેને હવે એસરેદ્દોન દાસી બનાવી દેશે તે લેઇલી જાણતો હતો. આ દુઃખ પણ તે ગળી ગયો. પરંતુ તેના પાંજરાની ચોકી કરતા

એક સૈનિકે જ્યારે તેને કહ્યું કે, 'લેઇલી, તારી મને દયા આવે છે. તું એક રાજ્યનો રાજા હતો, અને અત્યારે તારી દશા કેવી છે?' ત્યારે તેને ખૂબ લાગી આવ્યું. ચોકી કરનારના આ શબ્દો લેઇલીના હૃદયમાં સોંસરા ઊતરી ગયા. તે બધું ગુમાવી બેઠો છે એ વિચારે તેને ગાંડા જેવો કરી મૂક્યો. માથું ફોડીને મરી જવા માટે તેણે પાંજરાના સળિયા પર જોરજોરથી માથું પછાડવા માંડ્યું. પણ એમ માથું પછાડચે લોખંડી સળિયા થોડા જ તૂટવાના હતા? તે નિરાશ થઈ ગયો અને નિસાસો નાખી પાંજરામાં ઢળી પડ્યો.

આખરે બે મારાઓ આવી પહોંચ્યા અને તેમણે પાંજરાનું બારણું ખોલ્યું. લેઇલીના બંને હાથ પાછળ રાખીને બાંધી દેવામાં આવ્યા. મારાઓ તેને ફાંસી આપવાની જગ્યાએ દોરી ગયા. એ જગ્યાએ જ્યાંત્યાં લોહી રેડાયેલું હતું. એ નાનકડા મેદાનની બરાબર મધ્યમાં ઉપરથી અણી-દાર એવો વધસ્તંભ રોપેલો હતો. સ્તંભની અણી પરથી લોહી ટપકતું હતું. હમણાં થોડા વખત પર જ લેઇલીના એક સાથી-દારને આ સ્તંભ પર ચડાવી મારી મારીને પૂરો કરવામાં આવ્યો હતો. લેઇલી સમજી ગયો કે તેને પણ આ સ્તંભ પર જ ચડાવવામાં આવશે. મારાઓએ લેઇલીના શરીર પરથી કપડાં ઉતારી કાઢ્યાં. એક વખતના મજબૂત સુડોળ દેહને વળી ગયેલો જોઈ લેઇલીને ધ્રુજારી આવી ગઈ. મારાઓએ તેને જાંઘ આગળથી પકડીને ઊંચો કર્યો. તેઓ તેને વધસ્તંભ પર ચડાવી દેવાની તૈયારીમાં હતા.

રાજા લેઇલીએ તેને જે કંઈ કરવામાં આવે તેને હિંમત અને ધીરજથી સહી લેવાનું નક્કી કર્યું હતું તેને મારાઓએ વધસ્તંભ પર ચડાવવા માટે ઊંચક્યો ત્યાં સુધી એ વાતને તે વળગી રહ્યો. પણ હવે તેને થયું, 'અરે! આ તો મોત આવ્યું! જિંદગીનો છેડો!' આ વિચાર આવતાં જ તેની હિંમત ભાંગી ગઈ. તે નિસાસા નાખી દયાની માગણી કરવા લાગ્યો. પરંતુ તેની આ માગણી તરફ કોઈએ ધ્યાન આપ્યું નહીં.

'ના, આ બની શકે એમ નથી. હું ઊંઘી ગયો છું અને મને સપનું આવ્યું હોય એમ લાગે છે' એમ તેને થયું. આમ વિચારી તેણે ઊઠવાનો પ્રયત્ન કરી જોયો. તે ઊઠ્યો પણ ખરો. પણ આ શું? તે ન તો એસરેદ્દોન હતો કે ન તો લેઇલી! તે એક ચોપગું પ્રાણી બની ગયો હતો. તે આમ એકાએક પ્રાણી બની ગયો, અને આની તેને પહેલેથી ખબર સુધ્ધાં નહોતી, તેથી તેને ખૂબ આશ્ચર્ય થયું. હવે ગધેડાના સ્વરૂપમાં રાજા એસરેદ્દોન એક ખીણમાં કૂણું ઘાસ ચરતો હતો. તેના શરીર પર બેસતાં જીવડાં તથા માખીઓ ઉડાડવા માટે તે પોતાની લાંબી પૂંછડી હવામાં આમથી તેમ વીંઝતો હતો. તેની બાજુમાં એક લાંબા પાતળા પગવાળું, ભૂખરા રંગનું ખોલકું ઊભું હતું. ખોલકું પાછલા પગે ઠેકડા મારી કૂદતું કૂદતું રાજા એસરેદ્દોનની (જે અત્યારે જંગલી ગધેડીના રૂપમાં હતો) પાસે આવ્યું અને તેના પેટમાં પોતાનું નાનું મોં ખોસી આંચળ ખોળવા લાગ્યું. આંચળ જડી જતાં જ તે શાંત થઈ ગયું અને કૂદાકૂદ કરવાનું બંધ કરી શાંતિથી

ધાવવા લાગ્યું. એસરેદ્દોન સમજી ગયો કે તેને ગધેડાનો અવતાર મળેલો છે. તે આ ખોલકાની મા છે. પણ આનાથી તેને નવાઈ ન લાગી કે દુ:ખ પણ ન થયું. ઊલટાનું આનંદ જેવું લાગ્યું. તેણે પોતાનામાં તથા પોતાના બાળકમાં એક સરખા જીવનના અનુભવની લાગણી અનુભવી. માતાના મનમાં જે લાગણી ભરેલી હોય છે તેનો તેને અનુભવ થયો.

પણ તેવામાં ત્યાં સડસડાટ કરતું એક તીર આવ્યું અને તેના પડખામાં જોરથી વાગ્યું. તીરની અણી ચામડી અને માંસ વીંધીને પેટમાં ઊતરી ગઈ. એસરેદ્દોને (જે તે વખતે ગધેડીના રૂપમાં હતો) ધાવતા વછેરાના મોંમાંથી આંચળ ખેંચી કાઢી બાજુમાં ચરતા ગધેડાંના ટોળા તરફ ભાગવા માંડ્યું. ખોલકાએ પણ તેની પાછળ કૂદકા મારતાં મારતાં ભાગવા માંડ્યું. તે બંને ટોળા પાસે પહોંચે તે દરમિયાનમાં ટોળાએ પણ ભાગવા માંડ્યું હતું. એવામાં એક બીજું તીર સુસવાટાભેર આવ્યું અને ખોલકાના ગળામાં વાગ્યું. તીર ચામડીને વીંધીને ઊંડું ઊતરી ગયું તથા ગળામાં લટકી હાલવા લાગ્યું. ખોલકું દુ:ખની ચિચિયારી પાડી ગળું આમતેમ હલાવતું ઢળી પડ્યું. એસરેદ્દોન (ખોલકાની મા) તેને છોડીને શી રીતે ભાગી જાય! તે પણ ત્યાં જ ઊભો રહ્યો. ખોલકું ઊભું થવા મથતું હતું, ઊભું થયુંય ખરું, પણ તેના લાંબા પગ ધ્રૂજતા હતા. તે ફરી ઢળી પડ્યું. એક ભયાનક લાગતું બેપગું પ્રાણી (શિકારી) આવ્યું અને તેણે ખોલકાની ધોરી નસ કાપી નાખી.

'આવું ન બની શકે. હજુ હું સ્વપ્ન જોતો હોઉં એવું લાગે છે.' એમ વિચારીને એસરેદ્દોને માથું ઊંચું કરી જોયું. હું રાજા લેઇલી નથી, તેમ જ આ ખોલકાની મા પણ નથી, હું રાજા એસરેદ્દોન છું.'

તેણે જોરથી માથું ઊંચું કર્યું અને તેણે જે હોજમાં ડૂબકી મારી હતી તેમાંથી તેનું માથું બહાર નીકળ્યું. . .

તેની પાસે પેલો ઘરડો સાધુ ઊભો હતો તે પોતાના કમંડળમાંથી રાજા એસરેદ્દોનના માથા પર પાણી રેડતો હતો. કમંડળમાં પાણી પૂરું થવા આવ્યું હતું.

'અરે. . . .હું કેવી ભયાનક યાતના સહન કરી આવ્યો! અને તેય કેટલા લાંબા વખત સુધી!'

તેના મૂળ સ્વરૂપમાં આવી ગયેલા એસરેદ્દોનને પેલા સાધુએ કહ્યું:

'કેટલા લાંબા સમય સુધી? એવું તે હોય? તેં તો માત્ર આ હોજમાં ડૂબકી મારી તારું માથું પાછું બહાર કાઢયું એટલી જ વાર થઈ છે. જો તો ખરો, મારા કમંડળ-માંથી મેં તારા માથા પર પાણી રેડવા માંડેલું તે કમંડળ હજુ અત્યારે ખાલી થાય છે. હવે કંઈ સમજાય છે?'

રાજા એસરેદ્દોન કાંઈ બોલ્યો નહીં. તેણે પેલા સાધુ તરફ એક નજર ફેંકી. તેની નજરમાં ભય ચોખ્ખો વરતાતો હતો.

'હવે કંઈ સમજ પડી?' સાધુએ ફરી પાછું પૂછ્યું : 'તું જ લેઇલી પણ છે, તથા તેં જે યોદ્ધાઓને મારી નાખ્યા તે પણ તું જ છે. એ વાત હવે સમજાય છે? માત્ર યોદ્ધા જ નહીં, શિકાર કરવા જતાં જે પ્રાણીઓને તું મારી નાખે છે, તથા જેના માંસની તું તારા મિત્રો સાથે જાફત ઉડાવે છે, તે પ્રાણીઓ પણ તું જ છે, એ હવે તને સમજાય છે?

'તું એમ માનતો હતો કે માત્ર તારામાં જ ચૈતન્યનો વાસ છે. પણ મેં તારો એ ભ્રમ ભાંગ્યો છે. તે માટે તારી ચામડાની આંખે ન દેખાય તે બધું મેં અંતરની આંખ ખોલીને તને બતાવ્યું છે. બીજાનું બૂરું કરવાથી તું તારી જાતનું જ અકલ્યાણ કરી રહ્યો છે તે તું જોઈ શકયો છે. તેં જોયું કે બધાં પ્રાણીઓમાં એક જ ચેતના ધબકે છે. આ સામાન્ય ચેતનાનો એક ભાગ, એક અંશ, તારામાં પણ છે. હવે જીવનનો જે અંશ તને મળેલો છે, અથવા જે તારો છે, તેને વધારીને યા ઘટાડીને, તેને ઉપર લાવીને યા ડુબાડીને, તું તારું જીવન સારું યા નરસું બનાવી શકે છે. તારા જીવનને સુધારવાનો એક જ માર્ગ છે : બીજાના જીવનથી તારા જીવનને જુદું પાડતાં જે તત્ત્વો છે, બીજાના જીવન અને તારા જીવન વચ્ચે જે આડચો, છે, તેને દૂર કરવી, તેનો નાશ કરવો. બીજાઓને પણ તારા જેવા જ માનવા અને તેમની સાથે પ્રેમભર્યો સંબંધ સ્થાપવો. આમ કરીને તારામાં જે જીવનતત્ત્વ છે, સામાન્ય જીવનનો જ જે ભાગ તને મળ્યો છે, તેને તું વધારી શકીશ. તું જ્યારે

તારા પોતાના જ જીવનનો વિચાર કરે છે અને બીજાના જીવનને ભોગે તારા સુખને વધારવાનો વિચાર કરે છે ત્યારે તું તારામાં રહેલા જીવનતત્ત્વને હાનિ પહોંચાડે છે. આમ કરવાથી તું જીવન ઘટાડે છે.

'બીજાઓમાં વસતા જીવનનો નાશ કરવો એ તારા અધિકારની વસ્તુ નથી. જેમના જીવનને રહેંસી નાખી તેમના જીવનનો અંત આણ્યો છે એમ તું માને છે તેઓ તારી આંખ સામેથી ભલે અદૃશ્ય થઈ ગયા, પણ તેમના જીવનનો અંત આવ્યો નથી. તારો વિચાર તેમનું જીવન ટૂંકાવીને તારું જીવન લંબાવવાનો છે. પરંતુ એ તું કરી શકે તેમ નથી. જીવનને કાળ કે સ્થળની મર્યાદા નથી. એક ક્ષણનું જીવન કે હજારો વરસનું જીવન, તારું જીવન તથા આ સૃષ્ટિમાં વસતા હજારો દૃશ્ય અને અદૃશ્ય જીવોનું જીવન, એકસરખું જ છે. જીવનનો નાશ કરવો કે તેને નવું સ્વરૂપ આપવું એ કદાપિ શક્ય નથી. કારણ, જીવન એક સમગ્ર તત્ત્વ તરીકે અસ્તિત્વમાં છે. બાકીનું બધું તો આપણને એવું દેખાય છે એટલું જ.'

આટલું કહીને એ વૃદ્ધ સાધુ અદૃશ્ય થઈ ગયો.

બીજે દિવસે સવારે રાજા એસરહૅદોને લેઇલીને તથા તેની સાથે કેદ કરેલા બીજા સૈનિકોને છોડી મૂકવાનો અને તેમને મારી નાંખવાનું કામ બંધ કરવાનો હુકમ આપ્યો.

ત્રીજે દિવસે તેણે તેના દીકરા અસુર-બની-પાલને બોલાવી તેને રાજગાદી સોંપી દીધી. આમ કર્યા પછી

તેને મળેલા જ્ઞાન પર ચિંતન કરવા માટે તે રણમાં ચાલી નીકળ્યો. પાછળથી ગામેગામ ફરીને ત્યાંના લોકોને ધર્મોપદેશ આપવાનું કામ કર્યું. તેના ઉપદેશમાં તે લોકોને કહેતો કે દરેક જીવમાં રહેલું જીવનતત્ત્વ એક છે. અને જ્યારે માણસો બીજાઓને નુકસાન પહોંચાડવાનો વિચાર કરે છે કે ઇચ્છે છે, ત્યારે ખરેખર તો તેઓ પોતાનું જ બૂરું કરતા હોય છે — પોતાનું જ અકલ્યાણ કરતા હોય છે.